# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654





પેજ-08

'હંમેશા નશામા રહે છે':અજય દેવગનની દીકરીનો લથડિયા ખાતો વીડિયો વાઈરલ



પેજ-09

અમાદ ડાયલોની 12 મિનિટમાં હેટ્રિક, માન્ચેસ્ટર યુનાઈટેડનો 3-1થી વિજય






**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 29.00 | 18.00 |
| વડોદરા | 31.00 | 18.00 |
| સુરત | 32.00 | 20.00 |


પેજ 5 — H-1B વિઝામાં થયેલા ફેરફારોથી ભારતીય...



19 JANUARY-2025 SUNDAY





પેજ 10 — બાબા વેંગાને પણ ટક્કર આપી રહ્યો આ 38 વર્ષીય શખ્સ


**.....સુવિચાર.....**

'લોકોની ટીકાથી તમારો માર્ગ ન બદલતા કારણ કે,સફળતા શરમ થી નહીં સાહસથી જ મળશે!'






વર્ષ-14 । અંક-062 । વિક્રમ સંવત-2081 । પોષ સુદ-06 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


## મહાકુંભમાં બ્લાસ્ટની ધમકી: ઘાટથી પાણીની અંદર સુધી સર્ચ શરૂ...



(એજન્સી) પ્રયાગરાજ | તા.18

આજે મહાકુંભનો છઠ્ઠો દિવસ છે. અત્યાર સુધીમાં 7.5 કરોડથી વધુ શ્રદ્ધાળુઓએ સંગમમાં સ્નાન કર્યું છે. આજે રક્ષા મંત્રી રાજનાથ સિંહ પ્રયાગરાજ આવી ગયા છે. તેઓ અહીં સંગમમાં સ્નાન કર્યું. સેનાના અધિકારીઓ સાથે પણ બેઠક પણ કરી. સેક્ટર-18માં બોમ્બ હોવાની માહિતી મળતાં મોડીરાત સુધી પોલીસ અને સુરક્ષા એજન્સીઓ ચિંતિત રહી હતી. પોલીસ, ડોગ-સ્ક્વોડ અને બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડની ટીમોએ મહાકુંભના સેક્ટર-18 સહિતના વિસ્તારમાં સર્ચ-ઓપરેશન હાથ ધર્યું હતું, ક્યાંય કશું મળ્યું નહી. સફાઈ કામદારને બપોરે ફોન આવ્યો હતો કે સેક્ટર-18માં બોમ્બ છે.

## ▪ 100 લાખ કરોડથી વધુની આર્થિક કાર્યોનો માર્ગ ખુલ્યો : PM

# PM મોદીએ 65 લાખ પ્રોપર્ટી કાર્ડનું વિતરણ કર્યું

(એજન્સી) નવી દિલ્હી | તા.18

PM મોદીએ શનિવારે 10 રાજ્યો અને 2 કેન્દ્રશાસિત પ્રદેશોમાં માલિકીના 65 લાખ પ્રોપર્ટી કાર્ડનું વિતરણ કર્યું. પીએમ મોદી કાર્યક્રમમાં વર્ચ્યુઅલ રીતે જોડાયા હતા. કાર્યક્રમમાં સંબોધન કરતા પીએમ મોદીએ કહ્યું- આજનો દિવસ ગામડાઓની અર્થવ્યવસ્થા માટે મહત્વપૂર્ણ છે. આ યોજના 5 વર્ષ પહેલા શરૂ કરવામાં આવી હતી, જેથી ગામમાં રહેતા લોકોને તેમના ઘરના કાયદેસરના પુરાવા આપી શકાય. પીએમ મોદીએ કહ્યું- યોજના હેઠળ ગામના લગભગ 2.25 કરોડ લોકોને તેમના ઘરના કાનૂની દસ્તાવેજો મળ્યા છે. અગાઉ ગામના લોકો પાસે લાખો કરોડની મિલકત હોવા છતાં તેની કિંમત ન હતી. કારણ કે તેમની પાસે કાયદાકીય દસ્તાવેજો નહોતા. હવે 100 લાખ કરોડ રૂપિયાથી વધુની આર્થિક ગતિવિધિઓ માટે માર્ગ ખુલી ગયો છે. પહેલા ઘરની માલિકી બાબતે ઝઘડા થતા હતા. દબંગો તેના પર કબજો કરી લેતા હતા.કાનૂની દસ્તાવેજો વિના બેંકો પણ કિનારો કરી લેતી હતી. દાયકાઓ સુધી આ ચાલુ રહ્યું. 2014માં જ્યારે અમારી સરકાર બની ત્યારે અમે આ મુદ્દાને ઉકેલવાનો નિર્ણય લીધો હતો, કોઈપણ સરકાર તેના ગામડાના લોકોને આ રીતે મુશ્કેલીમાં મૂકી શકે નહીં.



### મિલકત અધિકારોનો મોટો પડકાર

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે 21મી સદીની દુનિયામાં, આબોહવા પરિવર્તન, પાણીની અછત, આરોગ્ય સંકટ, રોગચાળો વગેરે જેવા ઘણા પડકારો છે પરંતુ વિશ્વ સમક્ષ બીજો એક મોટો પડકાર છે અને આ પડકાર મિલકત અધિકારોનો છે. તેમણે કહ્યું કે ઘણા વર્ષો પહેલા સંયુક્ત રાષ્ટ્રએ વિશ્વના ઘણા દેશોમાં જમીન મિલકત પર એક અભ્યાસ હાથ ધર્યો હતો. આ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે વિશ્વના ઘણા દેશોમાં, લોકો પાસે તેમની મિલકત માટે યોગ્ય કાનૂની દસ્તાવેજો નથી. સંયુક્ત રાષ્ટ્રએ સ્પષ્ટપણે કહ્યું કે જો ગરીબી ઘટાડવી હોય તો મિલકતના અધિકારો હોવા ખૂબ જ મહત્વપૂર્ણ છે.

### 31 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો આ યોજનામાં સામેલ

સિક્કિમ, તેલંગાણા અને તમિલનાડુ માત્ર પાયલોટ તબક્કામાં હતા. પશ્ચિમ બંગાળ, બિહાર, નાગાલેન્ડ અને મેઘાલય આ યોજનામાં સામેલ નથી. આ યોજના ત્રિપુરા, ગોવા, ઉત્તરાખંડ અને હરિયાણામાં સંપૂર્ણ રીતે લાગુ કરવામાં આવી છે. મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ અને છત્તીસગઢ અને કેટલાક કેન્દ્રશાસિત પ્રદેશોમાં ડ્રોન સર્વે પૂર્ણ કરવામાં આવ્યો છે. કાર્યક્રમ હેઠળ, છત્તીસગઢ, ગુજરાત, હિમાચલ, એમપી, મહારાષ્ટ્ર, મિઝોરમ, ઓડિશા, પંજાબ, રાજસ્થાન, યુપી અને જમ્મુ-કાશ્મીર અને લદ્દાખના મિલકત માલિકોને પ્રોપર્ટી કાર્ડ આપવામાં આવશે.

# કેજરીવાલની કાર પર હુમલો



(એજન્સી) નવી દિલ્હી | તા.18

આમ આદમી પાર્ટીના નેશનલ કન્વીનર અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પર ચૂંટણી પહેલાં હુમલો થયો હોવાના સમાચાર સામે આવ્યા છે. AAP દ્વારા એક વીડિયો શેર કરવામાં આવ્યો છે. જેમાં કહેવામાં આવ્યું કે, કેજરીવાલ પર હુમલો કરવામાં આવ્યો છે. કેજરીવાલને કાળા ઝંડા બતાવવામાં આવ્યા અને બાદમાં તેમની પર પથ્થરમારો કરવામાં આવ્યો.

### AAPનો આરોપ, ટોળું ગાડી પાસે પહોંચ્યું

આમ આદમી પાર્ટીએ X પર એક પોસ્ટ શેર કરીને કહ્યું, 'ભાજપ હારના ડરથી ભાન ભૂલી ગઈ છે. ભાજપે પોતાના ગુંડાને અરવિંદ કેજરીવાલ પર હુમલો કરાવ્યો છે. ભાજપ ઉમેદવાદ પ્રવેશ વર્માએ ગુંડાઓને ચૂંટણી પ્રચાર સમયે અરવિંદ કેજરીવાલ પર ઈંટ-પથ્થરથી હુમલો કરી તેમને ઈજા પહોંચાડવાનો પ્રયાસ કર્યો, જેથી તેઓ પ્રચાર ન કરી શકે. ભાજપ વાળાઓ... તમારા આ કાયરતાપૂર્વક હુમલાથી કેજરીવાલ ડરવાના નથી, દિલ્હીની જનતા તમને વળતો જવાબ આપશે.'

### ભાજપનો આરોપ- કેજરીવાલે કાર્યકરો પર ગાડી ચડાવી

આ દરમિયાન ભાજપે વળતો પ્રહાર કર્યો છે. નવી દિલ્હી વિધાનસભા બેઠકના ભાજપ ઉમેદવાર પ્રવેશ વર્માએ કહ્યું કે, 'કેજરીવાલની કાળા રંગની કાર અમારા કાર્યકર્તાઓને કચડીને ગઈ છે. અમારા એક કાર્યકર્તાનો પગ તૂટી ગયો છે અને હું તેના ખબર-અંતર લેવા લેડી હાર્ડિંગ જઈ રહ્યો છું. છેલ્લાં 11 વર્ષથી દિલ્હીમાં જે સરકાર ચાલી રહી છે, તેણે દિલ્હીમાં ન ફક્ત ભ્રષ્ટાચાર ફેલાવ્યો, પરંતુ દિલ્હીને બર્બાદ પણ કરી દીધી. આજે હું દેશવાસીઓ અને દિલ્હીવાસીઓને અપીલ કરૂ છું કે, તમારે દિલ્હીને બચાવવાની છે, 11 વર્ષમાં યમુના ન ફક્ત ગંદી થઈ છે, પરંતુ ગટર જેવી બની ગઈ છે.

### પોલીસે હુમલાનો કર્યો ઈનકાર

કેજરીવાલ પર હુમલાને લઈને દિલ્હી પોલીસે કહ્યું કે, તેમના પર કોઈ હુમલો નથી થયો. લાલ બહાદુર સદનમાં અરવિંદ કેજરીવાલની એક પબ્લિક મીટિંગ હતી. જેમાં ભાજપના અમુક સવાલ પૂછવા આવ્યા હતાં. આ દરમિયાન બંને તરફથી નારાબાજી થઈ. પોલીસે બંનેને દૂર કરી દીધા હતાં.

### કેજરીવાલ સાથે પહેલાં પણ આવી ઘટનાઓ બની છે

#### પદયાત્રા દરમિયાન કેજરીવાલ પર પાણી ફેંકાયું હતું

30 નવેમ્બર, 2024ના રોજ,દિલ્હીના ગ્રેટર કૈલાસ વિસ્તારમાં એક વ્યક્તિએ કેજરીવાલ પર પાણી ફેંક્યું. સમર્થકોએ આરોપીને સ્થળ પર જ માર માર્યો. દિલ્હી પોલીસે જણાવ્યું હતું કે આરોપીનું નામ અશોક ઝા છે અને તે ખાનપુર ડેપોમાં બસ માર્શલ તરીકે તહેનાત છે. તેને કસ્ટડીમાં લેવામાં આવ્યો છે અને તેની પૂછપરછ કરવામાં આવી રહી છે. જોકે આ પછી કોઈ માહિતી જાહેર કરવામાં આવી નથી.

માર્ચ 2022: ગુજરાત પ્રવાસ પર રહેલા દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પર કોઈએ પ્લાસ્ટિકની બોટલ ફેંકી. જોકે બોટલ કેજરીવાલને વાગી ન હતી. જે જગ્યાએ આ ઘટના બની ત્યાં ભીડ હતી, તેથી બોટલ ફેંકનારી વ્યક્તિની ઓળખ થઈ શકી નથી.

## માલદામાં ભારત-બાંગ્લાદેશ સરહદ પર બાંગ્લાદેશી નાગરિકો સાથે ઘર્ષણ

# BSFએ ટીયર ગેસના શેલ છોડ્યા

(એજન્સી) સુખદેવપુર | તા.18

પશ્ચિમ બંગાળના માલદા જિલ્લાને અડીને આવેલી બાંગ્લાદેશની સુખદેવપુર બોર્ડર પર શનિવારે તણાવભરી સ્થિતિ જોવા મળી છે. જ્યારે કેટલાક લોકો બાંગ્લાદેશ સરહદ બોર્ડર કરીને ભારતમાં ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા. સુખદેવપુરના રહેવાસીઓએ બાંગ્લાદેશી નાગરિકોને ભગાડી મૂક્યા અને પછી બીજી બાજુથી પથ્થરમારો શરૂ થયો. પરિસ્થિતિને કાબુમાં લેવા માટે BSFએ ટીયર ગેસના શેલ છોડ્યા અને ત્યારબાદ પીછો કરવામાં આવતા બાંગ્લાદેશી નાગરિકો ભાગી ગયા હતા.

### સુખદેવપુર બોર્ડર પર દોઢ કિલોમીટર સુધી કોઈ વાડ નથી

છેલ્લા કેટલાક દિવસોમાં બાંગ્લાદેશ સરહદેથી ભારતમાં પ્રવેશવાના અનેક પ્રયાસો થયા છે. અગાઉ, ભારતીય સરહદ રક્ષકો દ્વારા



પીછો કરવામાં આવ્યા બાદ બાંગ્લાદેશી નાગરિકો ભાગી ગયા હતા, પરંતુ શનિવારે તેઓએ બળજબરીથી ઘૂસવાનો પ્રયાસ કર્યો છે. સુખદેવપુર બોર્ડર પર દોઢ કિલોમીટર સુધી કોઈ વાડ નથી. જ્યારે પણ BSFએ કાંટાળા તાર લગાવવાનો પ્રયાસ કર્યો, BGBએ તેને અટકાવ્યા છે. બીજી તરફ, જમીનમાં ટનલ ખોદવામાં આવતી જોવા મળી હતી. સ્થાનિક રહેવાસીઓનું કહેવું છે કે બાંગ્લાદેશી નાગરિકો અહીં આવ્યા છે અને પાક કાપીને લઈ ગયા છે.

# 'બિહારમાં થયેલી જાતિગત વસ્તી ગણતરી નકલી' : રાહુલ ગાંધી



(એજન્સી) પટણા | તા.18

કોંગ્રેસ સાંસદ અને લોકસભામાં વિપક્ષ નેતા રાહુલ ગાંધી શનિવારે બિહારની રાજધાની પટણા પહોંચ્યા હતાં. જ્યાં તેઓએ પોતાના એક દિવસના પ્રવાસ દરમિયાન બંધારણની રક્ષાના વિષય પર આયોજિત એક સંમેલનમાં ભાગ લીધો હતો. આ દમિયાન રાહુલ ગાંધીએ બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર પર પણ જોરદાર પ્રહાર કર્યા હતાં. રાહુલ ગાંધીએ બિહાર સરકાર દ્વારા કરાવવામાં આવેલી જાતિગત વસ્તી ગણતરીને નકલી જણાવી હતી.

રાહુલ ગાંધીએ પોતાના બિહાર પ્રવાસમાં કહ્યું કે, 'દેશની અંદર જાતિની વાસ્તવિક સ્થતિ જાણવી જરૂરી છે, મેં સંસદમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામે કહ્યું છે કે, તમારી સામે અમે જાતિગત વસ્તી ગણતરીને લોકસભા અને રાજ્યસભામાં પાસ કરાવીને બતાવીશું. જેનાથી જાણ થશે કે, કયા સેક્ટરમાં કયા વર્ગના કેટલાં લોકો છે? પરંતુ, અમે આ બિહાર જેવી નકલી જાતિગત વસ્તી ગણતરી નહીં કરાવીએ. કારણ કે, જાતિગત વસ્તી ગણતરી બાદ તમે શું એક્શન લો છો તે સૌથી જરૂરી છે. આ દેશ માટે એક્સ-રે અને MRI જેવું છે, જેનાથી દૂધનું દૂધ અને પાણીનું પાણી થશે. બાદમાં જાતીગત વસ્તી ગણતરીના આધારે પોલિસી બનવી જોઈએ.'

### વસ્તી ગણતરી સમયે બિહારમાં કોંગ્રેસ સરકાર હતી

હવે રાહુલ ગાંધી તેમની ગઠબંધન સરકાર દરમિયાન કરવામાં આવેલા વસ્તી ગણતરીના સર્વેને નકલી ગણાવી રહ્યા છે. જોકે, નીતિશ કુમાર હજુ પણ મુખ્યમંત્રી હતા. વસ્તી ગણતરીના આંકડા જાહેર થયાના થોડા મહિના પછી જ, નીતિશ કુમારે પોતાનું વલણ બદલ્યું અને NDAમાં જોડાયા. આરજેડી અને કોંગ્રેસ, જે તે સમયે સત્તામાં હતા, હવે વિપક્ષની ભૂમિકા ભજવી રહ્યા છે.

## સૈફ પર હુમલાના વધુ એક શંકાસ્પદ આરોપીની છત્તીસગઢથી ધરપકડ



(એજન્સી) મુંબઇ | તા.18

સૈફ અલી ખાન પર હુમલા બાદથી પોલીસ આ કેસની ઝડપથી તપાસ કરી રહી છે. આ કેસમાં એક નવું અપડેટ આવ્યું છે. લેટેસ્ટ મીડિયા રિપોર્ટ મુજબ એવું કહેવામાં આવી રહ્યું છે કે સૈફ અલી ખાન પર થયેલા હુમલાના બીજા એક શંકાસ્પદ વ્યક્તિની છત્તીસગઢના દુર્ગથી ધરપકડ કરવામાં આવી છે. દુર્ગ આરપીએફ ચોકીએ સૈફના હુમલા કેસમાં શંકાસ્પદ વ્યક્તિની ધરપકડ કરી છે. છત્તીસગઢ પોલીસે પણ શંકાસ્પદ વ્યક્તિને મુંબઈ પોલીસને સોંપવાની તૈયારી કરી લીધી છે.

મીડિયા રિપોર્ટ મુજબ એવું કહેવામાં આવી રહ્યું છે કે છત્તીસગઢની દુર્ગ આરપીએફ ચોકીએ સૈફ અલી ખાન હુમલા કેસમાં બીજા શંકાસ્પદને જ્ઞાનેશ્વરી એક્સપ્રેસમાંથી પકડી લીધો છે. મળતી માહિતી મુજબ મુંબઈ પોલીસને આ અંગે જાણ કરવામાં આવી છે અને ટૂંક સમયમાં મુંબઈ પોલીસની એક ટીમ શંકાસ્પદ આરોપીને પકડવા માટે પહોંચશે. એવું કહેવામાં આવી રહ્યું છે કે મુંબઈ પોલીસ રાત્રે 8 વાગ્યા સુધીમાં દુર્ગ પહોંચી શકે છે.

## દિલ્હીમાં ભાડૂઆતોને મફત વીજળી - પાણી મળશે... કેજરીવાલનું નવું વચન

(એજન્સી) નવી દિલ્હી | તા.18

દિલ્હી વિધાનસભા ચૂંટણી પહેલા અરવિંદ કેજરીવાલે દિલ્હીના લોકોને બીજી એક જાહેરાત અને એક મોટું વચન આપ્યું છે. આ મુજબ, હવે દિલ્હીમાં ભાડાના મકાનોમાં રહેતા ભાડૂઆતોના વીજળી બિલ પણ માફ કરવામાં આવશે. તેમણે કહ્યું કે પૂર્વાંચલના મોટાભાગના લોકો દિલ્હીમાં ભાડાના મકાનોમાં રહે છે અને ગરીબી એટલી વધારે છે કે એક મકાનમાં 100 લોકો રહે છે. અરવિંદ કેજરીવાલે કહ્યું કે હું દિલ્હીમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ ફરું છું. અમે દિલ્હીના લોકો માટે વીજળી મફત કરી. ૨૦૦ યુનિટ સુધી વીજળી મફત છે. ૨૦૦ થી ૪૦૦ યુનિટ માટે વીજળી અડધી કિંમતે મળે



છે. દર મહિને 20,000 લિટર પાણી મફત મળે છે. પરંતુ દુઃખની વાત છે કે દિલ્હીમાં રહેતા ભાડૂતોને મફત વીજળી અને મફત પાણીનો લાભ મળતો નથી. તેમણે કહ્યું કે આના અલગ અલગ કારણો હોઈ શકે છે. પરંતુ કારણ ગમે તે હોય, ભાડૂઆતો પણ દિલ્હીના રહેવાસી છે, તેમને પણ મફત વીજળી અને મફત પાણીનો લાભ મળવો જોઈએ.

## કોલકાતા રેપ-મર્ડર કેસ, સંજય રોય દોષિત જાહેર

કોલકાતા | કોલકાતાની આરજી કર હોસ્પિટલમાં ટ્રેઈની ડૉક્ટર પર બળાત્કાર અને હત્યા કેસમાં સિયાલદહ કોર્ટે આજે પોતાનો ચુકાદો સંભળાવતાં સંજય રોયને દોષિત જાહેર કર્યો છે. જસ્ટિસ અનિર્બાન દાસે બપોરે 2.30 વાગ્યે ચુકાદો સંભળાવ્યો હતો. સંજય રોયને દોષિત ઠેરવતાં જજે કહ્યું હતું કે તને સજા મળવી જ જોઈએ. સંજય રોયને સોમવારે સજા સંભળાવવામાં આવશે. કોર્ટે 162 દિવસ બાદ ચુકાદો આપ્યો છે. બળાત્કાર-હત્યાની ઘટના 9 ઓગસ્ટ 2024ના રોજ બની હતી. CBIએ આરોપી સંજયને ફાંસીની સજાની માગ કરી છે. CBIએ 7 ઓક્ટોબર 2024ના રોજ આરોપી સંજય રાય વિરુદ્ધ ચાર્જશીટ રજૂ કરી હતી.

## કેન્દ્રીય કર્મચારીઓ માટે વધુ એક ભેટ, ફ્રીમાં લક્ઝરી ટ્રેનોમાં કરી શકશે



(એજન્સી) નવી દિલ્હી | તા.18

કેન્દ્ર સરકારે સરકારી કર્મચારીને લઈને મોટી જાહેરાત કરી છે. લીવ ટ્રાવેલ કન્સેશન (LTC) હેઠળ વંદે ભારત એક્સપ્રેસ, હમસફર અને તેજસ જેવી લક્ઝરી ટ્રેનોમાં મુસાફરીની સુવિધા પૂરી પાડવામાં આવી છે. સરકારી કર્માચારીઓ પાસે કુલ 385 ટ્રેનમાં મુસાફરી કરવાનો વિકલ્પ છે, જેમાં 136 વંદે ભારત, 97 હમસફર અને 8 તેજસ એક્સપ્રેસ ટ્રેન સામેલ છે. અગાઉ, તેઓ રાજધાની, શતાબ્દી અને દુરંતો જેવી 144 હાઈ-એન્ડ ટ્રેનોમાં એસી મુસાફરીનો આનંદ માણી શકતા હતા. કચેરી અને કર્મચારીઓના સૂચનો બાદ સરકારનો નિર્ણય

કર્મચારી અને તાલીમ વિભાગ (DOPT) ને LTC હેઠળ વિવિધ પ્રીમિયમ ટ્રેનો અંગે તમામ કચેરીઓ અને કર્મચારીઓ તરફથી સૂચનો મળ્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. તમામ સ્તરના સરકારી કર્મચારીઓ હવે તેમની LTCનો લાભ લઈને અત્યાધુનિક વંદે ભારત, તેજસ અને હમસફર એક્સપ્રેસમાં મુસાફરી સુવિધાઓનો લાભ લઈ શકશે.

# લોસ એન્જલસમાં લાગેલી આગથી ટ્રમ્પને બે મોટા આંચકા

(એજન્સી) વોશિંગ્ટન | તા.18

અમેરિકન શહેર લોસ એન્જલસ લગભગ બે અઠવાડિયાથી સળગી રહ્યું છે. જંગલમાંથી શરૂ થયેલી આગ આખા શહેરમાં તબાહી મચાવી રહી છે. આ આફતને કારણે 2 લાખથી વધુ લોકોને પોતાના ઘર છોડવાની ફરજ પડી છે. અમેરિકાને લગભગ $150 બિલિયનના નુકસાનનો ભય છે. નિષ્ણાતોના મતે, આ આપત્તિએ અમેરિકા પર લાંબા ગાળાના ઘા કર્યા છે, જેમાંથી બહાર નીકળવામાં ઘણા વર્ષો લાગશે. આ દુર્ઘટનાથી લોસ એન્જલસમાં 2028ના ઓલિમ્પિકની તૈયારીઓને પણ ફટકો પડ્યો છે. જે રાષ્ટ્રપતિ ટ્રમ્પના સ્વપ્ન જેવું છે. આ આપણે જાણીશું કે લોસ એન્જલસમાં લાગેલી આગથી રમતગમતની દુનિયાને પણ કેવી રીતે ઊંડી ઠેસ પહોંચી છે...



### સરકાર રચાય તે પહેલા જ તેમનો 'ડ્રીમ પ્રોજેક્ટ' જોખમમાં

**2028માં ઓલિમ્પિક યોજાશે :** તમને જણાવી દઈએ કે વર્ષ 2028 માં, મેગા સ્પોર્ટ્સ ઈવેન્ટ એટલે કે ઓલિમ્પિક્સનું આયોજન અમેરિકન શહેર લોસ એન્જલસમાં થવાનું છે. આ કાર્યક્રમ ૧૪ જુલાઈથી ૩૦ જુલાઈ ૨૦૨૮ સુધી ચાલશે. લોસ એન્જલસને અમેરિકન સિનેમાનું કેન્દ્ર કહેવામાં આવે છે. આવી સ્થિતિમાં, આ ઘટનાને મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

**આગથી તૈયારીઓને શું નુકસાન થયું?** લોસ એન્જલસમાં લાગેલી આગથી ઓલિમ્પિક ઈવેન્ટ વિશે ઘણા પ્રશ્નો ઉભા થયા છે. દરમિયાન, લોસ એન્જલસ ઓલિમ્પિક્સ આયોજન સમિતિના વડા કેસી વાસરમેન 16 જાન્યુઆરીએ ડોનાલ્ડ ટ્રમ્પને મળ્યા હતા. આ બેઠક એવા સમયે થઈ જ્યારે ઓલિમ્પિકને લોસ એન્જલસથી ડલ્લાસ અથવા મિયામીમાં સ્થાનાંતરિત કરવાની માંગ વધી રહી છે. ટ્રમ્પના સમર્થકો દ્વારા આ માંગણી એટલા માટે કરવામાં આવી રહી છે કારણ કે કેલિફોર્નિયાની આગમાં લોસ એન્જલસનો 40 હજાર એકર વિસ્તાર નાશ પામ્યો છે અને 12 હજારથી વધુ ઈમારતો નાશ પામી છે. શહેરના માળખાગત સુવિધાઓને પણ વ્યાપક નુકસાન થયું છે. જોકે, અહેવાલો અનુસાર, ઓલિમ્પિક યોજાનાર 80 થી વધુ સ્થળોમાંથી કોઈ પણ આગથી સીધી અસરગ્રસ્ત થયું નથી.

# વિકાસ રોકેટ એન્જિનનો ફરી ઉપયોગ કરવાની ટેસ્ટમાં ISROને મળી સફળતા

(એજન્સી) શ્રીહરીકોટા | તા.18

ISRO દ્વારા હાલમાં જ વિકાસ રોકેટ એન્જિનની રિસ્ટાર્ટ ક્ષમતાને પરીક્ષિત કરવામાં આવી હતી, અને તેઓને આ પરીક્ષણમાં સફળતા મળી હતી. આ એક લિક્વીડ-ફ્યુઅલ્ડ રોકેટ એન્જિન છે. એનું પરીક્ષણ ઓડિસાની મહેન્દ્રગિરીમાં આવેલી ફેસિલિટીમાં કરવામાં આવ્યું હતું. આ ટેસ્ટિંગ લોન્ચ વ્હીકલનો ફરી ઉપયોગ થઈ શકે કે નહીં તે માટે કરવામાં આવ્યું હતું.

**કેવી રીતે કરવામાં આવ્યો ટેસ્ટ?**

ISROના લોન્ચ વ્હીકલને પાવર આપવા માટે વિકાસ એન્જિનનો ઉપયોગ



થાય છે. આ એન્જિન લોન્ચિંગ માટે ખૂબ જ જરૂરી છે. આ ટેસ્ટમાં એક મિનિટનું એન્જિન ફાયરિંગ, બે મિનિટ માટે એન્જિન શટડાઉન, અને સાત સેકન્ડનું રિસ્ટાર્ટ કરવામાં આવ્યું હતું. ISRO દ્વારા જણાવવામાં આવ્યું હતું કે પરીક્ષણ દરમિયાન તમામ પેરામિટર નોર્મલ હતા. હાલ આ વિકાસ એન્જિનને ફરી ઉપયોગ કરી શકાય તે માટેની ઘણી પરીક્ષણો કરવામાં આવી રહી છે, અને આ રિસ્ટાર્ટ ટેસ્ટમાં પણ એને સફળતા મળી હતી. હવે એનું પ્રદર્શન કેવું રહેશે એનું ટેસ્ટ થોડા દિવસમાં કરવામાં આવશે.

# અમદાવાદની સિવિલ હોસ્પિટલ રોબોટિક સર્જરીમાં ગુજરાતમાં અગ્રેસર



ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

સરકારી હોસ્પિટલમાં ડૉક્ટર દ્વારા તો દર્દીઓને તપાસતા, સારવાર, સર્જરી કરતાં દ્રશ્યો આપણા માનસપટલ પર અંકિત થયેલા છે, પરંતુ રોબોટથી સારવાર થાય એ સાંભળ્યું છે? અને એ પણ સરકારી હોસ્પિટલમાં !!!આશ્ચર્યચકિત થવાની જરૂર નથી, આ વાત તદ્દન સાચી અને વાસ્તવિક બની ગઈ છે. રોબોટિક સર્જરીની સુવિધા ધરાવનાર અમદાવાદની સિવિલ હોસ્પિટલ દેશની સૌપ્રથમ અને એકમાત્ર સરકારી હોસ્પિટલ બની છે. અમદાવાદ સિવિલ મેડિસિટીની કૅન્સર ઈન્સ્ટિટ્યૂટ(GCRI)માં રેડિયેશન થેરાપી માટે સાયબર નાઈફ રોબોટિક્સનો ઉપયોગ કરાય છે.

## રોબોટિક સર્જરીની સુવિધા ધરાવનાર અમદાવાદની સિવિલ હોસ્પિટલ દેશની સૌપ્રથમ અને એકમાત્ર સરકારી હોસ્પિટલ

અંદાજે . ૩૮ કરોડના ખર્ચે વસાવેલ આ સાયબર નાઈફ મશીન કેન્સરગ્રસ્ત ટ્યુમરની સાથે સાથે સામાન્ય પ્રકારના ૫(પાંચ )મી.મી. થી ૩ સે.મી. સુધીની કદના સામાન્ય ટ્યુમરનું પણ સચોટ અને ન્યુનત્તમ આડઅસર રહિત નિદાન કરી શકે છે.

અહીં મહત્વની બાબત એ પણ છે કે, સરકારી સંસ્થામાં આ પ્રકારની સારવાર આપતું સમગ્ર દેશમાં ગુજરાત એકમાત્ર રાજ્ય છે.

અમદાવાદ ખાતે આવેલી ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (GCRI) કેન્સરના દર્દીઓ માટે આશાનું કિરણ બની રહી છે. ઉત્કૃષ્ટ મેડિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને અત્યાધુનિક સારવાર સેવાઓ થકી છેલ્લાં ઘણા વર્ષોથી ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોમાં કેન્સરની સારવાર માટે GCRI જાણીતું નામ બન્યું છે. કેન્સરની સારવારમાં રેડિયેશન થેરાપી એક મહત્ત્વની સારવાર છે.



કેન્સર સામેની લડાઈમાં વધુને વધુ દર્દીઓને ઉત્તમ સારવાર સમયસર પૂરી પાડીને તેમને દર્દમુક્ત કરવાના ઉદ્દેશ સાથે કામ કરતી ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (GCRI) રેડિયેશન થેરાપીમાં સતત આધુનિક ઉપકરણો થકી તેનું મેડિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂત બનાવી રહી છે.

ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (GCRI) દેશમાં રેડિયોથેરાપી માટેના અદ્યતન કેન્દ્રોમાંથી એક છે.

**સાઈબરનાઈફ - રોબોટિક લિનિયર એસેલરેટર** ● આ ક્રાંતિકારી ટેકનોલોજી મગજ, ફેફસા, લિવર, કરોડરજ્જુ અને પ્રોસ્ટેટ જેવા સંવેદનશીલ અંગોમાં મેલીગ્નેન્ટ ટ્યુમરની હાઈ-ડોઝ રેડિયેશન સાથે સચોટ સારવાર માટે પરફેક્ટ છે. ● આજુબાજુની હેલ્થી ટિસ્યુને ઓછું નુકસાન થાય તે રીતે કામગીરી કરે છે, જેના લીધે સરળતાથી પહોંચી ન શકાય તેવાં અંગોના કેન્સર અને નોન કેન્સર ટ્યૂમરની સારવાર સરળ બને છે. ● નોન-સર્જિકલ, ઓછી વાઢકાપ અને ઓછો રિકવરી ટાઈમ જરૂરિયાત હોય તેવા દર્દીઓ માટે ખાસ ઉપયોગી. ● મહત્તમ ચોકસાઈ સાથે કામગીરી કરતું સાઈબરનાઈફ સ્ટીરીયોટેકટીક રેડિયો સર્જરી (SRS) અને સ્ટીરિયો ટેક્ટિક બોડી રેડિયો થેરાપી(SBRT) જેવી સર્જરી કે જ્યાં અત્યંત સચોટતા સાથે ટ્યુમરને સબમિલિમીટર એક્યુરેસી સાથે ટાર્ગેટ કરવાની હોય ત્યાં અત્યંત ઉપયોગી છે.

## રાજપીપળા જૈન દેરાસરમાં 17મી ધ્વજારોહણ - સાલગિરા તથા પ્રભુભિક્ત મહોત્સવની ઉજવણી



ભરત શાહ | નર્મદા

રાજપીપળા શહેર ના દરબાર રોડ સ્થિત જૈન દેરાસર માં ૧૭મી ધ્વજારોહણ - સાલગિરા તથા પ્રભુભિક્ત મહોત્સવ ની ઉજવણી કરવામાં આવી રહી છે જેમાં સાચાદેવ શ્રી સુમતિનાથ તથા પુરુષાદાનીય શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વનાથસ્વામી જિનાલયની ૧૭મી ધ્વજારોહણ - સાલગિરા નિમિત્તે ના આજના કાર્યક્રમ માં આજરોજ ભગવાન ને અઢાર અભિષેક કરવામાં આવ્યા હતા ત્યારબાદ આવતીકાલે ધ્વજારોહણ કાર્યક્રમ કરવામાં આવશે. જૈન દેરાસર ખાતે ચાલતો આ કાર્યક્રમ ના લાભાર્થી પરિવાર માં ડભોઈ નિવાસી માતુશ્રી મધુકાંતાબેન જયંતિલાલ ગુલાબચંદ હવેલીવાળા પરિવાર ઈન્દીરાબેન-કિરીટભાઈ, સૌમિલ - માનસી, હિતાંશ, અંશ ના સૌજન્ય થી કરવામાં આવ્યો જેમાં મોટી સંખ્યા માં જૈન સમાજ ના આગેવાનો અને ભાઈઓ, બહેનો એ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## મહીસાગર જિલ્લામાં મધ્ય ગુજ. વીજ કંપની લિમિટેડ દ્વારા ચેકિંગ હાથ ધરાયું

જગદીશ ત્રિવેદી | લુણાવાડા

મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ, કોર્પોરેટ ઓફિસ, વડોદરા દ્વારા મહીસાગર જિલ્લાના સંતરામપુર, લુણાવાડા તેમજ ખાનપુર તાલુકામાં વીજ ચેકિંગ હાથ ધરવામાં આવેલ હતી. જેમાં કુલ ૨૭ જેટલી વીજ ચેકિંગ ટીમ દ્વારા વીજ ચેકિંગ હાથ ધરવામાં આવેલ. મહીસાગર જિલ્લાના ખાનપુર તાલુકામાં કુલ ૩૨૪ જેટલા વીજ જોડાણ ચેક કરવામાં આવેલ તેમાં ૩૭ વીજ જોડાણ વીજ ચોરી કરતાં માલૂમ પડેલ જેનું વીજ ચોરીનું અંદાજિત બીલ રૂપિયા ૫.૪૯ લાખ જેટલું થાય છે. લુણાવાડા તાલુકામાં ૧૧૨ વીજ જોડાણ ચેક કરવામાં આવેલ તેમાં ૧૯ વીજ જોડાણ વીજ ચોરી કરતાં માલૂમ પડેલ તેમજ સંતરામપુર તાલુકામાં ૧૯૮ વીજ જોડાણ ચેક કરવામાં આવેલ તેમાં ૨૯ વીજ જોડાણ વીજ ચોરી કરતાં માલૂમ પડેલ જેનું વીજ ચોરીનું અંદાજિત બીલ રૂપિયા ૫.૬૧ લાખ જેટલું થાય છે. આમ મહીસાગર જીલ્લાના લુણાવાડા, સંતરામપુર અને ખાનપુર તાલુકાના કુલ ૬૫૬ જેટલા વીજ જોડાણ ચેક કરવામાં આવેલ હતા.આ વીજ જોડાણમાંથી કુલ ૮૮ જેટલા વીજ જોડાણોમાં ગેરરિતી અટલે કે વીજ ચોરી કરતાં પકડાયેલ છે. જેનું વીજ ચોરીનું અંદાજિત બીલ રૂપિયા ૧૫.૧૭ લાખ જેટલું થાય છે. આમ, મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા અચાનક સરપ્રાઈઝ વીજ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

## નખત્રાણાના વથાણ નજીક ટ્રકની હડફેટે એક્ટિવા આવી જતા વેપારીનું કમકમાટી ભર્યું મોત નિપજ્યું

મહેશ એલ.સોની | નખત્રાણા



**થોડા દિવસમાં જ દિકરીના લગ્ન હતા ઘરે ખુશીનો માહોલ માતમમાં ફેલાયો**

નખત્રાણા તાલુકાના મુખ્ય મથક એવા નખત્રાણામાં ટ્રાફિક સમસ્યા દિવસે ને દિવસે વકરી રહી છે. વળી ભુજ લખપત હાઈવે પણ નગરની અંદરથી પસાર થતો હોઈ મોટા વાહનોની અવરજવરથી સતત ધમધમતો હોય છે. સતત વાહન અવર જવરના કારણે ઠેક ઠેકાણે મોટા ખાડાઓ પડી ગયા છે અને એ કારણે અવાર નવાર નાના મોટા અકસ્માતો સર્જાતા હોય છે. બાયપાસ રોડની વર્ષો જુની માંગણી હોવા છતાં કોઈ કારણસર તંત્ર એ બાબતે ઉદાસીન વલણ અપનાવી રહ્યું છે.

આજે શનિવારે સવારના ભાગમાં નગરમાં નવાવાસ તેમજ જુનાવાસમાં ચિંતામણી ટ્રેડર્સ નામની અનાજ રસકસની દુકાન ધરાવતા જૈન વેપારી અગ્રણી નરેન્દ્ર ત્રંબકલાલ મહેતા (બબા શેઠ) પોતાની એક્ટિવા લઈ જતા હતા ત્યારે ટ્રકની હડફેટે આવી જવાથી તેમનું કમકમાટી ભર્યું મોત નિપજ્યું હતું. મિલનસાર, સરળ સ્વભાવને કારણે દરેક વર્ગમાં લોકપ્રિયતા ધરાવતા હતા તેમનાં અવસાનથી વેપારી આલમ સહિત સમગ્ર પંથકમાં શોકની લાગણી ફેલાઈ હતી.

પોતાના ઘરે પંદરેક દિવસ માં જ દિકરીના લગ્ન હોવાથી મહેમાનોને લેવા ગયેલ ત્યારે ઘરે પાછા ફરતી વખતે તેમને કાળ આંબી ગયો હતો. તેઓ છેલ્લા ૩૫ વર્ષથી જૈન સંઘના ટ્રસ્ટી તરીકે કાર્યરત હતા.

# ફાર્મર રજીસ્ટ્રી પોર્ટલ પર ખેડૂતોની નોંધણીમાં ગુજરાત દેશમાં પ્રથમ

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી દેશના દરેક ખેડૂતને હવે એક આગવી ઓળખ મળશે. એક વિશેષ પહેલના ભાગરૂપે ગુજરાતમાં એગ્રીસ્ટેક પ્રોજેક્ટ હેઠળ ખેડૂત ખાતેદારના લેંડ રેકર્ડને યુનિક આઈ.ડી સાથે લીંક કરવા માટે ગત તા. ૧૫ ઓક્ટોબરથી ફાર્મર રજીસ્ટ્રી શરૂ કરવામાં આવી છે. ગુજરાતમાં પી.એમ. કિસાન યોજનાના ૬૬ લાખ જેટલા ખેડૂત લાભાર્થીઓની ફાર્મર રજીસ્ટ્રી પૂર્ણ કરવાનો લક્ષ્યાંક છે. જેની સામે અત્યાર સુધીમાં રાજ્યના ૩૩ લાખથી વધુ ખેડૂતો એટલે કે, ૫૦ ટકાથી વધુ ખેડૂતોની નોંધણી પૂર્ણ થઇ છે. ફાર્મર રજીસ્ટ્રી પોર્ટલ પર ખેડૂતોની નોંધણીમાં ગુજરાત રાજ્ય સમગ્ર દેશમાં પ્રથમ છે. ગુજરાતે દેશમાં સૌપ્રથમ ૫૦ ટકા ખેડૂતોની નોંધણી પૂર્ણ કરતા ભારત સરકાર તરફથી “સ્પેશિયલ સેન્ટ્રલ આસીસ્ટન્સ’ તરીકે રૂ. ૧૨૩.૭૫ કરોડની પ્રોત્સાહક ગ્રાન્ટ આપવામાં આવશે. અગાઉ પણ ગુજરાતને ૨૫ ટકા ખેડૂતોની નોંધણી પૂર્ણ કરતા ભારત સરકાર તરફથી રૂ. ૮૨ કરોડની પ્રોત્સાહક ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી. આ પ્રોત્સાહક ગ્રાન્ટનો ઉપયોગ ગુજરાતના વિવિધ ખેડૂત હિતલક્ષી પ્રોજેક્ટમાં કરવામાં આવશે. રાજ્ય સરકારના પ્રયાસો થકી ફાર્મર રજીસ્ટ્રી વધુ વેગવાન બની છે. ફાર્મર રજીસ્ટ્રી હેઠળ ખેડૂતોની નોંધણીમાં ૭૪ ટકા કામગીરી સાથે નવસારી જિલ્લો ગુજરાતમાં પ્રથમ ક્રમે છે. જ્યારે, ૭૧ ટકા નોંધણી સાથે ડાંગ જિલ્લો બીજા ક્રમે અને ૬૬ ટકા નોંધણી સાથે જૂનાગઢ જિલ્લો રાજ્યમાં ત્રીજા ક્રમે છે. આ ઉપરાંત સુરત અને ભરૂચ જિલ્લામાં પણ ૬૩-૬૩ ટકા ખેડૂત નોંધણી પૂર્ણ થઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ફાર્મર રજીસ્ટ્રી હેઠળ દરેક ખેડૂતને આધાર આઈ.ડી.ની જેમ એક ૧૧ ડિજિટની યુનિક ફાર્મર આઈ.ડી આપવામાં આવશે, જેમાં ખેડૂતોની જમીન સહિતની વિવિધ વિગતો ઉપલબ્ધ રહેશે. આ આઈ.ડી.ના માધ્યમથી ખેડૂતોને રાજ્ય તથા કેન્દ્ર સરકારની વિવિધ હિતલક્ષી યોજનાઓનો લાભ સરળતાથી, પારદર્શકતાપૂર્વક અને સમયસર મળશે. ભારત સરકારની સૂચના અનુસાર ગુજરાતમાં ફાર્મર રજીસ્ટ્રી આગામી તા. ૨૫-૦૩-૨૦૨૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

## મહીસાગર જિલ્લા કક્ષા કલામહાકુંભ લુણાવાડા નીરજા એજ્યુકેશન કેમ્પસ ખાતે યોજાયો



જગદીશ ત્રિવેદી | લુણાવાડા

કલામહાકુંભ સ્પર્ધામાં ૬ થી ૧૪ વર્ષ, ૧૫ થી ૨૦ વર્ષ તેમજ ૨૧ થી ૫૯ વર્ષ સુધીની વય જૂથના સ્પર્ધકોએ અલગ અલગ સ્પર્ધાઓમાં ભાગ લીધો. રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર તથા કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ગાંધીનગર દ્વારા આયોજીત તથા જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, મહીસાગર દ્વારા જીલ્લા કક્ષા કલામહાકુંભનું નીરજા એજ્યુકેશન કેમ્પસ લુણાવાડા ખાતે પ્રાંત અધિકારીશ્રી આનંદ પાટિલની ઉપસ્થિતિમાં યોજાયો. આ પ્રસંગે લુણાવાડા પ્રાંત અધિકારીશ્રી આનંદ પાટિલે જણાવ્યું હતું કે, આજનો યુવા આપણાં દેશનું ભવિષ્ય છે. શિક્ષણ સાથે રમત ગમત ક્ષેત્રે પણ આપણો જિલ્લો આગળ આવે અને જિલ્લાનું નામ રોશન કરે અને વિધ્યાર્થીઓની સુષુપ્ત શક્તિ બહાર આવે તે માટે કલામહાકુંભ થકી પ્રયત્ન કરવામાં આવે છે.

## 25 વર્ષ પુરા થતા ચાણસ્મા સ્થિત ગોગા મહારાજનો રાજત જયંતી મહોત્સવ યોજાયો



નીતિન ઠાકર | ચાણસ્મા

ચાણસ્મા ખાતે યોજાયેલ મહોત્સવ માં જગન્નાથ મંદિર ના મહન્ત દિલીપદાસ જી નિરમા ના કરશનભાઈ પટેલ સહીત સંતો ભુવાજીઓ રાજકીય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા. ચાણસ્મા ખાતે રબારી વાસ માં આવેલ પૌરાણિક ગોગા મહારાજ ના મંદિર નો 16 મી જાન્યુઆરી થી થયેલ રજત જ્યંતી મહોત્સવ માં અમદાવાદ ના જગન્નાથ મંદિર ના મહન્ત પ પૂ દિલીપ દાસ જી મહારાજ ઉપસ્થિત રહી આશીર્વચન પાઠવ્યા હતાં તંદુપરાધ નિરમા ના ડૉ કરશનભાઈ પટેલ સહિત સંતો ભુવાજી ઓ ખાસ ઉપસ્થિતી રહી હતી જયારે 18 જાન્યુઆરીના રોજ ગોગા મહારાજના નિજ ધામેથી શોભાયાત્રા નું આયોજન કરાયું હતું જેમાં ચાણસ્મા સહિત આજુબાજુ ના સેંકડો ભાવિકા ભક્તો જોડાયા હતાં.

## જગદગુરુ નરેન્દ્રચાર્ય મહારાજ સંસ્થાનનો રક્તદાન મહાયજ્ઞ સફળ રહ્યો,કુલ 659 યુનિટ રક્તદાન એકત્રિત



સુશીલ પવાર | ડાંગ

જગદગુરુ નરેન્દ્રચાર્ય મહારાજ સંસ્થાન દ્વારા આયોજિત રક્તદાન મહાયજ્ઞમાં ડાંગ જિલ્લાનો બહોળો પ્રતિસાદ મળ્યો છે.જેમાં આહવા, વઘઈ અને સુબીર ખાતે યોજાયેલા રક્તદાન કેમ્પમાં કુલ 659 યુનિટ રક્ત એકત્ર થયુ હતુ.ડાંગ જિલ્લામાં બે ચરણમાં યોજાયેલા આ રક્તદાન કેમ્પમાં કુલ 659 યુનિટ રક્ત એકત્ર થયુ છે. આ પૈકી પ્રથમ ચરણમાં સાપુતારા અને સાકરપાતળ (વઘઈ) ખાતે 416 યુનિટ અને બીજા ચરણમાં આહવા અને સુબીર ખાતે 243 યુનિટ રક્ત એકત્ર થયું હતુ.આ રીતે ડાંગ જિલ્લામાં એક જ સંસ્થા દ્વારા થયેલું આ સૌથી મોટું રક્તદાન છે.આ મહાયજ્ઞમાં ડાંગ જિલ્લા ઉપરાંત ભારતભરમાં 4 જાન્યુઆરીથી 19 જાન્યુઆરી દરમિયાન 1 લાખ યુનિટ રક્ત એકત્ર કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

## જિલ્લા કક્ષાના ખેલ મહાકુંભ-3.0નું ગોકુલધામ નાર ખાતે આયોજન




ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

રમતગમતનું મહત્વ વધી રહ્યું છે ત્યારે ગુજરાત સરકાર દ્વારા રમતગમતના પ્રોત્સાહન માટે શરૂ કરાયેલ ખેલ મહાકુંભ એ ખેલાડીઓના શારીરીક,માનસિક અને વ્યાવસાયિક વિકાસ માટેનું વિશિષ્ટ મંચ છે. આ મહાકાય કાર્યક્રમ રાજ્યકક્ષાથી ગ્રામ્ય સ્તર સુધીની રમતગમત પ્રતિભાઓને આગળ લાવવાની તક પ્રદાન કરે છે. આણંદ જિલ્લાના તાલુકા કક્ષાનો ખેલમહાકુંભ ગોકુલધામ નાર ખાતે આયોજીત કરવામાં આવેલ જેમાં કબડ્ડી અન્ડર 14 અને 17 માં કુલ 21 ટીમો સહભાગી બની હતી જ્યારે જિલ્લા કક્ષાના બેન્ડમિન્ટન અન્ડર-11માં કુલ 60 વિદ્યાર્થીઓએ ભાગ લિધો હતો. આ પ્રસંગે ગોકુલધામ નારના શુકદેવપ્રસાદદાસ સ્વામીએ વિદ્યાર્થીઓને ખેલદિલીથી ભાગ લેવા માટે પ્રોત્સાહન આપીને રમતની શરૂઆત કરાવી હતી.

## સંખેડાના કાવીઠા ગામમાં કૂતરાને રોટલા ખવડાવવા ગયેલા યુવકને માર્યો

કમલેશ પટેલ | સંખેડા

સંખેડા તાલુકાના કાવીઠા ગામના સુરેશભાઈ જશવંતભાઈ નાયકા(વજીર) ૧૬ જાન્યુઆરીની રાત્રીના નવેક વાગ્યાના સુમારે ગામની ભાગોળે કુતરાને રોટલા ખવડાવવા માટે ગયા હતા. એ વખતે ગામના રાજેશભાઈ પટેલે તેને જાતીવિષયક શબ્દો કહીને કહ્યું હતું કે તારે ખાવાના ઠેકાણા નથી. અલ્પેશભાઈ પટેલે પણ તેનું જાતિ વિષયક અપમાન કર્યું હતું. પાછળથી ભારમલસિંહ ચૌહાણે તેને પકડી રાખ્યો અને અદેસિંગ ભારતસિંહ રાજ સોલંકીએ તેને ગાલ ઉપર બે લાફા ઝીંકી દીધા હતા. તેવામાં મનુભાઈ ઉર્ફે મનોજભાઈ નાથાભાઈ સોલંકી લાકડી લઈને આવેલા તથા અજયભાઈ મનોજભાઈ સોલંકી તથા સંજયભાઈ મોહનભાઈ રાજ સોલંકી પણ કહેવા લાગેલા કે બરાબર મારી લો. બધા લોકોએ તેનું જાતિ વિષયક અપમાન કરીને કહેવા લાગેલા કે તું તારા ઘરનું ખાવાનું પૂરું કરી શકતો નથી અને ગામના કુતરાને ખવડાવવા આવી ગયો છે. પોલીસે આ બાબતે તપાસ હાથ ધરી છે.

## એકતા નગર ખાતે આજથી પ્રથમ “નેશનલ બોટની ફેસ્ટ”નું આયોજન

ભરત શાહ | નર્મદા

સ્ટેચ્યુ ઓફ યુનિટી આજે વૈશ્વિક કક્ષાનું પ્રવાસનસ્થળ બન્યુ છે સાથે સાથે વનસ્પતિશાસ્ત્રના અભ્યાસુઓ માટે પણ સ્વર્ગ બન્યુ છે. આજથી એકતા નગર ખાતે વેલી ઓફ ફ્લાવર સોસાયટી , સ્ટેચ્યુ ઓફ યુનિટી અને એમ.એસ.યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ બોટની ફેકલ્ટી ઓફ સાયન્સના સંયુકત ઉપક્રમે પ્રથમ “નેશનલ બોટની ફેસ્ટ”નું આયોજન કરવામાં આવ્યુ છે, આ ફેસ્ટમાં વિવિધ રાજયોના ૩૧ ટીમના કુલ ૨૧૭ જેટલા વનસ્પતિશાસ્ત્રના વિદ્યાર્થિઓ એકતા નગરને સમૃદ્ધ બાયોડાયવર્સિટીનો ગહન અભ્યાસ કરશે.

આજે એકતા નગર સ્થિત સહકાર ભવન ખાતે બપોરે ૩.૦૦ કલાકે પ્રથમ “નેશનલ બોટની ફેસ્ટ”નું ઉદ્ઘાટન થશે, ઉદ્ઘાટન સત્રમાં ભારત સરકારના બોટનિકલ સર્વે ઓફ ઈન્ડીયાના નિયામક એ.એ.માઓ, સ્ટેચ્યુ ઓફ યુનિટીના મુખ્ય કારોબારી અધિકારી ઉદિત અગ્રવાલ, નાયબ વન સંરક્ષક અગ્નિશ્વર વ્યાસ, એમ.એસ.યુનિવર્સિટીના ફેકલ્ટી ઓફ સાયન્સના ડીન પ્રો. હરી કટારીયા, ડિપાર્ટમેન્ટ ઓફ બોટનીના હેડ પ્રો. વિનય રાવળે, પ્રાધ્યાપક પદ્મનાભી નાગર ઉપસ્થિત રહીને વિદ્યાર્થિઓને માર્ગદર્શન આપશે.

નેશનલ બોટની ફેસ્ટ દરમ્યાન વિદ્યાર્થિઓને અનુભવલક્ષી શિક્ષણની ભાવના સાથે વિવિધ ગેમ્સ મારફતે વનસ્પતિશાસ્ત્રની સમજ આપવામાં આવશે. ભારતમાં અમલી થયેલ નવી શિક્ષણનિતીમાં પણ અનુભવલક્ષી શિક્ષણ પર ભાર આપવામાં આવ્યો છે.સદર શિબિર દરમ્યાન એકતા નગર ખાતેના વિવિધ પ્રવાસીય પ્રકલ્પો પર લઈ જઈને રસપ્રદ ગેમ્સ મારફતે જ્ઞાન પીરસવામાં આવશે.

**આયોજીત થનાર વિવિધ ગેમ્સ:**

ફ્લોરા અને ફાઉના ફ્યુઝન, નેચરલ પેઈન્ટીંગ, પંચેન્દ્રીય પરીક્ષા, ટેન્ટ મેકીંગ, જંગલ કા ખાના ખજાના, વનસ્પતિ શોધ જેવી ગેમ્સનું આયોજન કરવામાં આવ્યુ છે. આ માટે એકતા નગરના વિવિધ પ્રવાસીય પ્રક્લ્પો આરોગ્ય વન, જંગલ સફારી, વેલી ઓફ ફ્લાવર્સ, કેક્ટસ ગાર્ડન, બટરફ્લાઇ ગાર્ડન, એકતા નર્સરીમાં આ સમગ્ર આયોજન થશે.

## મજુરોને તેઓની મજુરીના રૂપીયા આપાવી "પોલીસ પ્રજાનો મિત્ર" સુત્રને સાર્થક કરતી સંખેડા પોલીસ



કમલેશ પટેલ | સંખેડા

સંદિપ સિંઘ, પોલીસ મહાનિરીક્ષક વડોદરા રેન્જ વિભાગ વડોદરા નાઓ તથા શ્રી આઈ.જી.શેખ પોલીસ અધિક્ષકશ્રી છોટાઉદેપુર તથા શ્રી ગૌરવ અગ્રવાલ મદદનીશ પોલીસ અધિક્ષકશ્રી,બોડેલી ડીવીઝન બોડેલી નાઓએ ‘ તેરા તુજકો અર્પણ ‘ કાર્યક્રમ અંતર્ગત પેન્ડીંગ મુદ્દામાલ વાહનો તથા અન્ય મુદ્દામાલ જે તે માલિકને પરત કરવા જરુરી સુચના તથા માર્ગદર્શન આપેલ હોઈ જે સુચનાઓ અનુસંધાને સંખેડા શ્રી જે.ડી.પંડયા પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી નાઓએ ઉપરી અધિકારીઓની સુચના મુજબ તાબાના પોલીસ માણસોને અસરકારક કામગીરી કરવા માર્ગદર્શન આપી અરજદાર શ્રી જેઠાભાઈ વેસ્તાભાઈ તડવી રહે- મોરડ તા- સંખેડા જી- છોટાઉદેપુર તથા તેમની સાથેના અન્ય દસ (૧૦) મજુરો સુરેન્દ્રનગર જીલ્લા ખાતે ખેત મજુરીએ ગયેલ હોય અને તેઓની મજુરીના કુલ રૂ.૧,૪૯,૧૧૯/- નીકળતા હોય જે તેઓને ત્યાથી મજુરીનું વળતર મળેલ ન હોય જેથી તેઓ સંખેડા પોલીસ સ્ટેશનમા આવી ન્યાય અપાવો તેવી રજુઆત કરતા તેઓની મજુરીનું વળતર ગણતરીના દિવસોમા પરત અપાવી ‘પોલીસ પ્રજાનો મિત્ર‘ સુત્રને સાર્થક કરતી સંખેડા પોલીસ.

## બાઈક સાહસિકોએ જૂનાગઢથી કન્યાકુમારી સુધી 7000 કીમીનો પ્રવાસ ખેડ્યો



મહેશ એલ.સોની | નખત્રાણા

જૂનાગઢના બે સાહસવીરો જશરાજ નિલેશભાઈ મેવચા તેમજ તેમના મિત્ર હાર્દિક કારિયાએ બાઈક દ્વારા જૂનાગઢ થી કન્યાકુમારી સુધીનો ૭૦૦૦ કિમીનો પ્રવાસ ખેડ્યો હતો. હાલ યુવાનોમાં વ્યસનનું પ્રમાણ ખૂબ વધી રહ્યું છે ત્યારે યુવાનોમાં વ્યસન મુક્તિ અંગે જાગૃતિ લાવવાના ઉદ્દેશ થી ‘નો ટુ ડ્રગ્સ‘ના સ્લોગન સાથે તેમણે ૭૦૦૦ કિમી પ્રવાસ વિના વિઘ્ને પાર કર્યો હતો. તેમનાં પ્રવાસમાં તારીખ તા.૧/૧/૨૦૨૫ થી જૂનાગઢ થી નિકળી સુરત ,સાપુતારા, નાસિક, સતારા, ગોવા ,કોચી, જટાયુ, તિરુવનંતપુરમ્, રામેશ્વરમ્, કોડાઈકેનલ, ધનુષકોડી , કોઈમ્બતુર, કૉલી હિલ્સ ,હુબલી ,હંપી, ભીમશંકર,સાપુતારા, સુરત થઈ આજરોજ તા ૧૮ /૧/૨૦૨૫ના દિવસે જૂનાગઢ પરત ફર્યા હતા.

## દાહોદના મોટી ખરજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાન હેઠળ પી.આર.આઇ મીટીંગ યોજાઈ

દિપક રાવલ | દાહોદ લીમખેડા

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો ઉદયકુમાર ટીલાવત તેમજ જિલ્લા ક્ષય અધિકારીશ્રી ડો આર.ડી.પહાડીયા તેમજ તાલુકા આરોગ્ય અધિકારીશ્રી ડો.ભગીરથ બામણીયાના માર્ગદર્શન હેઠળ પી.એચ.સી.ના મેડિકલ ઓફિસરશ્રી ડો હેતલ હઠીલા તેમજ ડો દ્રષ્ટિ ડામોર દ્વારા પ્રા.આ.કેન્દ્ર મોટી ખરજ વિસ્તારમાં આવેલ મોટી ખરજ, વરમખેડા તેમજ પુંસરી ગામના તાલુકા સભ્યોશ્રી, સરપંચશ્રી, ગ્રામ પંચાયત સભ્યોશ્રીને બોલાવી PRI મીટીંગ તેમજ JAS કમિટિની મીટીંગ કરવામાં આવી હતી. જેમા ટી.બી મુક્ત ગ્રામ પંચાયત /હાઈ રીસ્ક ટી.બી પેશન્ટ તેમજ સરકારશ્રી દ્વારા ચાલતા તમામ પ્રોગ્રામો વિશે સમજ આપવામા આવી હતી.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## 5 દીકરી અને 1 દીકરાની ચિંતામાં પિતાએ લોખંડનું વિશાળ પાંજરું બનાવ્યું...

# દીપડાના આતંકથી બચવા બાળકોને પાંજરે પૂર્યાં!



અમરેલી | અમરેલી જિલ્લામાં દીપડાના વધતા આતંક વચ્ચે એક ખેતમજૂર પિતાએ પોતાનાં બાળકોની સુરક્ષા માટે અનોખી પહેલ કરી છે. રાજુલા તાલુકાના ઝાપોદર ગામની વાડી વિસ્તારમાં રહેતા ભરત બારૈયાએ પોતાનાં 6 બાળકોની સુરક્ષા માટે લોખંડનું વિશાળ પાંજરું બનાવ્યું છે. 5 દીકરી અને 1 દીકરાની ચિંતામાં પિતાએ આ માર્ગ અપનાવ્યો છે અને બાળકોને પાંજરામાં પૂર્યાં છે.
ભરત બારૈયાએ જણાવ્યું હતું કે મારાં પત્ની ગુજરી ગયાં છે, મારે 5 બાળકી છે, 1 દીકરો છે.
હું ખેતી કરી રહ્યો છું. મને વિચાર આવ્યો, મારે ખેતીવાડીમાં પાણી વાળવા કેવી રીતે જવું? કોઈ સાથે હોય નહીં, રાતે 12 એક વાગી જાય. મને મગજમાં પ્લાન આવ્યો, પાંજરું બનાવ્યું, તાળું મારી શકીએ. અહીં દીપડા અને સિંહોનો પૂરેપૂરો ત્રાસ છે. રાતના સમયે વહેલી સવારે વન્યપ્રાણી આવે છે. કાયમ કૂતરાને ઉપાડે છે, મારાં 4 ગલૂડિયાં લઈ ગયા છે.

### બાળકોની સેફ્ટી માટે પાંજરું

પાંજરું બનાવનાર કારીગર અશોકે જણાવ્યું હતું, થોડા દિવસ પહેલાં મને વાત કરેલી હતી, મારા છોકરાં એકલાં રહે છે. દીપડાનો બહુ ત્રાસ છે, પછી મને વિચાર આવ્યો. સિંહ-દીપડા પૂરવા માટે તો પાંજરા હોય જ છે. બાળકોને સાચવવા અને સેફ્ટી માટે પાંજરું બનાવવાનું નક્કી કર્યું હતું. 2 દિવસમાં લોખંડની પાઈપ વાપરી અને જાળી મારી પાંજરું બનાવ્યું છે, એટલે છોકરાં સેફ રહી શકે.
થોડા સમય પહેલાં પત્નીના અવસાન બાદ 5 દીકરી અને 1 દીકરાની જવાબદારી સંભાળી રહેલા ભરત બારૈયા વાડી વિસ્તારમાં ખેતમજૂરી કરે છે. વાડી વિસ્તારમાં દીપડાની સતત અવરજવરને કારણે તેમને બાળકોની સુરક્ષાની ચિંતા સતાવતી હતી. આ સમસ્યાના સમાધાન માટે તેમણે વન વિભાગના દીપડા પકડવાના પાંજરા કરતાં પણ મોટું લોખંડનું પાંજરું બનાવડાવ્યું છે.

### ખેતરમાં કામ કરશે ત્યારે બાળકોની ચિંતા નહીં રહે

ખાસ કરીને રાત્રિના સમયે અને જ્યારે તેઓ ખેતરમાં કામ કરતા હોય ત્યારે બાળકોને આ પાંજરામાં સુરક્ષિત રાખવામાં આવે છે. અમરેલી જિલ્લાના ખાંભા, રાજુલા અને જાફરાબાદ વિસ્તારમાં સિંહો ઉપરાંત દીપડાઓનો વસવાટ વધ્યો છે. અગાઉ આ વિસ્તારમાં દીપડાના હુમલામાં કેટલાંક બાળકોએ જીવ ગુમાવ્યા છે.

### એક ખેતમજૂરને 6 સંતાન, પત્ની અવસાન પામી

ખેતમજૂરી કામ ભરત બારૈયા કરી રહ્યા છે. થોડા સમય પહેલાં તેમનાં પત્નીનું અવસાન થયું છે. 5 દીકરી 1 દીકરો કુલ 6 બાળકો સંતાનમાં છે. તેમની વાડીમાં દીપડાઓ સતત અવરજવર કરી રહ્યા છે, એના કારણે બાળકોની ચિંતા અત્યંત વધી, જેના કારણે એક કારીગર મારફત એક પાંજરું તૈયાર કર્યું છે. આ પાંજરું લોખંડનું સૌથી મોટું સુરક્ષિત તૈયાર કર્યું છે, આ પાંજરામાં બાળકોને સુરક્ષિત રાખવામાં આવશે, કેમ કે પત્ની નહીં હોવાને કારણે બાળકો એકલાં હોય, પિતા ખેતરમાં મજૂરીકામ કરતા હોય છે .

## સુરતના મોટા વરાછામાં તિજોરી બનાવવાના ગોડાઉનમાં ધડાકાભેર બ્લાસ્ટ; ફાયરબ્રિગેડની ગાડીઓ ઘટનાસ્થળે

(એજન્સી) સુરત | તા. 18

સુરતના મોટા વરાછા વિસ્તારમાં દુખિયાના દરબાર પાસે આવેલા વૈભવ રેસીડેન્સી નજીકના ગોડાઉનમાં આગ બાદ ગેસ-સિલિન્ડર બ્લાસ્ટ થયું હતું. ગોડાઉનમાં કેમિકલ હોવાના કારણે આગ એટલી હદે વિકરાળ બની હતી કે, બે કિલોમીટર દૂર સુધી ધુમાડાના ગોટેગોટા ઉડતા દેખાયા હતા. ગેસ-સિલિન્ડર બ્લાસ્ટ થતાં આગનો વીડિયો ઉતારનાર વ્યક્તિ પણ હચમચી ગઈ હતી. ઘટનાને પગલે લોકોમાં અફરાતફરી જોવા મળી હતી. પતરાનો શેડ હોવાથી ગણતરીની મિનિટોમાં આખે આખું ગોડાઉન આગની લપેટમાં આવી ગયું હતું. ફાયર બ્રિગેડને જાણ કરાતા ત્રણ ફાયર સ્ટેશનની ગાડોઓ સ્થળે દોડી ગઈ હતી. મોટા વરાછા વૈભવ રેસીડેન્સી પાસે ગોડાઉનમાં સિલિન્ડર બ્લાસ્ટ થયો હતો. ગ્રાઉન્ડ ઉપર જ પતરાના શેડ નાખીને આ ગોડાઉન ચલાવવામાં આવતું હતું, જેમાં લોખંડની તિજોરી બનાવવાનું કામ કરવામાં આવી રહ્યું હતું. આજે (18 જાન્યુઆરી) સવારના સમયે એકાએક જ બ્લાસ્ટ થતાં આસપાસના રહીશો ગભરાઈ ગયા હતા. ગેસ-સિલિન્ડર બ્લાસ્ટ ખૂબ જ પ્રચંડ હોવાને કારણે આજુબાજુના કાચ પણ તૂટી ગયા હતા. બ્લાસ્ટના અવાજથી ભલભલા ધ્રુજી ગયા ઉઠ્યા હતાં. થોડી ક્ષણો માટે તો આસપાસના રહીશો પણ ઘરની બહાર દોડી આવ્યા હતા.
આ અંગે ફાયર અધિકારી ધીરુભાઈ ચૌહાણએ જણાવ્યું હતું કે, કોલ મળતાની સાથે જ અમે ઘટનાસ્થળ ઉપર પહોંચ્યા હતા. લોખંડની તિજોરી બનાવવાનું કામ ગોડાઉનમાં કરવામાં આવી રહ્યું હતું, જ્યાં મોટા પ્રમાણમાં ફીનાઈલ કલર જેવા કેમિકલ હોવાને કારણે આગ ખૂબ જ ઝડપથી પ્રસરી ગઈ હતી. ગેસ સિલિન્ડરમાં બ્લાસ્ટ થયા હોવાનું જાણવા મળ્યું છે. અમે પહોંચ્યા તે પહેલા બ્લાસ્ટ થઈ ગયો હતો. ત્રણ ફાયર સ્ટેશનની ગાડીઓની મદદથી



આગ ઉપર કાબુ મેળવી લેવાયો હતો.
વધુમાં ઉમેર્યું કે, ઘટના જ્યારે બની હતી, ત્યારે કોઈપણ વ્યક્તિ અંદર હાજર ન હોવાનું જાણવા મળ્યું હતું. જોકે, આગ ખૂબ જ ઝડપથી પ્રસરી ગઈ હતી. પ્રથમ દ્રષ્ટિએ એવું જણાય છે કે, ગોડાઉનમાં કામ કરતા મજૂરો માટે ખાવાનું બનાવવા ગેસનો ઉપયોગ કરતા હોવાની શક્યતા છે. જોકે, આખી તપાસ બાદ જ માલુમ પડશે કે આગ કેવી રીતે લાગી અને સિલિન્ડર બ્લાસ્ટ કેવી રીતે થયું.

## પગાર બાબતે સુપરવાઇઝર પર 12 ઇંચના ચપ્પુથી હુમલો
## જાંઘમાંથી પસાર થઈ ચપ્પુ પેટના નીચેના ભાગ સુધી આવ્યું, 5 કલાક સર્જરી કરી...

(એજન્સી) સુરત | તા. 18

સુરતના ઉધના વિસ્તારમાં કામદારે પોતાના સુપરવાઈઝર પર 12 ઈંચના ચપ્પુ વડે જીવલેણ હુમલો કર્યો હોવાનો ચોંકાવનારો કિસ્સો ગઈકાલે (17 જાન્યુઆરી) સામે આવ્યો હતો. આ ઘટનામાં સુપરવાઈઝર ગંભીર રીતે ઘવાતાં હાલ તેને આઈસીયુમાં સારવાર હેઠળ રાખવામાં આવ્યો છે. હુમલો એટલો ભયાનક હતો કે ચપ્પુ જાંઘમાંથી પસાર થઈ પેટના નીચેના ભાગ સુધી ઘૂસી ગયું હતું. ડોકટરો દ્વારા એક્સ-રે કરવામાં આવતાં ચપ્પુ સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. 12 ઈંચ લાંબા ચપ્પુમાંથી માત્ર 15 ટકા ભાગ જ બહાર હતો, જ્યારે 85 ટકા ભાગ અંદર ઘૂસેલો હતો.
આ ગંભીર પરિસ્થિતિમાં તબીબોએ તાત્કાલિક સારવાર શરૂ કરી હતી. ચપ્પુને સુરક્ષિત રીતે બહાર કાઢવા માટે 5 કલાક સુધી સર્જરી કરી હતી. ડોક્ટરોના પ્રયાસોને કારણે સુપરવાઇઝરની સ્થિતિ હાલ સ્થિર હોવાનું જાણવા મળી રહ્યું છે.
પોલીસના પ્રાથમિક તપાસમાં ખૂલ્યું છે કે સુપરવાઈઝર અને હુમલાખોર કામદાર મનોજ વચ્ચે પગાર અને પૈસાની લેતી-દેતી બાબતે વિવાદ હતો. પોલીસે આ હુમલાને પગલે તપાસ શરૂ કરી છે અને ચપ્પુને પુરાવા તરીકે કબજે કર્યું છે.
ઉધના વિસ્તારમાં આવેલી સોનલ ઈન્ડસ્ટ્રિયલ કંપનીમાં રાકેશ પટેલ નામનો યુવક સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતો હતો. આ કંપનીમાં અગાઉ કામ કરતો ઓડિશાવાસી કારીગર મનોજ પગારના વિવાદને કારણે એક મહિના પહેલાં નોકરી છોડીને ગયો હતો. મનોજ અચાનક કંપની પહોંચ્યો અને રાકેશ પટેલ પર ચપ્પુ વડે હુમલો કર્યો હતો. પીડિત રાકેશને પેટના ભાગે ચાર ઘા મારી કારીગર ફરાર થઈ ગયો હતો. બાદમાં રાકેશને ગંભીર ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર અર્થે નવી સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો.
હુમલાની જાણ થતાં જ ઉધના પોલીસે ઘટનાસ્થળે પહોંચી કેસ નોંધ્યો છે. પોલીસે જણાવ્યું હતું કે આરોપી મનોજને ઝડપી પાડવા ટીમ બનાવવામાં આવી છે. સીસીટીવી ફૂટેજ તેમજ સાક્ષીઓનાં નિવેદનોના આધારે આગળની કાર્યવાહી થશે. પ્રાથમિક તપાસમાં આ હુમલો જૂના પગાર વિવાદ અને કામ સંબંધિત અદાવતને કારણે થયો હોવાનું અનુમાન છે. હાલ આ મામલે ઉધના પોલીસ તપાસ કરી રહી છે.

## નર્મદા વિજિલન્સની ટીમે રાજપીપળામાં 1.29 લાખના વિદેશી દારૂ સાથે એકને ઝડપ્યો



(એજન્સી) નર્મદા | તા. 18

નર્મદા જિલ્લાના રાજપીપળામાં વિજિલન્સની ટીમે મોટી કાર્યવાહી કરી છે. ગાંધીનગર સ્ટેટ મોનિટરીંગ સેલની બાતમીના આધારે રાજપીપળાના ટેકરા ફળિયાના રતન તળાવ વિસ્તારમાંથી ટાટા ઈન્ડિગો કારમાંથી વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે.
નાંદોદ તાલુકાના ચિત્રોલ ગામના પરેશ દશોરિયા વસાવા પાસેથી ભારતીય બનાવટની વિદેશી દારૂની અલગ-અલગ બ્રાન્ડની 600 બોટલ મળી આવી છે, જેની કિંમત રૂ. 1.29 લાખ છે. પોલીસે દારૂનો જથ્થો, ઈન્ડિગો કાર અને મોબાઈલ મળી કુલ રૂ. 2.84 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આરોપી પાસેથી દારૂ ક્યાંથી લાવ્યો અને કોને પહોંચાડવાનો હતો તે અંગે પૂછપરછ ચાલી રહી છે.
બીજી તરફ, નર્મદા એલસીબીએ પ્રોહિબિશનના કેસમાં એક વર્ષથી ફરાર આરોપી દિનેશભાઈ જાગા વસાવાને મહારાષ્ટ્રના પુણે જિલ્લાના મુલસી તાલુકાના વલણે ગામમાંથી ઝડપી પાડ્યો છે. આ આરોપી ગરૂડેશ્વર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા બે પ્રોહિબિશન કેસમાં ફરાર હતો. આરોપીને ગરૂડેશ્વર પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે, જ્યાં આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## અમૂલ શ્રીખંડમાંથી ફૂગ નીકળી... સેમ્પલ લીધા
## ડબ્બો ખોલતાં જ બધા ચોંકી ગયા, ફરિયાદ બાદ ફૂડ એન્ડ ડ્રગની ડીમાર્ટ - એજન્સીમાં તપાસ

(એજન્સી) વલસાડ | તા. 18

વલસાડના વશિયર વિસ્તારમાં ગંભીર બેદરકારીનો કિસ્સો સામે આવ્યો છે. અમૂલના મેંગો શ્રીખંડના ગ્રાહકે ખરીદેલાં તમામ પેકેટમાંથી ફૂગ મળી આવતાં ખળભળાટ મચી ગયો છે. વલસાડના ગ્રાહકે આ ઘટનાનો વીડિયો પુરાવો લઈને ફૂડ એન્ડ ડ્રગ વિભાગમાં ફરિયાદ નોંધાવી છે.
વેપારીએ ફૂડ એન્ડ ડ્રગ વિભાગમાં કરેલી ફરિયાદ બાદ ફૂડ એન્ડ ડ્રગ વિભાગની ટીમે આજે ડીમાર્ટ અને જલારામ એજન્સીના ગોડાઉનમાં ફૂડ એન્ડ ડ્રગ વિભાગની ટીમે ચેકિંગ હાથ ધર્યું હતું. જેમાં અસંખ્ય કિલો શ્રીખંડ ખરાબ નીકળ્યો હતો. ફૂડ એન્ડ ડ્રગ વિભાગની ટીમે કાર્યવાહી હાથ ધરી હતી. 500 ગ્રામ શ્રીખંડના 58 પેક જથ્થો નાશ કરવામાં આવ્યો હતો.
સ્થાનિક કાપડના વેપારી રતનસિંહ ચૌહાણે ડીમાર્ટ સ્ટોરમાંથી ખરીદેલા અમૂલ મેંગો શ્રીખંડમાં ફૂગ મળી આવતાં ફૂડ એન્ડ ડ્રગ વિભાગમાં ફરિયાદ નોંધાવી છે, સાથે જ તેણે પુરાવારૂપે વીડિયો આપ્યો છે અને કાર્યવાહીની માગ કરી છે. દીકરીનો ફેવરિટી હતો એટલે પિતાએ મેંગો શ્રીખંડની ખરીદી




કરી હતી. ખાવા બેઠા અને જોઈને ચોંકી ગયા હતા.
રાજસ્થાનથી એક મહિના બાદ પરત ફરેલા રતનસિંહે શુક્રવારે રાત્રે ડીમાર્ટમાંથી તેમની દીકરી માટે અમૂલ મેંગો શ્રીખંડ સહિત અન્ય કિરાણા સામાન ખરીદ્યો હતો. ઘરે આવીને જ્યારે શ્રીખંડનું પેકેટ ખોલ્યું ત્યારે એમાં ફૂગ જોવા મળી હતી. આ પછી તેમણે બીજું પેકેટ તપાસ્યું, એમાં પણ ફૂગ હતી. તરત જ તેઓ ડીમાર્ટ પરત ફર્યા અને ત્યાં રાખેલાં તમામ શ્રીખંડનાં પેકેટ્સમાં ફૂગ હોવાનું જોવા મળ્યું. સ્ટોર મેનેજર પાસેથી સંતોષકારક જવાબ ન મળતાં રતનસિંહે વીડિયો પુરાવા સાથે ફૂડ એન્ડ ડ્રગ વિભાગમાં ફરિયાદ નોંધાવી છે. વિભાગના ડિસ્ટ્રિક્ટ ઓફિસર વડવીએ કહ્યું હતું કે, શનિવારે સ્થળ તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે. ત્યારે ફૂડ વિભાગે તપાસ કરીને 58 પેક ચેક કર્યા હતા અને 29.5 કિલો શ્રીખંડ અખાદ્ય નીકળ્યો હતો.
રતનસિંહે જણાવ્યું હતું કે વર્તમાન વાતાવરણમાં જો કોઈ પરિવારે તપાસ્યા વિના આ શ્રીખંડ ખાધો હોત તો તેની ગંભીર અસર થઈ શકી હોત.

## પુત્રના વિયોગમાં માતાનો આપઘાતનો પ્રયાસ: અલથાણ ખાડીમાં છલાંગ મારતા રાહદારીએ ફાયર બ્રિગેડને જાણ કરી

(એજન્સી) સુરત | તા. 18

દીકરાના મૃત્યુના શોકમાં એક વર્ષથી માનસિક તણાવમાં જીવતા 62 વર્ષીય દેવીબેને અલથાણ ખાડીમાં જીવ આપવાના ઉદ્દેશ્ય સાથે મોતની છલાંગ મારી હતી. પરંતુ રાહદારીની તત્પરતા અને ફાયર બ્રિગેડના જવાનોની ઝડપી કામગીરીના કારણે વૃદ્ધ માતાનો જીવ બચાવી લેવામાં આવ્યો છે. રેસ્ક્યૂની કામગીરીના લાઈવ દ્રશ્યો પણ સામે આવ્યો છે. વૃદ્ધ મહિલાના આપઘાતનું કારણ સાંભળી લોકોની આંખો છલકાઈ હતી.
અલથાણ ખાડીમાં એક વૃદ્ધા છલાંગ મારતી જોઈ, તે દ્રશ્ય રાહદારીઓ માટે આઘાતજનક હતું. તરત જ ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી, જેણે માઈક્રો સેકન્ડના પ્રતિક્રિયા સમય સાથે ફાયર બ્રિગેડના જવાનો ગણતરીના મિનિટમાં ખાડી પર પહોંચી ગયાં હતા. જવાનો ખાડીના ગંદા પાણીમાં ઉતરી દેવીબેનને બહાર કાઢી રહ્યા હતા, તે દ્રશ્યો ખરેખર દ્રવિત કરનારા હતા. દેવીબેન પાંડેસરાના શ્રમજીવી પરિવારમાંથી આવે છે. બે પુત્ર અને વહુ સાથેના સંસારમાંથી એક પુત્રના વિયોગે તેમને તોડી નાખ્યાં હતા. દીકરાના મૃત્યુ પછીનો દરેક દિવસ તેમનાં માટે ભારરૂપ બની ગયો હતો. આખરે, માનસિક આઘાતે તેમને મનમાં આત્મહત્યાના વિચારે જન્મ લીધો હતો.
ફાયર બ્રિગેડના જવાનોની કામગીરીના દ્રશ્યો લાઈવ સામે આવ્યા હતા. જ્યાં દેવીબેનને ગંદા ખાડીના પાણીમાંથી બહાર લાવતા સમયે તેમના આંસુઓ કોઈપણની આંખમાં પાણી લાવી શકે. ઘટનાના 10 મિનિટ પછી પણ તેઓ “મારો દીકરો પાછો લાવો” કહ્યાં કરતા હતા, જેનાથી ત્યાં ઊભેલા લોકોના દિલ નમ થઈ ગયા હતો.
ફાયર બ્રિગેડ અને 108 એમ્બ્યુલન્સની મદદથી દેવીબેનને તરત જ સુરત સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં, જ્યાં તેઓ હાલ સારવાર હેઠળ છે. તેમના પતિ અને બીજા દીકરા-વહુ આ ઘટનાની જાણ થતાં દોડી આવ્યા હતા. હાલમાં સિવિલમાં દેવીબેનની સ્થિતિ સ્થિર છે.

## પાડોશીની પત્નીની વાતો કરવાની ના કહેતા પાવડો અને છરીથી હત્યા કરી

(એજન્સી) જુનાગઢ | તા. 18

કેશોદના ચર ગામમાં ભાગિયાએ ખેડૂતની હત્યા કરી હતી. જે મામલે પોલીસે આરોપી લીલા ડાભીને 6 દિવસ બાદ ઝડપી પાડ્યો છે. આ ઘટના 12 જાન્યુઆરીની રાત્રે બની હતી, જ્યારે ખેડૂત ખીમાણંદભાઈ બોરખતરિયાની તેમના જ ઘરમાં હત્યા કરવામાં આવી હતી.
ત્રણ વર્ષથી ખીમાણંદભાઈના ખેતરમાં ભાગ ખેડતા લીલા ડાભી અવારનવાર પાડોશીની પત્ની વિશે અયોગ્ય ટિપ્પણીઓ કરતા હતા. પાડોશીની ફરિયાદ બાદ ખીમાણંદભાઈએ લીલા ડાભીને ઠપકો આપ્યો હતો, જેના કારણે તેમના મનમાં દુશ્મની બંધાઈ હતી. ઘટનાના દિવસે ખીમાણંદભાઈનો પરિવાર જૂનાગઢ હોસ્પિટલમાં સંબંધીની ખબર કાઢવા ગયો હતો અને ઘરમાં માત્ર તેમની પુત્રવધૂ હાજર હતી. લીલા ડાભીએ આ તકનો લાભ લઈને પુત્રવધૂને ઘરમાં બંધ કરી, તીક્ષ્ણ હથિયાર વડે ખીમાણંદભાઈ પર હુમલો કરી તેમની હત્યા કરી નાખી હતી. પાડોશીઓએ 108ને જાણ કરી હતી, પરંતુ સારવાર મળે તે પહેલાં જ ખીમાણંદભાઈનું મૃત્યુ થયું હતું.
મૃતકના પુત્ર કૌશિક બોરખતરીયાએ કેશોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે વિવિધ ટીમો બનાવી તપાસ શરૂ કરી હતી અને છેવટે આરોપી લીલા ડાભીને બાલાગામ પાટીયા પાસેથી ઝડપી પાડ્યો છે. પોલીસે આ ગંભીર હત્યા કેસમાં વધુ તપાસ હાથ ધરી છે.
ડીવાયએસપી બીસી ઠક્કરે જણાવ્યું હતું કે, ગત 12 જાન્યુઆરીના કેશોદ પોલીસ સ્ટેશન ખાતે ચર ગામે થયેલી હત્યાનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. જેમાં મૃતક ખીમજીભાઈ બોર ખતરિયાના દીકરા કૌશિક બોરખતરીયાએ પોતાના પિતાની હત્યા તેના ખેતરનું ભાગિયું રાખનાર લીલા ડાભીએ કરી હોવાની ફરિયાદ પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી. ચર ગામે મૃતકના પાડોશી હરેશભાઈએ ખીમાભાઈ બોર ખતરીયાને રજૂઆત કરી હતી કે, આરોપી લીલા ડાભી મારી પત્ની વિશે જેમ તેમ બોલી ખોટી વાતો કરે છે. જે મામલે મૃતક ખીમજી બોર ખત્રીયાએ આરોપી લીલા ડાભીને ધમકાવી સમજાવ્યાં હતા.

## નાસ્તો લેવા નીકળેલી યુવતી 4 દિવસથી લાપતા બનતા પરિવારમાં ચિંતાનો માહોલ

જામનગર | જામનગર તાલુકાના ઠેબા ગામમાં એક યુવતી રહસ્યમય રીતે ગુમ થવાની ઘટના સામે આવી છે. ગામમાં રહેતા ગિરધરભાઈ મકવાણાની 21 વર્ષીય અપરણિત પુત્રી પારસબેન ગત તારીખ 15ના રોજ સાંજે 7:30 વાગ્યે નાસ્તો લેવા માટે ઘરેથી નીકળી હતી, પરંતુ ત્યારબાદ પરત ફરી નથી.
પરિવારજનોએ પ્રથમ આસપાસના વિસ્તારમાં અને સગા-સંબંધીઓમાં તપાસ કરી, પરંતુ યુવતીનો કોઈ પત્તો ન લાગતા આખરે પિતા ગિરધરભાઈ બોઘાભાઈ મકવાણાએ જામનગરના પંચકોશી એ. ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુમ થયાની નોંધ લઈને તપાસ શરૂ કરી છે.



હાલમાં પંચકોશી એ ડિવિઝનના પોલીસ હેડ કોન્સ્ટેબલ બી.એચ. લાંબરીયાના નેતૃત્વમાં યુવતીની શોધખોળ ચાલી રહી છે. પોલીસે આસપાસના વિસ્તારોમાં તપાસ તેજ કરી છે અને યુવતીના મોબાઈલ લોકેશન સહિતની તકનીકી માહિતીના આધારે પણ તપાસ કરી રહી છે.

## સુરતમાં બાળભ્રૂણ મળ્યું: પાંડેસરા વિસ્તારમાંથી ત્યજેલું નવજાત મળતા સારવાર અર્થે ખસેડાયું

(એજન્સી) સુરત | તા. 18

9 જાન્યુઆરીના રોજ પાંડેસરા વિસ્તારમાંથી એક ભ્રૂણ મળી આવ્યું હતું, જેની તપાસ હજુ ચાલી રહી છે. આ વચ્ચે, ફરી એક વખત પાંડેસરા વિસ્તારના વડોદ ગામના ખુલ્લા પ્લોટમાં બીજા ભ્રૂણ મળવાના કેસથી ચકચાર મચી છે. પોલીસ અને ફોરેન્સિક ટીમ દ્વારા ઘટનાસ્થળે પહોંચીને તપાસ શરૂ કરવામાં આવી છે. આ સ્થિતિએ, માતા અને ભ્રૂણ સાથે સંકળાયેલા લોકોની તપાસ કરવાં માટેની તજવીજ હાથ ધરવામાં આવી છે.
સુરત શહેરના પાંડેસરા વિસ્તારમાં થોડા દિવસ અગાઉ 16 વર્ષીય કિશોરીએ ત્યજી દીધેલું ભ્રૂણ કચરાના ઢગલામાંથી મળ્યું હતું, આ મામલે પોલીસ તપાસમાં એક ચોંકાવનારો ખુલાસો સામે આવ્યો હતો. આ સમાચાર વાંચવા અહીં ક્લિક કરો...
સુરતના પાંડેસરા વિસ્તારમાં પુનઃ એકવાર માનવતાને શર્મસાર કરતી ઘટના સામે આવી છે. પાંડેસરાના વડોદ ગામના ખુલ્લા પ્લોટમાંથી બાળભ્રૂણ મળી આવ્યું છે. આ કરુણ ઘટનાની જાણ થતાં સ્થાનિકોમાં આઘાત ફેલાયો હતો. વડોદ ગામના એક ખુલ્લા પ્લોટમાંથી બાળકનું ભ્રૂણ મળી આવતા સ્થાનિકોએ તરત જ પાંડેસરા પોલીસને જાણ કરી હતી. પોલીસે ઘટનાસ્થળે પહોંચી અને તપાસ શરૂ કરી હતી. પાંડેસરા પોલીસના મતે, આ ભ્રૂણ તાજુ જન્મેલું હતું અને બેદરકારીપૂર્વક ત્યાં ફેંકવામાં આવ્યું હોવાની શંકા છે.
બાળભ્રૂણને તાત્કાલિક સુરત સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યું છે, જ્યાં તેની વધુ તબીબી તપાસ કરવામાં આવશે. હોસ્પિટલના સૂત્રોએ જણાવ્યું કે, ભ્રૂણ કેટલા દિવસનું હતું અને તેનો સ્ત્રોત શું છે તે તપાસવમાં આવશે. આ ઘટનાથી સ્થાનિક લોકોમાં આક્રોશ વ્યાપ્યો છે. ‘આવાં કૃત્ય શરમજનક છે, નિર્દોષ બાળભ્રૂણને આ રીતે ફેંકી દેવું અમાનવીય છેટ એમ એક રહેવાસીએ જણાવ્યું હતું. પાંડેસરા પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે. કોણ બાળકના ભ્રૂણને અને કોણ અહીં ફેંકી ગયું તે શોધવા માટે સાક્ષીઓના નિવેદન લેવામાં આવી રહ્યા છે. તેમજ નજીકના સીસીટીવી ફૂટેજ પણ તપાસવામાં આવી રહ્યા છે.

## વિચારોનું વ્યસન

# " નકારાત્મક રૂપી વિચારોના વ્યસન ને દૂર કરી, હકારાત્મક રૂપી વિચારોનું વાવેતર કરીએ"

વિચારો એ મનુષ્યની મૂલ્યવાન સંપત્તિ છે. દરેકે સતત વિચારતા રહેવું જોઈએ. પરંતુ તમને સૂર્યોદય થી સૂર્યાસ્ત સુધી સંપૂર્ણ દિવસ દરમિયાન કેવા વિચારો આવે છે તે નોંધ્યું છે ખરું?? રોજ રાત્રે સૂવા થી પહેલા કેવા વિચાર સાથે સુવો છે તેમજ સવારે ઉઠતાની સાથે કેવા વિચાર કરો છો એ કોઈ દિવસ વિચાર્યું છે ખરું?
વિચારોની મદદથી જ આપણે આપણા સુખી સંસાર નું નિર્માણ કરીએ છીએ. દરેક મનુષ્ય કોઇ ને કોઇ અંશે તેના પોતાના વિચારો થી જ ઓળખાય છે. ફલાણો માણસ ખૂબ સાહસિક છે, ફલાણો ખૂબ ડરપોક છે, ફલાણો માણસ આશાવાદી છે કે ફલાણો ખૂબ નિરાશાવાદી વિચારો કરે છે



**નંદની વાસાણી**
**દેશલપર**

- આવા અભિપ્રાયો અવારનવાર આપતા હોઈએ છીએ ને આપણા વિશે પણ બીજાઓ અભિપ્રાયો આપતાં હોય છે. તમારા વિચારો અને તેના અમલીકરણ થી જ તમારું વ્યક્તિત્વ બને છે. અને એ પછી તમારો સ્વભાવ બની જાય છે. જો સતત નકારાત્મક જ વિચાર્યા કરશો તો દરેક બાબત માં તમને કંઈ ને કંઈ ખામી જ મળ્યા કરશે. કોઈ મુશ્કેલી ના સંજોગો માં મન માં આવી રહેલ અસંખ્ય વિચારો ના વમળો ને શાંત કરી હકારાત્મક વિચારી ને સારું પરિણામ મેળવી શકાય છે.
સફળ વ્યક્તિ તે જ છે, જે જાણે છે કે પોતાને શું કરવું છે. કોઈના વ્યર્થ કે નિરાશાવાદી અભિપ્રાયો પર ન ચાલતા પોતે નક્કી કરે છે કે તેણે શું કરવું છે. એક યોગ્ય લક્ષ નક્કી કરી તેને પૂરું કરવા બની સકતા પ્રયત્નો કરે છે. તમે જેવો વિચાર કરશો તેવા જ તમે બનશો. આશાવાદી વિચારો કરી ને મન માં આવી રહેલ નકારાત્મક વિચારો ને દૂર કરવાના છે. ખરી વાત કહું તો, 'મન તમારા કાબૂ માં હોવું જોઈએ, નહીં કે તમે મનના કાબૂ માં.' ઘણી વખત નિષ્ફળતા ને આપણે નસીબ નો દોષ માની લઈએ છીએ. પરંતુ હકીકતે તો આપણા નકારાત્મક વિચારો અને મનનો જ દોષ છે. 'મન હોય તો માળવે જવાય' આ કહેવત સાંભળી કે વાંચી જ હશે તેમ જ મન ઈચ્છે તો તમારી અનેક નિષ્ફળતાઓ છતાં અંતે સફળતા તરફ લઈ જઈ શકે છે.
તો હવે.. નકારાત્મક વિચારો ના ભોગ બનતા અટકવા માટે શું કરવું? પ્રથમ તો તમે તમારા વિચારો ને લઈ ને સજાગ થાવ. કંઈપણ નકારાત્મક વિચાર આવે તો ત્યાં જ થોભી જઈ તમારા મનને સારી બાબત માં વાળો. શરૂઆત માં થોડું અઘરું લાગશે પણ પછી એ તમારું વલણ બની જશે. ભૂતકાળ માં મેળવેલ સફળતાં અને તેમાં કરેલ પ્રયત્નો યાદ કરો. મનને નબળુ પાડતાં વિચારો થી પ્રયત્નપૂર્વક દૂર રહી, સતત હકારાત્મક વિચારો ની ટેવ પાડો. સોશ્યલ મીડિયા પર વ્યર્થ સમય નો વ્યય ન કરતા કોઈક વખત સારું પુસ્તક વાંચવાનું પણ રાખો.
આવનાર સમય માં સફળ, મજબૂત અને આશાવાદી વ્યક્તિ એ જ હશે જેઓ તેના મનને પોતાના વશ માં રાખશે. આશાવાદી વિચારો થી પોતાના મનની શક્તિઓ નો યોગ્ય ઉપયોગ કરી સતત હકારાત્મક વિચારોથી મનને મજબૂત બનાવશે. તો આપણે પણ એક નાનો પ્રયત્ન કરીએ..'હકારાત્મક વિચારો નુ વાવેતર કરીએ, અને નકારાત્મક વિચારોના વ્યસન થી દૂર રહી જીવન હળવું બનાવીએ.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગાંધીગનરના IIPH ખાતે "હેલ્થ ડિપ્લોમસી અંગે સંવાદ"નો પ્રારંભ

## 100થી વધુ દેશોને વેક્સિન અને મેડિસીન પહોંચાડીને વિશ્વમિત્રની ભાવના વધુ પ્રબળ બનાવી છેઃ ભૂપેન્દ્ર પટેલ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું છે કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈના નેતૃત્વમાં ભારત વસુધૈવ કુટુમ્બકમની ભાવના ઉજાગર કરીને વિશ્વ મિત્ર તરીકે ઉભરી આવ્યું છે. કોરોના મહામારીના વિકટ સમયમાં 100થી વધુ દેશોને વેક્સિન અને મેડિસીન પહોંચાડીને ભારતે પોતાની વિશ્વમિત્રની ભાવના વધુ પ્રબળ બનાવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિદેશ મંત્રાલયના પૉલિસી પ્લાનિંગ અને રિસર્ચ ડિવિઝનના નેજા હેઠળ રાજ્ય સરકારના આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગ તેમજ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક હેલ્થ, ગાંધીનગર દ્વારા આયોજિત "હેલ્થ ડિપ્લોમસી અંગે સંવાદ"નો પ્રારંભ કરાવ્યો હતો. આ સંવાદનો મુખ્ય હેતુ ગ્લોબલ સાઉથ દેશોમાં ભારતીય નીતિઓ અને શ્રેષ્ઠ પ્રણાલીઓના સંભવિત યોગદાન પર ચર્ચા-મંથન કરવાનો છે. આરોગ્ય સુરક્ષા સુધારવા, ગરીબી ઘટાડવા અને સમાનતા વધારવા માટે ગ્લોબલ સાઉથ દેશો વચ્ચે પરસ્પર સહયોગ સહિતના વૈશ્વિક આરોગ્ય મુદ્દાઓ પર આ સંવાદમાં ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. આ પ્રસંગે મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ભારત ગ્લોબલ સાઉથના દેશોમાં જેનેરિક દવાઓ ઉપલબ્ધ કરાવવામાં તેમજ ફાર્મસી રેગ્યુલેશન વર્કમાં સહયોગ પૂરો પાડી રહ્યું છે. તેમણે જણાવ્યું હતું કે, વર્તમાન સમયમાં સ્વાસ્થ્ય સંબંધી જટિલ સમસ્યાઓ વધી રહી છે તેના સમાધાન માટે વડાપ્રધાનના નેતૃત્વમાં ભારત મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે તેમ છે. આ વૈશ્વિક પડકારો અને તેના સમાધાનરૂપે ભારતની બેસ્ટ પ્રેક્ટીસીસને વિશ્વ સમક્ષ પ્રસ્તુત કરવા માટે આ સંવાદને મુખ્યમંત્રીશ્રીએ યોગ્ય માધ્યમ ગણાવ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં પાછલા દસ વર્ષોમાં આરોગ્ય ક્ષેત્રે દેશમાં અભૂતપૂર્વ વિકાસ થયો છે. દરેક વ્યક્તિને ઉત્તમ સ્વાસ્થ્ય સુવિધાઓ ઉપલબ્ધ તે માટે પ્રિવેન્ટિવ હેલ્થ કેરને પ્રોત્સાહન, ગામડાઓમાં આધુનિક આરોગ્ય સુવિધાઓ, શહેરોમાં મેડિકલ કોલેજ અને રિસર્ચ સંસ્થાઓની સ્થાપના જેવા મુદ્દે વડાપ્રધાનના નેતૃત્વમાં દેશમાં એકસાથે કામ થઈ રહ્યું છે તેમ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું. વડાપ્રધાનશ્રીએ ગુજરાતમાં સ્વાસ્થ્ય સુવિધાઓ સુદ્રઢ કરી છે તે અંગે મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, નરેન્દ્રભાઈના માર્ગદર્શન અને વિઝનનો લાભ ગુજરાતને પાછલા 23 વર્ષોથી મળી રહ્યો છે. રાજ્યમાં હાલમાં આયુષ્માન આરોગ્ય મંદિરથી લઈને મેડિકલ કૉલેજ અને અત્યાધુનિક હૉસ્પિટલ્સ મળીને અગિયાર હજારથી વધુ સ્વાસ્થ્ય સંસ્થાઓ લોકોની આરોગ્ય સુખાકારી માટે કાર્યરત છે. મુખ્યમંત્રીએ ગુજરાતની આરોગ્ય ક્ષેત્રની સિદ્ધિઓ વર્ણવતા કહ્યું હતું કે, ભારત સરકારની થિંક ટેન્ક સંસ્થા નીતિ આયોગના સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સમાં ગુજરાત સતત બે વર્ષોથી "સારુ સ્વાસ્થ્ય અને સુવિધાઓ"ની શ્રેણીમાં પ્રથમ ક્રમે છે. આરોગ્ય ક્ષેત્રે પાયાની સુવિધાઓ સાથે ગુજરાત આજે મેડિકલ ટૂરિઝમના હબ તરીકે વિકસી રહ્યું છે. રાજ્ય સરકારના આ પ્રયાસોના કારણે ગુજરાતના મેડિકલ ટૂરિઝમનો વિકાસ દર 33 ટકા વધ્યો છે. આ વિકાસ દર રાષ્ટ્રીય સ્તરે મેડિકલ ટૂરિઝમ વિકાસ દર કરતા 13 ટકાથી વધારે છે તેમ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું. આ સંવાદ વૈશ્વિક સ્તરે મેડિકલ તેમજ સ્વાસ્થ્ય સંબંધી સેવાઓ સાથે સંકળાયેલા તમામ પડકારોના સમાધાન માટે મહત્વપૂર્ણ વિચાર-વિમર્શનો મંચ બનશે તેવો વિશ્વાસ મુખ્યમંત્રીએ વ્યક્ત કર્યો હતો.

# બોટાદમાં રત્નકલાકાર યુવાનના કોમ્પ.ના પાંચમા માળેથી પડતું મુકી આપઘાત

(એજન્સી) બોટાદ તા. 18

બોટાદના હિફલી વિસ્તારમાં આવેલા આશીર્વાદ કોમ્પલેક્ષના પાંચમા માળેથી રત્નકલાકાર યુવકે પડતું મૂકી અગમ્ય કારણોસર આત્મહત્યા કરી લીધી હતી. બનવની જાણ થતાં પોલીસે ઘટના સ્થળે દોડી જઇ મૃતદેહનો કબ્જો લઈ ત્મહત્યાનું કારણ જાણવા ચક્રો ગતિમાન કર્યા હતા. દરમિયાનમાં સમગ્ર ઘટના સીસીટીવી માં કેદ થઈ હતી. બોટાદ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર પંથકમાં હાલ હીરાઉદ્યોગમાં ઘોરી મંદીનું મોજું ફરી વળ્યું છે. દિવાળી બાદ કેટલાંક સ્થલોએ કારખાના પુનઃ શરૂ થયા જ નથી તેવામાં આજે બોટાદમાં એક અજીબો ગરીબ બનાવ બન્યો હતો. બનાવ અંગે વિગતો આપતાં પોલીસ સૂત્રોએ જણાવ્યું કે, બોટાદના કનીવાડ ગામે રહેતા અને હીરાના કારખાનામાં એસોર્ટીંગનું કામ કરતા ૪૦ વર્ષીય યુવાન રસિકભાઈ વલ્લભભાઈ કાલીયાએ બોટાદના મહાજનવાડીમાં આવેલ આશીર્વાદ કોમ્પલેક્ષના પાંચમા માળની અગાશીમાંથી પડતું મૂકી આત્મહત્યા કરી લીધી હતી.આ ઘટનાની જાણ થતાં પોલીસ કાફલો સ્થળ પર દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડી વધુ તપાસ હાથ ધરી છે.આ સમગ્ર ઘટનાની દ્રશ્યો સીસીટીવી કેમેરામાં કેદ થયા હતા.

### ૨૦ હજાર લાભાર્થીઓનો એક સૂર

# ઝુંપડપટ્ટી, મફતનગરના આવાસોની વૈકલ્પિક વ્યવસ્થા આપ્યા બાદ જ 'ડિમોલિશન'

(એજન્સી) ભાવનગર તા. 18



ઝુંપડપટ્ટીધારકો, મફતનગર વસાહતીઓ તથા આવાસ વિહોણાં જરૂરિયાતમંદ પરિવારોને રહેવા માટે વૈકલ્પિક વ્યવસ્થા કરી આપવાની માંગ અન્યથા ડિમોલિશન કાર્યાવહી સ્થિગત રાખવાની માંગ સાથે આજે ઝુંપડપટ્ટી વસાહત હિતરક્ષા સમિતિએ જિલ્લા કલેકટરને આવેદન આપ્યું હતું.મહત્વપૂર્ણ છે કે, આવેદન વેળાએ સમિતિએ લાભાર્થીઓ પાસેથી ભરાવેલાં અંદાજે ૨૦ હજારથી વધુ વ્યકિગત માંગણી પત્રને કલેકટરના ટેબલ પર મુકતાં કલક્ટરનું ટેબલ માંગણીપત્રના જથ્થાથી છલકાઈ ગયું હતું. ઝુંપડપટ્ટી વસાહત હીત રક્ષા સમિતિએ કલેકેટરને પાઠવેલાં આવેદનમાં વિગતે જણાવ્યું કે, ભાવનગર મહાનગરપાલિકા તંત્ર દ્વારા હાલ શહેરમાં વિકાસના નામે ઠેર-ઠેર ડિમોલિશનની કાર્યવાહી કરવામાં આવી રહી છે. ઉપરાંત, તંત્ર દ્વારા ગઢેચી શુદ્ધિકરણ પ્રોજ્કટ અંતર્ગત પણ હાલ નદીકાંઠાના વિસ્તારોની આસપાસના ઝુંપડા તથા કાચા-પાકા મકાનો હટાવવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે. જેમાં વર્ષોથી આ સ્થળે રહેતાં વસાહતીઓની રહેવાની વૈકલ્પિક વ્યવસ્થાનો વિચાર કર્યા વગર તંત્રએ શરૂ કરેલી કામગીરીના કારણે અંદાજે ૨૦ હજારથી પરિવારો બેઘર બની જાય તેવી દારૂણ સ્થિતિ સર્જાઈ છે. આ તકે, આ લાભાર્થીઓને પ્રધાનમંત્રી આવાસ યોજના- શહેરી ૨.૦ હાઉસિંગ ફોર ઓલ મિશનની જોગવાઈ અનુસાર જે લાભાર્થી પાસે પોતાની માલિકીની જમીન હોય તેમને રાજ્ય સરકાર વારસાગત પરંતુ બિન તબદીલપાત્ર જમીન અધિકારો (લીઝ પટ્ટા) કરી આપે તેવી માંગ કરવામાં આવી હતી.

### સરકારની ચેતવણી છતાં ગાંધીધામમાં ડીજીટલ અરેસ્ટની ઘટના

# ડ્રગ્સ અને મની લોન્ડરિંગનો કેસ થયાનું કહી આધેડ પાસેથી 36.63 લાખ પડાવી લેવાયા

(એજન્સી) ભાવનગર તા. 18

ડ્રગ્સ અને મની લોડરિંગનું કેસ થયું હોવાનું કહી એફ.આઈ.આર મોકલી આધેડ સાથે વોટ્સઅપ પર વિડીયો કોલ મારફતે પૂછપરછ કરી તેને ડરાવી અને ધમકાવી તેના પાસેથી પોતે મોકલેલા બેંક ખાતામાં આર. ટી. જી. એસ મારફતે રૂપિયા મંગાવી લઈ આધેડ સાથે ઠગાઈ કરી હતી. અંજારના આધેડ સાથે હજુ ૧૯ દિવસ પહેલા જ આ પ્રકારની ઘટના બની છે. ત્યારે હવે ગાંધીધામમાં પણ ડીઝીટલ અરેસ્ટની ઘટના બનતા ઘેરા પ્રત્યઘાતો પડયા છે. ગાંધીધામનાં વોર્ડ નં - ૧૦એ ગુરુકુળની પાછળ રહેતા અને દિનદયાલ પોર્ટ ખાતે ટ્રાફિક ડિપાર્ટમેન્ટમાં આસિસ્ટન્ટ ડાયરેક્ટર તરીકે કામ કરતા સાંઈ એસ શાી ચીવુકુલાએ ફરિયાદ નોંધાવી હતી કે, ગત ૧૧ જાન્યુઆરીનાં ફરિયાદીનાં મોબાઈલ ફોન પર અજાણ્યા નંબરથી ફોન આવ્યો હતો. જેમાં સામાવાળાએ ફરિયાદીને પોતાની ઓળખ મુંબઈ પોલીસ તરીકે આપી જણાવ્યુ હતુ કે, તમારા આધાર કાર્ડનો મિસયુઝ થયો છે. જેમાં તમારા નામે કોઈએ મુંબઈથી દુબઇ પાર્સલ મોકલાવ્યો છે. જેમાં પોલીસ યુનિફોર્મ, પોલીસનો આઈ કાર્ડ અને ડ્રગ્સ મળેલ છે તેમ કહી તમને અમારા ઉપલા અધિકારી ફોન કરશે કહી ફોન રાખી દીધો હતો. જે બાદ ફરિયાદીને એક અજાણ્યા નંબરથી વોટ્સઅપ પર વિડિયો કોલ આવ્યો હતો. જેમાં સામાવાળો પોલીસ વર્ધીમાં બેઠો હતો અને પોતાની ઓળખ મુંબઈ પોલીસમાં પી. આઈ તરીકે આપી ફરિયાદીને વિડિઓ કોલમાં ફરિયાદીને કહયું હતુ કે, તમારું નામ મની લોડરિંગ અને ડ્રગ્સમાં આવ્યુ છે. તમે જે સાચું હોય એ કહી દયો નહીંતર તમારા પર કડક કાર્યવાહી કરવામાં આવશે કહી ધમકાવ્યો હતો અને ફરિયાદીને એક એફ. આઈ. આર મોકલી હતી. જેમાં ફરિયાદી પર મની લોડરિંગનું કેસ થયું હોય એમ લખેલુ હતુ અને મુંબઈ પોલીસનાં સહી સિક્કા વાળું લેટર જોઈ ગભરાઈ ગયો હતો.

# લાંચ કેસમાં સસ્પેન્ડ હેડ કોન્સ્ટેબલ 3 માસ બાદ ઝડપાયો

(એજન્સી) ભાવનગર તા. 18

હેડ કોન્સ્ટેબલનાં વચેટિયાએ બાકી રહેલા રૂપિયાની ઉઘરાણી શરૂ કરતાં પૈસા આપવાનું નક્કી થયું હતું.હેડ કોન્સ્ટેબલનો વચેટિયો નિલમબાગ સર્કલ પાસે લાંચ લેવા જતા એસીબીનાં હાથે રંગે હાથે ઝડપાઇ ગયો હતો. અને નાસી છૂટેલા હેડ કોન્સ્ટેબલને એસીબીએ ઝડપી લીધો હતો.હેડ કોન્સ્ટેબલને કોર્ટમાં રજૂ કરતા કોર્ટે એક દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.આ બનાવની જાણવા મળતી વિગત મુજબ ત્રણ માસ પૂર્વે ફરીયાદી વિરુદ્ધ ભાવનગર નિલમબાગ પોલીસ સ્ટેશનમાં તેમના મોટા બહેને અરજી કરી હતી. તે અરજી અન્વયે હેડ કોન્સ્ટેબલ વિરભદ્રસિંહ પદમસિંહ જેતાવત, નિલમબાગ પોલીસ સ્ટેશને ફરીયાદીને જવાબ લખાવવા માટે બોલાવ્યા હતા.વિરભદ્રસિંહે ફરીયાદીને ગુનો દાખલ કરવાની ધમકી આપી કોઇ હેરાનગતી નહી કરવાનાં બદલામાં ફરિયાદી પાસેથી રૂ.૭૦,૦૦૦ વ્યવહાર પેટે લેવાનું નક્કી થયેલ હતું.૨૦ હજાર ગૂગલ પે દ્વારા આપી દીધા હતા. દરમિયાનમાં બાકી નાં રૂ.૫૦,૦૦૦ માટે વચેટિયા જિતેન્દ્ર અરવિંદભાઈ દવે સતત ઉઘરાણી કરતાં હતા.

### બગદાણા ગુરૂઆશ્રમે ભાવિકોનો ઘોડાપૂર ઉમટયો

# સંત શિરોમણી બજરંગદાસબાપાની 48 મી પૂણ્યતિથિની ચોમેર આસ્થાભેર ઉજવણી



(એજન્સી) ભાવનગર તા. 18

## સેવક સમુદાયની પ્રેરણાદાયક સેવા

પૂ. બજરંગદાસાબાપાની ૪૮મી પુણ્યતિથિ પ્રસંગે બગદાણા ગુરૂઆશ્રમે મોટી સંખ્યામાં માનવ સમુદાય હાજર રહેવાનો હોય સેવક સમુદાય દ્વારા અહિં તમામ આગોતરી વ્યવસ્થા કરાઈ હતી. ત્રણેક હજાર ઉપરાંતના સ્વયંસેવક ભાઈઓ તથા બહેનોએ પાર્કિંગ, દર્શન, ચા-પાણી, રસોડા વિભાગ, વીજળી, પાણી વિભાગ, સુરક્ષા, લગેજ તેમજ પગરખા વગેરે વિભાગોમાં ખડેપગે સેવા પુરી પાડી હતી. ઉલ્લેખનિય છે કે, બગદાણામાં ગુરૂપૂનમ તેમજ તિથિ વેળાના પ્રસંગમાં રામ, રોટલી અને રાષ્ટ્રભકિતના રંગે રંગાયેલા ચુનંદા સ્વયંસેવકોની સેવા અહિ દર વર્ષે ઉપલબ્ધ બને છે. બગદાણા આશ્રમના સેવકો આ અગાઉ અયોધ્યામાં રામ મંદિરના પ્રતિષ્ઠા મહોત્સવમાં બાદ હાલ પ્રયાગરાજમાં મહાકુંભમેળામાં ભાવિકો માટે અન્નક્ષેત્રની સેવા બજાવી રહ્યા છે. તે પણ અત્રે નોંધનિય છે.

દેશ વિદેશમાં લાખ્ખો સેવક સમુદાય ધરાવતા સંત શિરોમણી બજરંગદાસબાપાના બગદાણા સ્થિત ગુરૂઆશ્રમ સહિત સમગ્ર હહોગિલવાડ પંથકમાં ભારે આસ્થા અને ધર્મમય માહોલમાં ૪૮મી પુણ્યતિથિની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે આજે વહેલી સવારથી જ બગદાણા ગુરૂઆશ્રમ હૈયે હૈયુ દળાય તેવી ભીડ વચ્ચે બાપારામ, સીતારામ, સીતારામ ભાઈ સીતારામના ગગનભેદી જયનાદ સાથે અંદાજે ૧.૫૦ લાખથી વધુ શ્રધ્ધાળુંઓ દર્શન, પૂજનનો લ્હાવો લીધો હતો.
પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ અંદાજે લાખ્ખો શ્રધ્ધાળુઓની અનન્ય શ્રધ્ધા અને આસ્થાના કેન્દ્ર સમાન મહુવા તાલુકાના બગદાણા ખાતેના ગુરૂઆશ્રમમાં શુક્રવારે પૂ.બાપાનો ૪૮ મો પુણ્યતિથિ મહોત્સવ રંગે ચંગે ઉજવાયો હતો. આજે વહેલી સવારે મંગળા આરતીથી બજરંગદાસબાપાની ૪૮મી પુણ્યતિથિમહોત્સવની ઉજવણીનો શુભારંભ થયો હતો. બાદમાં શાસ્ત્રોકત વિધિવિધાનપુર્વક ધ્વજાપૂજન અને ધ્વજા આરોહણની વિધિ કરાઈ હતી. આ સાથે યોજાયેલા મહિમાપૂર્ણ ગુરૂપૂજનની વિધિમાં પણ સવારે ભાવિકોનો ઘોડાપૂર ઉમટી પડયો હતો. જેમાં ગુરૂપૂજન સહિતના કાર્યક્રમોમાં ઉપસ્થિત વિશાળ મેદનીની સાથે બગદાણા ગુરૂઆશ્રમના ટ્રસ્ટીગણ તેમજ સેવક સમુદાય વિગેરે જોડાયા હતા.બાદમાં નિયત ક્રમ મુજબ સવારે પરંપરાગત રીતે યોજાયેલી પૂ.બાપાની નગરયાત્રા નિકળી હતી. અબીલ ગુલાલની છોળ વચ્ચે ગામમાં નિકળેલી યાત્રામાં ઢોલ નગારા,વાજીંત્રો, ડી.જે.સાઉન્ડના સંગાથે સેવક સમુદાય ઉમળકાભેર જોડાયો હતો. બગદાણા ગામના મુખ્ય માર્ગો પર ફરેલી આ રંગદર્શી નગરયાત્રામાં એક એકથી ચડીયાતા રંગબેરંગી મનોહર ફૂલોથી સજાવેલી વિશેષ ગાડીમાં પૂ.બાપાની વિશાળ છબી જયજયકાર વચ્ચે પધરાવાઈ હતી.
આતશબાજીની જમાવટ બાપાના ભકિતગીતોની રમઝટ સાથેની આ નગરયાત્રા ગામમાં ધામધૂમથી વાજતે ગાજતે ફરી હતી. માર્ગમાં ઠેર ઠેર પીપરમેન્ટ, ચોકલેટ તથા ગુલાબની રંગીન છોળો ઉડતી રહી હતી. આ યાત્રામાં બહોળી સંખ્યામાં આબાલવૃધ્ધ શ્રધ્ધાળુઓ જોડાયા હતા.બાદમાં આશ્રમે પ્રસાદ વિતરણ થયું હતું. જેમાં પણ વિશાળ મેદનીએ પ્રસાદ લઈ ધન્યતા અનુભવી હતી. આ તકે સમગ્ર કાર્યક્રમ દરમિયાન અંદાજે ૩ હજારથી વધુ સ્વયંસેવકોએ ખડેપગે સેવા બજાવી હતી.
બગદાણા ઉપરાંત સમગ્ર ગોહિલવાડ પંછકમાં પણ પૂ. બાપાની ૪૮મી પુણ્યતિથિની આસ્થાભેર ઉજવણી થઈ હતી. જેમાં ભાવનગર શહેરના ભગાતળાવ,શેરડીપીઠનો ડેલો, વડવા, ભાવનગર જિલ્લા પંચાયત સામે,નિર્મળનગરમાં શેરી નં. ઝીરો,આનંદનગર, તખ્તેશ્વરના પગથિયા પાસેના ગુરૂઆશ્રમમાં પણ સવારથી જ ભાવિકો દર્શનાર્થે ઉમટયા હતા. જયાં મહાપૂજન અને મહાપ્રસાદ સહિતના કાર્યક્રમો પણ યોજાયા હતા. આ ઉપરાંત શહેરમાં ઠેર-ઠેર બાપાની કલાત્મક મઢુલીઓ બનાવાઈ હતી. જયા દિવસ દરમિયાન પ્રસાદનું વિતરણ કરાયુ હતુ.તો, જિલ્લામાં પણ તળાજા, મહુવા, સિહોર, ગારિયાધાર, પાલિતાણા, ઉમરાળા, ઘોઘા સહિતના તાલુકા અને ગ્રામ્ય વિસ્તારોમાં પણ વહેલી સવારથી મઢુલીઓ સજાવવામાં આવી હતી અને ધર્મમય માહોલ વચ્ચે પુણ્યતિથિની ઉજવણી કરવામાં આવી હતી.

# બનાસકાંઠામાં ગ્રામીણ મહિલાઓના સર્વાંગી વિકાસ માટે "સશક્ત રામાણી" કાર્યક્રમ યોજાયો

માહિતી બ્યુરો | પાલનપુર

ડિજીગાંવ ફાઉન્ડેશન દ્વારા પાલનપુર તાલુકાના ચિત્રાસણી ખાતે આવેલી શ્રી બાલારામ સઘન ક્ષેત્ર સમિતી શાળામાં 'સશક્ત રામાણી' કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ ગ્રામીણ મહિલાઓના સર્વાંગી વિકાસ માટેનું એક મહત્વનું પગલું છે. કચ્છ રેલ્વે કંપનીના સહયોગથી યોજાયેલા આ કાર્યક્રમમાં માસિક સ્વચ્છતા, આયર્નની ઉણપ, માનસિક સ્વાસ્થ્ય જેવા મહત્વના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. સાથે જ લાભાર્થીઓને સેનિટરી પેડ્સ અને મલ્ટી વિટામિન્સનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ચિત્રાસણીના સરપંચ શ્રીમતી રાજીબેન અને ચેરમેન શ્રી બારડ સહિત સ્ટાફગણ અને કુલ ૧૦૧૦ વિદ્યાર્થીનીઓ તેમજ ગામની મહિલાઓ ઉપસ્થિત રહી હતી. ડિજીગાંવ ફાઉન્ડેશનના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર મોનિષા દાસે જણાવ્યું હતું કે, 'સશક્ત રામાણી ગ્રામીણ મહિલાઓને સશક્ત બનાવવાની અમારી પ્રતિબદ્ધતાને સમૃદ્ધ બનાવે છે. અમને સકારાત્મક પરિવર્તન લાવવા માટે કચ્છ રેલ્વે કંપની સાથે ભાગીદારી કરવામાં ગર્વ છે.' આ પહેલા ફાઉન્ડેશન દ્વારા પાલનપુર અને વડગામની શાળાઓમાં પણ આ પ્રકારના કાર્યક્રમો યોજાયા હતા. આગામી દિવસોમાં પણ વિવિધ ગામો અને શાળાઓમાં આવા જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવશે.

# પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કુવાબૈણા ખાતે પીયર એજ્યુંકેટર તાલીમ યોજાઇ

દિપક રાવલ | દાહોદ લીમખેડા

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો. ઉદય ટીલાવત અને આરસીએચઓશ્રીના માર્ગદર્શન હેઠળ ડો કલ્પેશ બારીયા તાલુકા આરોગ્ય અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસરશ્રી ડો. રાહુલ રાઠવા દ્વારા પિયર એજ્યુકેટરની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતુ.
આ દરમ્યાન પીએચસી કુવાબૈણા ખાતે સવારે તમામ એજ્યુકેટરને કોમ્યુનિટી હેલ્થ ઓફિસર દ્વારા યોગ અને પ્રાણાયામ શીખવવામાં આવ્યા હતા. તમામ પિયર અને આશાની તાલીમ દરમિયાન કુપોષણ, સિકલસેલ એનિમિયા તેમજ આર કે એસ કે પ્રોગ્રામ, પિયર એજ્યુકેટરની ભૂમિકા વિશે મેડિકલ ઓફિસર દ્વારા અને એડોલેશન કાઉન્સેલર, સિકલસેલ કાઉન્સિલર દ્વારા ગેમ તેમજ મોડ્યુલ વાંચનથી સમજૂતી આપવામાં આવી હતી.
ઉપરાંત તમામ પિયર એજ્યુકેટરને એડોલેશન ક્લિનિક તેમજ phc ની વિઝીટ કરાવવામાં આવી હતી. જેમાં પિયર એજ્યુકેટરને પીએચસી પર મળતી તમામ સેવાઓ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. આ નિમિતે કોમ્યુનિટી હેલ્થ ઓફિસર, મેલ સુપરવાઇઝર તેમજ પીએચસી સ્ટાફ તમામ હાજર રહેલ અને પિયર એજ્યુકેટરને તાલીમ પૂરી પાડવામાં આવેલ હતી.

# ખંભાત ગ્રામ્ય પોલીસ મથકનો રાઈટર દોઢ લાખ રૂપિયાની લાંચ લેતા ઝડપાયો

(એજન્સી) આણંદ તા. 18

ખંભાત ગ્રામ્ય પોલીસ મથકના પીએસઆઈના રાઈટર તરીકે ફરજ બજાવતા પોલીસ કર્મીને આણંદ એસીબીએ કલોદરા ગામ નજીક છટકું ગોઠવીને દોઢ લાખ રૂપિયાની લાંચ લેતા રંગે હાથ ઝડપી પાડયો હતો. કલોદરા ગામના વ્યક્તિ પાસેથી પ્રોહિબીશનના ગુનામાં નામ ન ખોલવા બે લાખની લાંચ માંગી હતી. એસીબીએ પોલીસ કર્મચારીને અટકમાં લઈ વધુ તપાસ માટે રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે. ખંભાતના કલોદરા ગામના ફરિયાદીના મિત્ર સામે ખંભાત ગ્રામ્ય પોલીસ મથકે થોડા સમય પહેલા વિદેશી દારૂ અંગે પ્રોહિબીશનનો ગુનો નોંધાયો હતો. આ બનાવ અંગે તપાસ કરી રહેલા પીએસઆઈના રાઈટર તરીકે ફરજ બજાવતા પોલીસ કર્મી રોશનકુમાર જગદીશભાઈ વણકર (રહે. ખંભાત) દ્વારા ફરિયાદીના મિત્રને હાજર કરાવવા અને ફરિયાદીનું નામ આ ગુનામાં ના ખોલવા માટે બે લાખ રૂપિયાની માંગણી કરી હતી.
રકઝકના અંતે રૂ.૧.૨૦ લાખ આપવાનું નક્કી થયું હતું. બાદમાં રોશનકુમારે ફરિયાદીનો સંપર્ક કરીને વધુ રૂ.૩૦ હજાર ઉમેરી કુલ દોઢ લાખ રૂપિયાની માંગણી કરી હતી. જોકે, ફરિયાદી લાંચની રકમ આપવા માંગતા ન હોવાથી તેણે એસીબીનો સંપર્ક કર્યો હતો. તેણે આણંદ એસીબી પોલીસ મથકે આવી પોતાની ફરિયાદ નોંધાવી હતી. જેથી આણંદ એસીબીએ ગુરૂવારે ખંભાતના કલોદરા ગામે છટકું ગોઠવ્યું હતું. ફરિયાદી પોતાની કાર લઈને કલોદરા ગામના ત્રણ રસ્તા ખાતે પહોંચ્યા હતા અને રાઈટર રોશનકુમારનો સંપર્ક કર્યો હતો. જેથી રાઈટર કારમાં બેસીને હેતુલક્ષી વાતચીત કરી લાંચની માંગણી કરી હતી. ફરિયાદીએ લાંચની રકમ આપતા જ એસીબીની ટીમે પોલીસ કર્મીને લાંચ લેતા રંગે હાથ ઝડપી પાડયો હતો.

## આપનો આજનો દિવસ



**મેષ (અ,લ,ઇ)**
લાંબા ગાળાની માંદગીથી તમને મુક્તિ મળે એવી શક્યતા છે. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. આજે તમે તમારા ઘરમાં તથા આસપાસ કેટલાક ફેરફાર કરો એવી શક્યતા છે.



**વૃષભ (બ,વ,ઉ)**
મજા માટેની ટ્રીપ તથા સામાજિક મેળાવડા તમને નિરાંતવા તથા ખુશ રાખશે. નિવેશ કરવું ઘણી વખત ફાયદેમંદ હોય છે આ વાત તમને આજે સમજ માં આવી શકે છે કેમ કે કોઈ જુના નિવેશ થી તમને આજે લાભ થયી શકે છે.



**મિથુન (ક,છ,ઘ)**
પત્નીના કામકાજમાં ચંચૂપાત કરશો નહીં, કેમ કે તેનાથી તમે તેનો ગુસ્સો નોતરશો.તમારા કામથી કામ રાખો એ જ સારૂં છે. હસ્તક્ષેપ જેટલો ઓછો એટલું સારૂં અન્યથા તેનાથી પરાધીનતા આવી શકે છે.



**કર્ક (ડ,હ)**
ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. નાણાંપ્રવાહમાં વધારો લાંબા સમયથી ચૂકવવાની બાકી રકમ તથા બિલો ચૂકવવા આસાન બનાવશે. પરિવારમાં કોઈ મહિલા સભ્યની તબિયત ચિંતાનું કારણ બનશે.



**સિંહ (મ,ટ)**
આજના મનોરંજનમાં રમતગમતની પ્રવૃત્તિઓ તથા બાહ્ય કાર્યક્રમોનો સમાવેશ થવો જોઈએ. આ રાશિ ના એ લોકો જે વિદેશ થી વેપાર કરે છે તે લોકો ને ઘણું સારું આર્થિક લાભ થવા ની શક્યતા છે. સંબંધીઓ-મિત્રો એક સુંદર સાંજ માટે તમને મળવા આવશે. સાચા અને ઉદાર પ્રેમ માટે તમને વળતર મળવાની શક્યતા છે.



**કન્યા (પ,ઠ,ણ)**
તમારી જાતને તંદુરસ્ત અને સ્વસ્થ રાખવા માટે ઉચ્ચ કૅલૅરીયુક્ત આહાર ટાળો. ભૂતકાળના રોકાણમાંથી આવકમાં વધારો જોવાય છે. પરિવારના સભ્યોની જરૂરિયાતોને પ્રાથમિકતા આપજો. તેમના સુખ-દુઃખમાં સહભાગી થાવ જેથી તેમને અનુભૂતિ થાય કે તમને તેમની પરવા છે.



**તુલા (ર,ત)**
તમારી હતાશાની લાગણીને તમારા પર કાબૂ મેળવવા દેતા નહીં. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે. આજે તમારી ધીરજ ખૂબ જ મર્યાદિત હશે.



**વૃશ્ચિક (ન,ય)**
મિત્ર તરફથી પ્રસંશાના ખાસ શબ્દો તમારી ખુશીનું સબબ બનશે. આવું થવાનું કારણ એ કે તમે તમારા જીવનને વૃક્ષ જેવું બનાવ્યું છે-જે અન્યોને છાંયડો આપે છે અને પોતે તડકામાં ઊભા રહી સૂરજનો તાપ સહે છે.



**ધન (ભ,ધ,ફ)**
આનંદથી ભરેલો સારો દિવસ. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા. તમારામાંના કેટલાક દાગીના અથવા હૉમ એપ્લાયન્સીસની ખરીદી કરશે. તમે જેને સૌથી વધુ ચાહો છો તે વ્યક્તિ પ્રત્યેનો તમારો ખરાબ અભિગમ તમારા સંબંધમાં અસંગતતા લાવી શકે છે.



**મકર (ખ,જ)**
પોતાના ઈર્ષાળુ વર્તનને કારણે પરિવારના કોઈક સભ્ય તમને ચીડવશે. પણ ગુસ્સે થવાની જરૂર નથી અન્યથા પરિસ્થિતિ હાથની બહાર જઈ શકે છે. યાદ રાખો તમે જે બાબતનો ઈલાજ કરી શકતા નથી તેને સહન કરવું રહ્યું.



**કુંભ (ગ,શ,સ)**
સારા જીવન માટે તમારૂં સ્વાસ્થ્ય અને સમગ્રતઃ વ્યક્તિત્વ સુધારવાનો પ્રયત્ન કરો. આર્થિક બાબતોમાં સુધારો ચોક્કસ થશે. આજે તમને લાભ થશે-કેમ કે પરિવારના સભ્યો તમને હકારાત્મક રીતે પ્રતિસાદ આપશે.



**મીન (દ,ચ,ઝ,થ)**
તમારા પરિવાર સાથે વધુ સમય વિતાવી એકલાપણાની લાગણીથી મુક્ત થાવ. લાંબા ગાળાના કોઈપણ રોકાણ ટાળો તથા તમારા સારા મિત્ર સાથે કેટલીક ખુશીભરી ક્ષણો વિતાવો. તમારા જીવનસાથી સાથે સારી સમજ ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવશે.

### ડોલરની મજબૂતી ભારતની નિકાસ માટે પ્રોત્સાહક હોવાનો ખ્યાલ ખોટો : ૧૦ વર્ષના ડેટા દર્શાવે છે કે નબળો રૂપિયો નિકાસને મદદ નથી કરતો

# નબળા રૂપિયાને કારણે મોંઘવારી વધશે, આયાત માટે વધુ ચૂકવણી કરવી પડશે



(એજન્સી) નવી દિલ્હી | તા.18

રૂપિયાના વિનિમય દરમાં ઘટાડાથી ક્રૂડ ઓઈલ, કોલસો, વનસ્પતિ તેલ, સોનું, હીરા, ઈલેક્ટ્રોનિક્સ, મશીનરી, પ્લાસ્ટિક અને કેમિકલ માટે વધુ ચૂકવણી થવાને કારણે દેશના આયાત બિલમાં વધારો થશે. આર્થિક સંશોધન સંસ્થા જીટીઆરઆઈએ શુક્રવારે જણાવ્યું હતું કે સ્થાનિક ચલણમાં ઘટાડાથી ભારતના સોનાના આયાત બિલમાં વધારો થશે. ગત વર્ષે ૧૬ જાન્યુઆરીથી આજ સુધીમાં ભારતીય રૂપિયો યુએસ ડોલર સામે ૪.૭૧ ટકા નબળો પડીને ૮૨.૮ રૂપિયાથી વધીને ૮૯.૭ રૂપિયા થઈ ગયો છે. નોંધનીય છે કે છેલ્લા ૧૦ વર્ષમાં એટલે કે જાન્યુઆરી ૨૦૧૫થી ૨૦૨૫ દરમિયાન અમેરિકન ડોલર સામે રૂપિયામાં ૪૧.૩ ટકાનો ઘટાડો થયો અને તે ૪૧.૨ રૂપિયાથી ઘટીને ૮૯.૭ રૂપિયા થઈ ગયો. તેની સરખામણીમાં ચીની યુઆન ૭.૧૦ યુઆનથી ૩.૨૪ ટકા ઘટીને ૭.૩૩ યુઆન થયો છે. જીટીઆરઆઈના સ્થાપક અજય શ્રીવાસ્તવે જણાવ્યું કે, 'એકંદરે, નબળો રૂપિયો આયાત બિલ, એનર્જી અને કાચા માલના ભાવમાં વધારો કરશે જેનાથી અર્થતંત્ર પર દબાણ આવશે. છેલ્લા ૧૦ વર્ષના નિકાસ ડેટા દર્શાવે છે કે નબળો રૂપિયો નિકાસને મદદ કરતો નથી, જ્યારે અર્થશાસ્ત્રીઓ તેનાથી વિપરીત માને છે કે નિકાસ વધતા બેલેન્સ થશે પરંતુ આંકડા અલગ જ ચિત્ર રજૂ કરે છે.' સામાન્ય સર્વસંમતિ એ છે કે નબળા ચલણથી નિકાસમાં વધારો થવો જોઈએ, પરંતુ ભારતનો દાયકા જૂનો ડેટા કંઈક અલગ જ વાર્તા કહે છે. ઉચ્ચ-આયાત ક્ષેત્રો સમૃદ્ધ વધુ થઈ રહ્યા છે, જ્યારે કાપડ જેવા શ્રમ-સઘન, ઓછી આયાતવાળા ઉદ્યોગો ડગમગી રહ્યા છે. ૨૦૧૪થી ૨૦૨૪ના સમયગાળા દરમિયાન કુલ વેપારી નિકાસ ૩૯ ટકા વધી છે. ઈલેક્ટ્રોનિક્સ, મશીનરી અને કોમ્પ્યુટર જેવા ઉચ્ચ આયાત ક્ષેત્રોમાં મજબૂત વૃદ્ધિ જોવા મળી હતી. ઈલેક્ટ્રોનિક્સ નિકાસમાં ૨૩૨.૮ ટકાનો વધારો થયો છે અને મશીનરી અને કોમ્પ્યુટર નિકાસમાં ૧૫૨.૪ ટકાનો વધારો થયો છે. દરમિયાન, ઓછી આયાત ધરાવતા ક્ષેત્રો જેમ કે વસ્ત્રો નબળા પડયા છે. જોકે નબળા રૂપિયાના કારણે તેમના માલ વૈશ્વિક સ્તરે વધુ સ્પર્ધાત્મક બન્યા હોત. આ વલણો દર્શાવે છે કે નબળો રૂપિયો હંમેશા નિકાસને વેગ આપતો નથી. સામે પક્ષે શ્રમ-સઘન નિકાસને સૌથી વધુ નુકસાન થાય છે અને ઓછા મૂલ્યવર્ધન સાથે આયાત-સંચાલિત નિકાસને પ્રોત્સાહન મળે છે. જીટીઆરઆઈએ રિપોર્ટમાં સરકારને ભલામણ કરી હતી કે ભારતે લાંબા ગાળાની આર્થિક સ્થિરતા પ્રાપ્ત કરવા માટે વૃદ્ધિ અને ફુગાવા નિયંત્રણ વચ્ચે કાળજીપૂર્વક સંતુલન જાળવવાની જરૂર છે. સાથે-સાથે રૂપિયાના સંચાલન અને વેપાર વ્યૂહરચના પર પણ ફેરવિચારણા કરવાની જરૂર છે. જોકે, વાસ્તવિક પરિસ્થિતિ ગંભીર છે. ભારતના ૬૦૦ અબજ ડોલરથી વધુના વિદેશી હૂંડિયામણ ભંડારમાંથી મોટાભાગની લોન અથવા રોકાણ છે, જેને વ્યાજ સાથે ચૂકવવાની જરૂર છે અને તે રૂપિયાને સ્થિર કરવાની ભૂમિકાને મર્યાદિત કરે છે.

### આજની પેઢીની પસંદગીમાં પણ બદલાવે જેમ એન્ડ જ્વેલરીના વેચાણ પર અસર કરી

# ભૌગોલિક રાજકીય પ્રતિકુળતાએ ડિસેમ્બરમાં જ્વેલરીની નિકાસમાં દસ ટકા ઘટાડો નોંધાયો

(એજન્સી) નવી દિલ્હી | તા.18



૨૦૨૪ના ડિસેમ્બરમાં ભારતની જેમ્સ એન્ડ જ્વેલરીની નિકાસ વાર્ષિક ધોરણે ૧૦.૨૯ ટકા ઘટી ૧૯૬.૭૯ કરોડ ડોલર રહી હતી. ૨૦૨૩ના ડિસેમ્બરમાં આ આંક ૨૧૯.૩૮ કરોડ ડોલર રહ્યો હતો એમ એમ જેમ એન્ડ જ્વેલરી એકસપોર્ટ પ્રમોશન કાઉન્સિલ દ્વારા જારી કરાયેલા ડેટામાં જણાવાયું હતું. કટ તથા પોલિશ્ડ ડાયમન્ડસની નિકાસમાં પણ ગયા મહિને ઘટાડો જોવા મળ્યો છે. ભૌગોલિકરાજકીય તાણને પરિણામે વૈશ્વિક બજારમાં જેમ અને જ્વેલરી કરતા ખરીદદારો સોનાની ખરીદી તરફ વધુ વળી રહ્યા છે. આ ઉપરાંત આજની પેઢીની પસંદગીમાં પણ બદલાવે જેમ એન્ડ જ્વેલરીના વેચાણ પર અસર કરી છે. આજની પેઢી દૈનિક ધોરણે પહેરવા માટે કિંમતી ધાતુમાં હળવાવજનની જ્વેલરીને વધુ પસંદ કરી રહી છે. દરમિયાન કટ અને પોલિશ્ડ ડાયમન્ડસની નિકાસ પણ ગયા મહિને ૧૦.૩૬ ટકા ઘટી ૭૭.૩૧ કરોડ ડોલર રહી હતી જે ૨૦૨૩ના ડિસેમ્બરમાં ૮૬.૨૪ કરોડ ડોલર જોવા મળી હતી. ભારત ખાતેથી ડાયમન્ડસની વૈશ્વિક માગ નબળી પડતા દેશમાં ડાયમન્ડના વેપાર પર અસર પડી છે. ડાયમન્ડની નિકાસ ઘટવા પાછળનું કારણ કૃત્રિમ ડાયમન્ડસ તરફથી વધી રહેલી સ્પર્ધા પણ એક કારણ રહેલું છે. રફ ડાયમન્ડસની આયાત ડિસેમ્બરમાં ૨૨ ટકા ઘટી રૂપિયા ૬૬૦૬૬.૪૯ કરોડ રહી હતી. વિશ્વ બજારમાં પોલિશ્ડ તથા કટ ડાયમન્ડસની માગ નીચી રહેતા ભારત દ્વારા રફ ડાયમન્ડસની આયાત નીચી રહી હોવાનું કાઉન્સિલના સુત્રોએ જણાવ્યું હતું. લેબોરેટરીમાં વિકસાવાયેલા પોલિશ્ડ ડાયમન્ડસની કુલ નિકાસ ગયા મહિને રૂપિયા ૬૭૦.૭૭ કરોડ રહી હતી, જે ગયા વર્ષના ડિસેમ્બરની સરખામણીએ ૫.૪૮ ટકાની નીચી હતી. જો કે હમાસ તથા ઈઝરાયલ વચ્ચે યુદ્ધવિરામની સ્થિતિમાં દેશમાંથી ડાયમન્ડસ તથા જેમ અને જવેલરીની નિકાસમાં વધારો થવાની અપેક્ષા રાખવામાં આવી રહી છે.




### વિકાસસિલ દેશો માટે હવે પછીના ૨૫ વર્ષ આર્થિક રીતે સખતાઈભર્યા રહેશે : ઉત્પાદન ક્ષેત્રની પ્રવૃત્તિ મજબૂત બનશે

# ભારતના આર્થિક વિકાસ દરના 6.70 ટકાના અંદાજને વર્લ્ડ બેન્કે જાળવી રાખ્યો

(એજન્સી) નવી દિલ્હી | તા.18

નાણાં વર્ષ ૨૦૨૬માં ભારતના આર્થિક વિકાસ દરના ૬.૭૦ ટકાના ટાર્ગેટને વર્લ્ડ બેન્કે જાળવી રાખ્યો છે અને આગામી બે વર્ષમાં ભારત સૌથી ઝડપથી વિકસતુ અર્થતંત્ર બની રહેવાના અંદાજને પણ જાળવી રખાયો છે. વેરા સુધારા મારફત વેપાર વાતાવરણમાં સુધારો કરવા અને લોજિસ્ટિક માળખાને વિસ્તૃત બનાવવાની સરકારની પહેલોને પરિણામે ભારતનું સેવા ક્ષેત્ર સ્થિર વિસ્તરણ કરતું રહેશે અને ઉત્પાદન ક્ષેત્રની પ્રવૃત્તિ મજબૂત બનવાની અપેક્ષા છે, એમ વર્લ્ડ બેન્ક દ્વારા તૈયાર કરાયેલા રિપોર્ટમાં જણાવાયું હતું. ૨૦૨૫ તથા ૨૦૨૬ બન્ને વર્ષમાં વૈશ્વિક અર્થતંત્રનો વિકાસ દર ૨.૭૦ ટકા રહેવા અપેક્ષા છે. ૨૦૨૪માં પણ આજ દર જોવા મળ્યો હતો.ફુગાવા તથા વ્યાજ દરમાં તબક્કાવાર ઘટાડો જોવા મળી રહ્યો છે. વિકાસસિલ દેશોમાં આર્થિક વિકાસ દર આગામી બે વર્ષમાં ચાર ટકા જળવાઈ રહેવાની પણ ધારણાં રાખવામાં આવી છે. પસાર થયેલા ૨૫ વર્ષની સરખામણીએ હવે પછીના ૨૫ વર્ષ વિકાસસિલ દેશો માટે એકદમ સખત બની રહેશે, એમ વર્લ્ડ બેન્કના ચીફ ઈકોનોમિસ્ટ ઈન્દરમિત ગીલે રિપોર્ટમાં જણાવ્યું હતું. વિકાસસિલ દેશોના વિકાસને ટેકો પૂરા પાડતા મોટાભાગના પરિબળો હાલમાં ઢીલા પડી ગયા છે અને ઊંચા દેવા બોજ, નબળા ઈન્વેસ્ટમેન્ટ તથા કલાયમેટ ચેન્જના ખર્ચ જેવા પડકારો ઊભા થઈ રહ્યા છે. વિકાસસિલ દેશોને વિકાસ માટે નવા ધોરણોની આવશ્યકતા છે જે ખાનગી ઈન્વેસ્ટમેન્ટમાં ગતિ લાવે તેવા ઘરેલું રિફોર્મ્સ પર ભાર આપતા હોય, વેપાર સંબંધોને વધુ મજબૂત બનાવી શકતા હોય અને મૂડી, ટેલેન્ટ તથા ઊર્જાને વધુ વપરાશને પ્રોત્સાહન આપતા હોય. મજબૂત બની રહેલી લેબર માર્કેટ, ધિરાણ વૃદ્ધિ તથા ફુગાવામાં ઘટાડાને કારણે ભારતના ખાનગી ઉપભોગમાં વધારો જોવા મળવાની પણ રિપોર્ટમાં અપેક્ષા વ્યકત કરવામાં આવી છે.

# સોનું વધી રૂ. 82,000 નજીક : ચાંદીમાં 1,000નો કડાકો : ક્રૂડમાં ઝડપી પીછેહટ

(એજન્સી) નવી દિલ્હી | તા.18

મુંબઈ ઝવેરી બજારમાં આજે સોના-ચાંદીના ભાવમાં સામસામા રાહ જોવા મળ્યા હતા. સોનામાં તેજી આગળ વધી હતી ચાંદીના ભાવ વધ્યા મથાળેથી પ્રત્યાઘાતી ઘટાડો બતાવી રહ્યા હતા. વિશ્વ બજારમાં આજે સોનાના ભાવ ઔંશના ૨૭૦૪થી ૨૭૦૫ વાળા ઉંચામાં ૨૭૧૭થી ૨૭૧૮ તથા નીચામાં ૨૭૦૨થી ૨૭૦૩ થઈ ૨૭૦૭થી ૨૭૦૮ ડોલર રહ્યાના સમાચાર હતા. ઘરઆંગણે અમદાવાદ ઝવેરી બજારમાં સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ વધુ રૂ.૨૦૦ વધી ૯૯.૫૦ના રૂ.૮૧૫૦૦ તથા ૯૯.૯૦ના રૂ.૮૧૭૦૦ રહ્યા હતા જ્યારે અમદાવાદ ચાંદીના ભાવ કિલોના રૂ.૧૦૦૦ ગબડી રૂ.૯૧૦૦૦ના મથાળે ઉતરી ગયા હતા. વિશ્વ બજારમાં ચાંદીના ભાવ ઔંશના ૩૦.૬૨ વાળા ૩૦.૩૮ ડોલર રહ્યા હતા. બજાર પાછળ ઘરઆંગણે ચાંદીમાં ઉછાળે માનસ આજે વેચવાનું જોવા મળ્યું હતું. વૈશ્વિક ક્રૂડતેલના ભાવ પણ આજે ઘટયા હતા. બ્રેન્ટ ક્રૂડના ભાવ બેરલદીઠ ૮૧.૪૧ વાળા ઉંચામાં ૮૧.૯૩ થયા પછી નીચામાં ભાવ ૮૧.૯૩ થયા પછી નીચામાં ભાવ ૮૦.૯૫ થઈ ૮૧.૯૩ ડોલર રહ્યા હતા. ગાઝા યુદ્ધ વિરામ માટે ઈઝરાયલની કેબિનેટે મંજૂરી આપ્યાના સમાચાર મળ્યા હતા. યુએસ ક્રૂડના ભાવ ૭૯.૪૦ વાળા ઉંચામાં ૭૯.૪૪ તથા નીચામાં ૭૮.૫૦ થઈ ૭૮.૬૮ ડોલર રહ્યા હતા. વૈશ્વિક પ્લેટીનમના ભાવ ૯૪૩ ડોલર રહ્યા હતા. ભાવ ઉંચામાં ૯૫૩ તથા નીચામાં ૯૩૯ થઈ ૯૪૦ ડોલર રહ્યા હતા. વૈશ્વિક કોપરના ભાવ આજે ૦.૫૭ ટકા તૂટયા હતા.

## પાવર એન્ડ ઈન્સ્ટ્રુમેન્ટેશનને 5 મેગાવોટ સોલાર ઈપીસી પ્રોજેક્ટ માટે ₹17.07 કરોડનો ઓર્ડર મળ્યો

અમદાવાદ : પાવર એન્ડ ઈન્સ્ટ્રુમેન્ટેશન (ગુજરાત) લિમિટેડ, (NSE - PIGL, BSE - 543912) ઈલેક્ટ્રિકલ કોન્ટ્રાક્ટિંગ અને ઈક્વિપમેન્ટ ઉદ્યોગમાં અગ્રણી ખેલાડીઓમાંની એક છે, તેને એ2 ગ્રીન એનર્જી પ્રાઈવેટ લિમિટેડ (અગાઉ હાઈડલ કન્સલ્ટન્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ તરીકે ઓળખાતી) તરફથી 17.07 કરોડનો મહત્વપૂર્ણ વર્ક ઓર્ડર આપવામાં આવ્યો છે.આ કરારમાં મહારાષ્ટ્રના લાતુર જિલ્લામાં 5 મેગાવોટ (એસી) સોલર પાવર પ્રોજેક્ટ માટે સાઈટ પર તમામ રીતે પૂર્ણ પ્લાન્ટ અને સાધનોના સપ્લાય, ઈન્સ્ટોલેશન, ટેસ્ટિંગ અને કમિશનિંગનો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટના કાર્યક્ષેત્રમાં જરૂરી સોલાર પાવર ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધા પૂરી પાડવા, તમામ ઉપકરણોના સંચાલનની ખાતરી કરવા અને પ્રોજેક્ટને ઉચ્ચતમ ધોરણો અનુરૂપ પૂર્ણ કરવાનો સમાવેશ થાય છે. પ્રોજેક્ટનો અપેક્ષિત સમયગાળો શરૂ થયાની અસરકારક તારીખથી 18 મહિનાનો છે. આ વર્ક ઓર્ડર ભારતના નવીનીકરણીય ઉર્જા ક્ષેત્રમાં પાવર એન્ડ ઈન્સ્ટ્રુમેન્ટેશન (ગુજરાત) લિમિટેડની વધતી જતી ભૂમિકાને ઉજાગર કરે છે, જે દેશના ટકાઉ અને સ્વચ્છ ઉર્જાના વિઝન સાથે સુસંગત છે. કંપની સમાન ધોરણ અને જટિલતાના પ્રોજેક્ટ્સનો અમલ કરીને સતત તેની ક્ષમતાઓનું પ્રદર્શન કરતી આવી છે.

## વેદાંતા 18 ફેબ્રુઆરીએ શેરધારકો અને લેણદારો પાસેથી ડિમર્જર માટે અંતિમ મંજૂરી માંગશે

વેદાંતા લિમિટેડે એક એક્સચેન્જ નોટિફિકેશનમાં જણાવ્યું હતું કે તે પ્રસ્તાવિત ડિમર્જર માટે મંજૂરી મેળવવા માટે 18 ફેબ્રુઆરીએ તેના ઈક્વિટી શેરધારકો અને સુરક્ષિત અને અસુરક્ષિત લેણદારોની બેઠક યોજશે. આ ડિમર્જરનો ઉદ્દેશ્ય વેદાંત લિમિટેડ હેઠળ એલ્યુમિનિયમ, પાવર, ઓઈલ અને ગેસ, સ્ટીલ અને આયર્ન અને કેટલાક હાલના વ્યવસાયો પર કેન્દ્રિત પાંચ અલગ-અલગ એન્ટિટી બનાવવાનો છે. વેદાંતના અગાઉના એક્સચેન્જ ફાઈલિંગ અનુસાર, પ્રસ્તાવિત ડિમર્જર વેદાંતના કોર્પોરેટ માળખાને ક્ષેત્ર-કેન્દ્રિત બનાવીને સરળ બનાવશે. આ સ્વતંત્ર વ્યવસાય વૈશ્વિક રોકાણકારો, સોવરિન વેલ્થ ફંડ્સ, રિટેલ રોકાણકારો અને વ્યૂહાત્મક રોકાણકારોને સમર્પિત શુદ્ધ રમત કંપનીઓમાં સીધા રોકાણની તકો પ્રદાન કરશે. વેદાંતે સપ્ટેમ્બર 2023 માં કહ્યું હતું કે ડિમર્જર કંપનીઓને વ્યૂહાત્મક એજન્ડાને વધુ સ્વતંત્ર રીતે આગળ વધારવા અને ગ્રાહકો, રોકાણ ચક્ર અને અંતિમ બજારો સાથે વધુ સારી રીતે સંરેખિત થવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડશે. આનાથી મૂલ્યને અનલૉક કરવામાં મદદ મળશે અને દરેક વર્ટિકલમાં ઝડપી વૃદ્ધિની સંભાવના પૂરી પડશે. દરેક કંપનીનું પોતાનું બજાર, માંગ અને પુરવઠાના વલણો અને ઉત્પાદકતા વધારવા માટે ટેકનોલોજીનો ઉપયોગ કરવાની ક્ષમતા હશે.

# અશોક લેલેન્ડે ભારત મોબિલિટી ગ્લોબલ એક્સપોમાં 'સાથી' નું અનાવરણ કર્યું

### આ ઉપરાંત પ્રિમિયમ સંપૂર્ણપણે તૈયાર 15 મિટરની બસ અને ભારતનું પ્રથમ ઈલેક્ટ્રિક પોર્ટ-ટર્મિનલ ટ્રેક્ટર પણ રજૂ કર્યાં

(એજન્સી) નવી દિલ્હી | તા.18



હિન્દુજા ગૃપની ભારતમાંની પ્રમુખ કંપની અને દેશના અગ્રણી માલવાહક (કોમર્શિયલ) વાહનના ઉત્પાદક અશોક લેલેન્ડે આજે ભારત મોબિલિટી ગ્લોબલ એક્સ્પોમાં પ્રિમિયમ એન્ટ્રી-લેવલ લાઈટ કોમર્શિયલ વાહન 'સાથી' (SAATHI)નું અનાવરણ કર્યું હતું. માનનીય કેન્દ્રીય ભારે ઉદ્યોગ અને સ્ટીલ મંત્રી શ્રી એચડી કુમારસ્વામીએ અશોક લેલેન્ડના એમડી અને સીઈઓ શ્રી શેનુ અગ્રવાલની હાજરીમાં 'સાથી'નું અનાવરણ કર્યું હતું. 'સાથી'ના લોન્ચ સાથે અશોક લેલેન્ડ એન્ટ્રી-લેવલના હળવા માલવાહક વાહનોના (લાઈટ કોમર્શિયલ વાહન) સેગમેન્ટમાં એક નવું ધોરણ ઊભું કરશે. સેગમેન્ટમાં મોટા પાયે નવીનતા લાવનાર (ડિસરપ્ટર) તરીકે કલ્પના કરવામાં આવી છે એ સાથી અદ્યતન એલએનટી ટેકનોલોજી પર બનેલું છે, જેમાં શ્રેણીમાં શ્રેષ્ઠ પાવર (45 HP), ટોર્ક (110 Nm) અને સ્પર્ધાની તુલનામાં 24% મોટો લોડિંગ એરિયા છે. તેની માલવહનની અજોડ ક્ષમતા (1120 કિગ્રા), શ્રેષ્ઠ માઈલેજ અને મોટા ટાયર અસાધારણ કામગીરી અને કાર્યક્ષમતા, બંને સુનિશ્ચિત કરે છે. ક્રાંતિકારી એલએનટી ટેકનોલોજી એડબ્લુ (AdBlue)ની જરૂરિયાતને દૂર કરે છે અને કામગીરીમાં પડતી મુશ્કેલીઓ ઘટાડે છે. 5 વર્ષ/2 લાખ કિમી વોરંટી અને શ્રેષ્ઠ આરામદાયક સવારી સાથે સાથીએ શહેરોમાં છેવાડાના પરિવહન (લાસ્ટ માઈલ કનેક્ટિવિટી) માટે શ્રેષ્ઠ વાહન તરીકે સ્થાન મેળવ્યું છે. સાથીના એફએસડી વેરિઅન્ટની કિંમત 6,49,999/- છે. અશોક લેલેન્ડના એક્ઝિક્યુટિવ ચેરમેન શ્રી ધીરજ હિન્દુજાએ નોંધ્યું કે, “અશોક લેલેન્ડ હંમેશા કોમર્શિયલ વાહનોમાં નવી ટેકનોલોજી રજૂ કરવામાં અગ્રણી રહ્યું છે. સાથીનો બજારમાં પ્રવેશ એ માર્ગ પરિવહનમાં આગેવાની લેવાની અમારી તૈયારીનેસુદ્ઢ કરે છે.

# જેએસડબ્લ્યુ એમજી મોટરે એનઈવી પોર્ટફોલિયોનું વિસ્તરણ કર્યું



(એજન્સી) નવી દિલ્હી | તા.18

જેએસડબ્લ્યુ એમજી મોટર ઈન્ડિયાએ બે નવા મોડેલ લોન્ચ કરીને 'એક્સેસિબલ લક્ઝરી'ના નવા યુગમાં પ્રવેશ કર્યો છે. આ નવા મોડેલો છે - ભારતની પ્રથમ ઓલ-ઈલેક્ટ્રિક રોડસ્ટર એમજી સાયબરસ્ટર અને ભારતની પ્રથમ ઈલેક્ટ્રિક થ્રી રો પ્રેસિડેન્શિયલ લિમોઝિન એમજી એમ9; જે આ વર્ષે લોન્ચ થવાના છે. આજે ભારત મોબિલિટી ગ્લોબલ એક્સ્પો 2025માં રજૂ કરાયેલ, નવી લક્ઝરી બ્રાન્ડ ચેનલ એમજી સિલેક્ટ હેઠળ રજૂ કરાયેલ, આ નવા મોડેલો ભારતમાં મોબિલિટીના નવા યુગની શરૂઆત કરવાના કંપનીના વિઝનને પ્રતિબિંબિત કરે છે - જે ઈંટેલિજેન્ટ, સસ્ટેનેબલ અને ગ્રાહક-કેન્દ્રિત છે. એમજી સાયબરસ્ટર અને એમ9 માટે પ્રી-રિઝર્વેશન આજથી શરૂ થાય છે અને ગ્રાહકો www.mgselect.co.in પર લોગ ઈન કરીને આ બંને કારને પ્રી-બુક કરી શકે છે. આ બે નવા મોડેલો સાથે, બ્રાન્ડ પાસે ટૂંક સમયમાં પાંચ અલગ અલગ સેગમેન્ટ મોડેલો સાથે સૌથી મોટો ઈલેક્ટ્રિક વાહન પોર્ટફોલિયો હશે, જેમાં એમજી વિન્ડસરનો સમાવેશ થાય છે જે લોન્ચ થયા પછીથી સૌથી વધુ વેચાતી ઈલેક્ટ્રિક કાર રહી છે, આ ઉપરાંત તેમાં સામેલ હશે - એમજી કોમેટ અને એમજી ઝેડએસ.

# H-1B વિઝામાં થયેલા ફેરફારોથી ભારતીય પ્રોફેશનલ્સને થશે ફાયદો...

(એજન્સી) નવી દિલ્હી | તા.18

2025 થી H-1B પ્રોગ્રામમાં આ ફેરફારો માત્ર અમેરિકન કંપનીઓ માટે પ્રતિભાને આકર્ષવામાં મદદ નહીં કરે, પરંતુ ભારતીય વ્યાવસાયિકો માટે નવી તકો પણ ખોલશે. યુએસ H1B વિઝા પોલિસી: H-1B વિઝા યુ.એસ.માં નોકરીદાતાઓને અસ્થાયી રૂપે ખાસ વ્યવસાયોમાં વિદેશી કામદારોને નોકરી પર રાખવાની મંજૂરી આપે છે. આ વિઝા માટે વધુ જ્ઞાનની જરૂર છે. આમાં ભારતીય વ્યાવસાયિકોની મોટી ભાગીદારી છે. 2023માં 386,000 H-1B વિઝામાંથી 72.3 ટકા ભારતીયોને આપવામાં આવ્યા હતા. યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યોરિટી (DHS) એ H-1B વિઝા પ્રોગ્રામમાં ફેરફારોની જાહેરાત કરી છે, જે 17 જાન્યુઆરી, 2025 થી લાગુ થશે. આ ફેરફારોનો હેતુ પ્રોગ્રામની કાર્યક્ષમતા વધારવા, પારદર્શિતા લાવવા અને દુરુપયોગ સામે રક્ષણ કરવાનો છે. નોકરીદાતાઓએ પ્રમાણિત કરવું આવશ્યક છે કે વિઝા ધારક માટે માન્ય 'ખાસ વ્યવસાય' નોકરી ઉપલબ્ધ છે. પ્રક્રિયાની પારદર્શિતા અને અખંડિતતા સુનિશ્ચિત કરવા માટે DHS નોકરીની વાસ્તવિકતા ચકાસવા માટે દસ્તાવેજોની વિનંતી કરી શકે છે. આ સુધારાઓ ભારતીય વ્યાવસાયિકો માટે ઘણી શક્યતાઓ ખોલે છે. ભારતીયોની ઉચ્ચ ભાગીદારીને કારણે, આ ફેરફારો તેમના માટે વધુ ફાયદાકારક હોઈ શકે છે, ખાસ કરીને તકનીકી અને સંશોધન ક્ષેત્રોમાં. F-1 વિઝામાંથી H-1Bમાં રૂપાંતર કરવાની પ્રક્રિયાને સરળ બનાવવાથી ભારતીય વિદ્યાર્થીઓને મોટી રાહત મળશે. 2025 થી H-1B વિઝા પ્રોગ્રામમાં આ ફેરફારો માત્ર યુએસ કંપનીઓ માટે પ્રતિભાને આકર્ષવામાં મદદ કરશે નહીં,તેના બદલે, તે ભારતીય વ્યાવસાયિકો માટે નવી તકોનો માર્ગ પણ ખોલશે. પારદર્શિતા, કાર્યક્ષમતા અને સુરક્ષા પર ભાર મૂકતા આ સુધારાઓ ભારતીય ટેકનોક્રેટ્સ માટે સકારાત્મક પગલું સાબિત થશે.




## H-1B વિઝા પ્રોગ્રામમાં મુખ્ય સુધારા

- હવે ડિગ્રી અને નોકરી વચ્ચે યોગ્ય સંબંધ હોવો જોઈએ. આ સુધારો વિઝા અરજી પ્રક્રિયાને વધુ સ્વચ્છ અને બનાવશે.
- F-1 વિઝા પર અમેરિકામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે H-1B વિઝામાં ટ્રાન્સફરની પ્રક્રિયા સરળ બની છે. જ્યારે તેમની H-1B અરજી પેન્ડિંગ છે, ત્યારે તેમનો F-1 વિઝા આપમેળે 1 એપ્રિલ સુધી લંબાવવામાં આવશે.
- બિનનફાકારક અને સરકારી સંશોધન સંસ્થાઓ પણ H-1B વિઝા કેપમાંથી મુક્તિ માટે પાત્ર હશે, ભલે તેમનું પ્રાથમિક ધ્યાન સંશોધન ન હોય. સંશોધન સંબંધિત ક્ષેત્રોમાં કામ કરતા લાભાર્થીઓ માટે આ એક મહત્વપૂર્ણ ફેરફાર છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2081, પોષ વદ-06

# પગાર પંચ સંબંધિત પ્રશ્નો



કેન્દ્ર સરકાર દ્વારા આઠમા પગાર પંચને મંજૂરી આપવાના નિર્ણયથી સ્વાભાવિક રીતે જ સરકારી કર્મચારીઓમાં ખુશીની લહેર ફેલાઈ ગઈ છે. એ પણ સાચું છે કે કમિશનના નિર્ણયોના અમલીકરણથી અર્થતંત્રને પણ ટેકો મળશે, જે ખાસ કરીને છેલ્લા બે ત્રિમાસિક ગાળામાં સંઘર્ષ કરી રહ્યું છે. પરંતુ આ બાબતોની સાથે, નોકરશાહી અને સરકારી તંત્રને લગતી કેટલીક ચિંતાઓ પણ છે, જેના પર ધ્યાન આપવું જોઈએ. સેવાઓની ગુણવત્તા: દેશમાં સરકારી તંત્ર દ્વારા જન કલ્યાણકારી યોજનાઓ લાગુ કરીને સામાન્ય લોકોના જીવનમાં ગુણવત્તા લાવનારા કર્મચારીઓનો પગાર પણ સંતોષકારક હોવો જોઈએ તેમાં કોઈ શંકા નથી. મહત્વાકાંક્ષી અને સક્ષમ યુવાનોએ આ સેવાઓમાં રસ રાખવો જોઈએ તે પણ મહત્વપૂર્ણ છે. અર્થતંત્રની જરૂરિયાત: સરકારી કર્મચારીઓના પગારમાં વધારો એ અર્થમાં પણ મહત્વપૂર્ણ છે કે તે અર્થતંત્રમાં માંગને મજબૂત બનાવે છે. આ એટલા માટે પણ મહત્વનું છે કારણ કે ભારતીય અર્થતંત્રમાં વપરાશનો ફાળો લગભગ 60 ટકા છે. અહીં, અર્થતંત્રમાં માંગ અપેક્ષા મુજબ વધી રહી નથી. આવી સ્થિતિમાં, એવી આશા છે કે જ્યારે કમિશનના નિર્ણયો લાગુ કરવામાં આવશે, ત્યારે તે અર્થતંત્રમાં માંગને મજબૂત બનાવવામાં મદદ કરશે. સુધારાની જરૂરિયાત: પરંતુ એ ભૂલવું ન જોઈએ કે જો દેશને 2047 સુધીમાં વિકસિત અર્થતંત્ર બનવાના લક્ષ્ય તરફ આગળ વધવું હશે, તો મોટા સુધારા ટાળી શકાતા નથી. આમાં, જમીન અને શ્રમ સુધારાની સાથે નોકરશાહી પર વધતા ખર્ચને રોકવાની જરૂરિયાતને અવગણી શકાય નહીં. ખાલી જગ્યાઓ ભરવાનો પડકાર: સરકારી કર્મચારીઓના પગાર, ભથ્થાં અને પેન્શન પર ખર્ચનો બોજ પહેલેથી જ એટલો વધારે છે કે સરકાર માટે ખાલી જગ્યાઓ ભરવાનો પડકાર છે. સરકારી સેવાઓ આકર્ષક રહે તે ખૂબ જ મહત્વપૂર્ણ છે, પરંતુ એવી પરિસ્થિતિ પણ યોગ્ય નથી કે શિક્ષિત અને લાયક યુવાનો ઘરે બેસીને સરકારી નોકરીની રાહ જોઈને પોતાના કિંમતી વર્ષો બગાડવાનું સમજદારીભર્યું માનવા લાગે. એક તરફ બેરોજગારી વૃદ્ધિ અને બીજી તરફ સરકારી ભરતી પર અઘોષિત પ્રતિબંધ પરિસ્થિતિને વધુ ખરાબ કરી શકે છે. સંતુલિત દૃષ્ટિકોણ: આવી પરિસ્થિતિમાં, નિર્ણય લેતી વખતે ઉતાવળ ન કરવી તે ખાસ કરીને મહત્વપૂર્ણ બની જાય છે. બધા પાસાઓનો કાળજીપૂર્વક વિચાર કરીને સંતુલિત અભિગમ અપનાવીને આગળ વધવાની જરૂર છે.



રાકેશ મહેતા | ધનસુરા

સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડ અરવલ્લી જિલ્લા દ્વારા સ્વામી વિવેકાનંદ રમતોત્સવ 2025 અંતર્ગત શ્રી મ.લા ગાંધી કોલેજ કેમ્પસ મોડાસા ખાતે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેમાં જિલ્લા રમત-ગમત અધિકારીશ્રી, કોલેજના પી.ટી.આઈ શિક્ષકોશ્રી તથા યુવા બોર્ડના સંયોજકો હાજર રહ્યા અને મોટી સંખ્યામાં કૉલેજ ના વિદ્યાર્થીઓ પારંપારિક રમતોમાં સહભાગી થયા.

# આદિવાસી સમાજની પૂજા કરું છું એવું મોદીજી કહે છે : શિક્ષણ મંત્રી

## આદિવાસી સમાજના બાળકોને "હાથમાં ધારિયા અને કાનમાં બાલિયા"નું ગીત કોંગ્રેસના જમાનાનું...

## હવે હાથમાં કલમ અને કાનમાં સ્ટેથોસ્કોપ એવું બોલવાનું : મંત્રી કુબેર ડિંડોર

ભરત શાહ | નર્મદા

નર્મદા જિલ્લાના દેડીયાપાડા ની ઈનરેકા સંસ્થા માં 41માં વાર્ષિક મહોત્સવમાં હાજરી આપવા પહોંચેલા રાજ્યના આદિજાતી અને શિક્ષણ મંત્રી કુબેર ડિંડોર નું શાળા દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમની સાથે સાંસદ મનસુખ વસાવા, અર્જુનભાઈ ચૌધરી, મોતિસિહ વસાવા, શંકરભાઈ વસાવા સહિત ઈનરેકા સંસ્થાના સ્થાપક વિનોદ કૌશિક અને તેમની ટીમ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ અને શિક્ષણ વિભાગના મંત્રી ડૉ.કુબેરભાઈ ડિંડોરની ઉપસ્થિતિમાં ઈનરેકા સંસ્થાન ટિંબાપાડાનો 41મો વાર્ષિકોત્સવ યોજાયો ઈનરેકા સંસ્થાન દ્વારા સંચાલિત વંદના નર્સિંગ એન્ડ પેરા મેડીકલ કોલેજનું મંત્રી તથા ભરૂચના સાંસદ તેમજ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે



લોકાર્પણ ઈનરેકા સંસ્થાનના બાળકોએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રસ્તુત કર્યા, વર્ષ દરમિયાન વિવિધ ક્ષેત્રમાં ઉત્કૃષ્ઠ દેખાવ કરનાર વિધાર્થીઓને મહાનુભાવોના હસ્તે સન્માનિત કરાયા હતા.

આદિજાતિ મંત્રી કુબેર ડીંડોરે ધારાસભ્ય ચૈતર વસાવા નાં ગઢ માં આવી ને તેમનું નામ લીધા વગર કેટલાક લોકો યુવાનો ને ગેરમાર્ગે દોરી રહ્યા છે.તેવી વાત કરી કટાક્ષ કર્યો હતો. કોંગ્રેસના શાસન માં ભણ્યા એટલે પાછળ છો અને હાલ ના વિદ્યાર્થીઓ ભાજપ ના શાસન માં ભણે છે એટલે આગળ વધી રહ્યા છે. આદિવાસી નૃત્ય કોંગ્રેસ ના સમય નું છે હવે ભણવું પડે તો આગળ વધીશું. આદિવાસી નૃત્ય નું ગીત છે. અમુ આદિવાસી હાથ માં દાંડિયું ને મોદી સાહેબ ના શાસન માં નવું ગીત લાવો હાથ માં કલમ અને ગળા માં સ્ટેથેસ્કોપ એવું ગીત લાવો કહી સૂચના આપી હતી. આ સાથે મનસુખ વસાવા એ પણ મોદી સાહેબ ને સાંભળવા હોય તેમના અસ્તિસ્તને જોવું હોય તો તેમની મનકી બાત ખૂબ પ્રભાવશાળી છે જો બાળકો ને મન કી બાત દેખડામાં આવે તો ઘણું શીખવા મળે જેથી આશ્રમશાળાઓ અને નિવાસી શાળાઓ માં તો આ કાર્યક્રમ રેગ્યુલર કરવા જેવું છે.તેમ કહ્યું હતું.

# રાજપીપળા બીરસા મુંડા ટ્રાઇબલ યુનિવર્સિટી, કોમર્સના વિધાર્થીઓએ સ્ટેટ બેન્કની મુલાકાત લીધી

ભરત શાહ | નર્મદા



રાજપીપળા ની બીરસા મુંડા ટ્રાઈબલ યુનિવર્સિટી ના સ્કૂલ ઓફ કોમર્સ ના વિધાર્થીઓ એ રાજપીપળા ની ગાંધી ચોક પાસે આવેલ SBI બેન્ક ની મુલાકાત લીધી અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI)ના મેનેજર સુનિલકુમાર પટેલ અને બેંકના માર્ગદર્શક કર્મચારીઓ દ્વારા કોમર્સના વિષય વસ્તુના ભાગરૂપે નામાના મૂળતત્વો, વાણિજ્ય વ્યવસ્થા અંતર્ગત નાણાના સિદ્ધાંતો, ભારતીય બેંકિગ પ્રણાલી અને RBIની નીતીની પ્રત્યક્ષ સમજૂતી મેળવવા તથા હાલના સાઈબરફ્રોડ પ્રત્યે જાગૃત થવા માટે તેમજ વિવિધ ખાતાઓના પ્રકાર , બેંક માંથી રકમ ઉપાડવા મૂકવાની કાર્ય પદ્ધતિ તેના ફોર્મ અન્ય ડીઝીટલ સુવિધા ,ATM સેવા , પાસબુક એન્ટ્રી મશીન તથા બેંક ના વિવિધ વિભાગો ની માહિતી આપી હતી. યુનિવર્સિટીના સ્કૂલ ઓફ કોમર્સના પ્રિ.ડો.મહેશ બારડ, અને દિવ્યાંગસિંહ ચાવડા અને તૃસાલી બેન ડોડીયા હાજર રહ્યા હતા અને બીરસા મુંડા ટ્રાઈબલ યુનિવર્સિટી , રાજપીપળા તરફથી બેંક એ વિદ્યાર્થીઓને માહિતગાર કરવા બદલ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ ની સફળતા માટે યુનિવર્સિટીના કુલપતિ ડો. મધુકરભાઈ પાડવી અને કુલસચિવ ડો.વિજયસિંહ વાળા એ સૌ સ્ટાફ અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી અભિનંદન આપ્યા હતા.

NEWS BRIEF

## દેડીયાપાડા આવેલી એસટી બસના કંડકટરના ટિકિટ મશીન સાથે બેગની ઉઠાંતરી

ભરત શાહ | નર્મદા

નર્મદા જિલ્લાના દેડિયાપાડા ડેપો પરથી ઝઘડીયા ડેપો ની એસટી બસ માંથી કંડકટર ના ટિકિટ મશીન સાથે બેગ ચોરી થતાં ફરિયાદ નોંધાઈ છે. પ્રાપ્ત વિગતો અનુસાર બસ કંડકટર ઈશ્વરભાઇ ભાનુભાઇ નિજારી રહે.નવા હરીજનવાસ બડોદરા તા.મોડાસા જિ.અરવલ્લી નાઓ એ આપેલ ફરિયાદ મુજબ તેઓ ભરૂચ ડીવીઝનના ઝઘડીયા ડેપોની સરકારી બસ નંબર GJ-18-Z-6878 મા કંડકટર તરીકે નોકરી કરતા હોય આ બસ અંક્લેશ્વર થી દેડીયાપાડા બસ ડેપો ખાતે આવી ત્યારે તેમનું ટીકીટ મશીન બેગમા મુકી બેગ કંડકટર સીટ ઉપર મુકી તેઓ વોશરૂમમાં ગયા ત્યારબાદ પરત આવી બસમા પેસેન્જરો બેસાડી દેડીયાપાડા થી ઝઘડીયા ખાતે જવા રવાના થયેલ હતા અને પેસેન્જરોને ટીકીટ આપવા માટે બેગ લેવા જતા બેગ મળી આવેલ ન હોય જેથી બસમા તથા દેડીયાપાડા બસ ડેપોની આજુબાજુમા બેગની શોધખોળ કરતા બેગ ક્યાંયે નહી મળતા આખરે કંડકટર ની ફરિયાદ ના આધારે દેડિયાપાડા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# રાજપીપળાના કોણ છે ગીતાબેન... જેમણે લાખો રૂપિયાનો દારૂ મંગાવ્યો...

## રાજપીપળા પોલીસ સ્ટેશન નજીક થી... ગાંધીનગર સ્ટેટ મોનીટરીંગ ટીમે દારૂ ભરેલી કાર મળી રૂ.2.84 લાખના મુદામાલ સાથે એક ને ઝડપી પાડ્યો

ભરત શાહ | નર્મદા



રાજપીપળા પોલીસે સ્ટેશન નજીક ના વિસ્તાર માંથી ગાંધીનગર સ્ટેટ મોનીટરીંગ ટીમે અંગ્રેજી દારૂ નો મોટો જથ્થો પકડી પાડતાં રાજપીપળા પોલીસ અજાણ હતી કે કોઈની રહેમ નજર હેઠળ આ વેપલો ચાલતો હતો તેવા સવાલ હાલ ચર્ચામાં છે.

પ્રાપ્ત વિગતો અનુસાર 17 જાન્યુઆરીની વહેલી સવારે રાજપીપળા માં ગાંધીનગર ની સ્ટેટ મોનીટરીંગ સેલ પોલીસ અને બુટલેગર વચ્ચે જાણે પકડદાવ ખેલાયો હતો. જેમાં ટાટા ઈન્ડિગો કારમાં દારૂ ભરીને નીકળેલા એક ઈસમને હરસિધ્ધિ માતા મંદિર બેક રોડ ઉપર થી SMC પોલીસે ઝડપી લીધો હતો. વહેલી સવારે થયેલી દોડધામને પગલે લોકોમાં પણ શું બનાવ બન્યો છે, એને લઈ ને કુતુહલ જાગ્યું હતું, પરંતુ પોલીસ કર્મીઓ સાદા ડ્રેસ મા હોઈ કોઈ ને કંઈ ખબર ના પડી હતી, અને દારૂ ભરેલી ગાડી ને ઝડપી લીધી ત્યાર બાદ પકડાયેલ આ ટાટા ઈન્ડિગો કાર નંબર GJ 16 AA 2051 સહિત પકડાયેલા આરોપીને રાજપીપળા પોલીસ મથકે લઈ જવાયો હતો તેમાંથી આશરે રૂ.1,29,528/- નો મુદામાલ ઝડપી પાડયો હતો જોકે દારૂ નો આટલો મોટો જથ્થો રાજપીપળા ટેકરા ફળીયા ખાતે રહેતા ગીતાબેન વસાવા એ મંગાવ્યો હોવાનું પકડાયેલ પરેશ દશોરિયાભાઈ વસાવા રહે. ચિતરોલ એ જણાવ્યું હોય, આ ગીતાબેન કોણ છે..? અને રાજપીપળા પોલીસ આ મામલે અજાણ છે..? તેવા સવાલ ઉઠ્યા હતા.

જોકે સ્ટેટ મોનીટરીંગ ટીમે પકડેલા પરેશ વસાવા સિવાય ના આ ગુના માં સંડોવાયેલા અન્ય ત્રણ પૈકી (2) હરેશ રણછોડભાઈ વસાવા, રહે. જુનાઘાટા ગામ, તા.નાંદોદ, જી. નર્મદા.(3) દિનેશભાઈ શાંતિલાલ વસાવા રહે. ચીતરોલ ગામ, તા.નાંદોદ, જી.નર્મદા તેમજ(4) ગીતાબેન રાજેશભાઈ વસાવા, રહે. ટેકરા ફળિયું.રાજપીપળા નાઓ ને વોન્ટેડ જાહેર કરી કુલ ચાર વિરુદ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ માટે રાજપીપળા પોલીસ ને કેસ સુપરત કર્યો છે.

### ભૂતકાળમાં ચિતરોલથી કરોડોનો દારૂ પકડાયો હતો

રાજ્યની સૌથી મોટી વેદેશી દારૂની રેડ ચિતરોલ ખાતે ભૂતકાળ માં કરાઈ હતી જેમાં કરોડો રૂપિયાનો ટ્રકબંધી દારૂ નો મુદામાલ ઝડપાયો હતો અને આ રેડ માં પણ ચિતરોલ ગામ ના બે નબીરા સામેલ હોય શું આ ગામ ફરી વિદેશી દારૂ માટે નું હેડ ક્વાટર બની ગયું છે.? જો આમ હોય તો એના કર્તાહર્તા કોણ છે એ તપાસ નો વિષય છે.

*શ્રી કટલરી કરિયાણા મર્ચન્ટ એસોસિએશન મોડાસાના*

# સુવર્ણજયંતી વર્ષ નિમિત્તે મફત નેત્ર રોગ નિદાન કેમ્પ યોજાયો

રાકેશ મહેતા | ધનસુરા

શ્રી કટલરી કરિયાણા મર્ચન્ટ એસોસિએશન મોડાસા દ્વારા ચાલુ વર્ષે સુવર્ણ જયંતી વર્ષ ઊજવણી ના ભાગ રૂપે ડોક્ટર રસિકલાલ શાહ સાર્વજનિક હોસ્પિટલ ના સહયોગથી મફત નેત્ર રોગ નિદાન કેમ્પ સાકરીયા દૂધ ઉત્પાદક સહકારી મંડળી સાકરીયા મુકામે યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં ડોક્ટર જાનકી વી પટેલ આંખ રોગના નિષ્ણાતે પોતાની સેવાઓ આપી હતી. આ પ્રસંગે સાકરીયા દૂધ ઉત્પાદક મંડળીના ચેરમેન દિપકભાઈ પટેલ, મિનેશભાઈ ગાંધી તથા સાકરીયા ના



ભદ્રેશભાઈ ગાંધી, મંડળીના ચેરમેન પંકજભાઈ બી બુટાલા, એસોસિયેનના પ્રમુખ રમણભાઈ જે પ્રજાપતી, મંત્રી મુકુન્દકુમાર શાહ, સહમંત્રી મનીષભાઈ ભાવસાર ખજાનચી જયેશભાઈ ગાંધી, ઉપપ્રમુખ નરેન્દ્ર ભાઈ શાહ પ્રોજેક્ટ ચેરમેન મયુરભાઈ બુટાલા, સોવેનીયર ચેરમેન જગદીશભાઈ ભાવસાર, ઉપપ્રમુખ નરેન્દ્રભાઈ શાહ, કારોબારી સભ્ય સંજયભાઈ પરીખ હાજર રહ્યાં હતાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સેક્રેટરી મુકુન્દ એસ. શાહે કર્યું હતું. આ કાર્યક્રમમાં સાકરીયા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિમિટેડના પદાધિકારીશ્રીઓ અને ગ્રામજનોનો ખુબ સુંદર સહયોગ પ્રાપ્ત થયો હતો. આ નિદાન કેમ્પમાં 80 દર્દીઓએ લાભ લીધો હતો જેમાંથી 20 દર્દીઓને મોતિયાનું મફત ઓપરેશન કરવામાં આવશે તેવું જાહેર કરવામાં આવ્યું હતું અને દરેક દર્દીને જરૂરિયાત મુજબના ચશ્મા મફત આપવામાં આવ્યા હતા.

## ભૂલથી અન્ય પરીક્ષા કેન્દ્ર પર આવી પહોંચેલ વિદ્યાર્થીનીને વઘઇ પોલીસે સહી સલામત પોતાના પરીક્ષા કેન્દ્ર પર પહોંચાડી

સુશીલ પવાર | ડાંગ

ડાંગ જીલ્લાનાં જુદા-જુદા તાલુકામાં JNVST-2025ની પરીક્ષાનું આયોજન કરવામાં આવેલ હતુ. જે અનુસંધાને વઘઇ પોલીસ સ્ટેશનનાં એમ.એસ.રાજપુત દ્વારા વઘઈ તાલુકા શાળા પર જરૂરી પોલીસ બંદોબસ્ત રાખવામાં આવેલ. તે દરમ્યાન પરીક્ષાર્થી નામે અસ્મીતાબેન ઈશ્વરભાઈ પવાર ( રહે, ઢુંઢુનિયા તા.આહવા જી.ડાંગ ) તેની માતા સાથે પરીક્ષા આપવા માટે વઘઇ તાલુકા શાળા ખાતે પહોંચ્યા હતા.અને પરીક્ષા કેંદ્ર પર તપાસ કરતા તેઓનું પરીક્ષા કેન્દ્ર સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા આહવાનું જણાઇ આવેલ.ત્યારે પરીક્ષા કેન્દ્ર પર હાજર વઘઈ પોલીસ સ્ટાફે તુરત પોલીસ મોબાઈલમાં બેસાડી તાત્કાલિક તાલુકા શાળા વઘઈ ખાતેથી આહવા પરીક્ષા કેંદ્ર ખાતે પરીક્ષાર્થી અસ્મીતાબેન ઈશ્વરભાઈ પવારને પહોચતી કરેલ.

## U -14 વોલીબોલ સ્પર્ધામાં જિલ્લાનું ગૌરવ



દિપક રાવલ | દાહોદ લીમખેડા

ખેલ મહાકુંભ-3.0 અંતર્ગત U -14 ભાઈઓની વોલીબોલ સ્પર્ધા જિલ્લા કક્ષાએ યોજાઈ હતી.જેમાં ફાઈનલ મેચ ધાનપુર અને લીમખેડા તાલુકા વચ્ચે રમાઈ હતી.ફાઈનલમાં લીમખેડા તાલુકાની રાઈ મુખ્ય પ્રાથમિક શાળાના ભાઈઓની ટીમ ચેમ્પિયન બની હતી.સાથે સાથે U-17 માં ભાઈઓ ની ટીમ ત્રીજા ક્રમાંકે રહી હતી.U-14 ભાઈઓ વોલીબોલની ટીમ ચેમ્પિયન બનતા સમગ્ર દાહોદ જિલ્લામાં લીમખેડા તાલુકાનું તથા પોતાના પગાર કેન્દ્ર તથા શાળાનું નામ રોશન કરવા બદલ ખેલાડીઓને તથા કોચને આચાર્યશ્રી તથા સ્ટાફ પરિવાર તરફથી ખૂબ ખૂબ અભિનંદન સાથે હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

## સંખેડા દશાલાલની વાડી ખાતે શાકોત્સવની ઉજવણી



કમલેશ પટેલ | સંખેડા

સંખેડા દશાલાલની વાડી ખાતે શાકોત્સવની ઉજવણી કરાઈ. ભાવિ આચાર્ય નૃગેન્દ્રપ્રસાદજીની ઉપસ્થિતિમાં શાકોત્સવની ઉજવણી કરાઈ હતી. સંખેડા અને આસપાસના ગામોના હરિભક્તો ઉજવણી દરમિયાન હાજર રહ્યા હતા. સંખેડા ખાતે શાકોત્સવની ઉજવણી પ્રસંગે પધારેલા ભાવિ આચાર્ય નૃગેન્દ્રપ્રસાદજી મહારાજનું સંખેડા ગામની ભાગોળે સ્વાગત કરાયું હતું. હરિભક્તો આ શોભાયાત્રામાં જોડાયા હતા. શોભાયાત્રા સંખેડા નગરના રાજમાર્ગો ઉપર ઘૂમી હતી. અને દશાલાલ ની વાડી ખાતે પહોંચી હતી. અત્રે સત્સંગ સભા યોજાઈ હતી. જેમાં ભાવિ આચાર્ય નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ ઉપસ્થિત રહ્યા હતા.

## અમિયાર પાસે પીકઅપમાંથી ૧૦ વાછરડા સહિત રૂ.૬,૫૫,૦૦૦નો મુદામાલ ઝડપાયો



ભરત શાહ | નર્મદા

નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાના અમિયાર ગામ પાસેથી પિકઅપ ગાડીમાં વાછરડા ભરી જતી ગાડી પોલીસે પકડી ગુનો દાખલ કર્યો છે. મળતી માહિતી અનુસાર સાગબારા પોલીસ વાહન ચેકીંગ માં હતી ત્યારે પીકઅપ ગાડી નં.MH-12-FD.7680 માં જોઈ અજાણ્યા ચાલક એ ગૌવંશ ગાયો-વાછરડા નંગ- ૦૩ તથા વાછરડા નંગ-૦૭ કુલ નંગ-૧૦ ની કુલ કિંમત રૂ.૧,૫૫,૦૦૦/-નો પશુ મુદ્દામાલ કતલ કરવાના ઈરાદે ગેરકાયદેસર રીતે હેરાફેરી કરી હાઈવે રોડ ઉપર પીકઅપ વાહન ઉભુ કરી દઈ પીકઅપ ગાડીની કિ. રૂ.૫,૦૦,૦૦૦/- મળી કુલ કિ.રૂ. ૬,૫૫,૦૦૦/- નો મુદ્દામાલ સ્થળ ઉપર મુકી નાસી જઈ ગુનો કરતા પોલીસે અજાણ્યા ગાડી ના ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## કલેડીયા ગામે ડિગ્રી વગરના બોગસ ડોક્ટરને ઝડપી પાડતી છોટાઉદેપુર સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ

રિપોર્ટર. કમલેશ પટેલ | સંખેડા

છોટાઉદેપર જીલ્લા વિસ્તારમાં સામાન્ય પ્રજાના આરોગ્ય સાથે ચેડા કરતા 'બોગસ ડોક્ટર' પર કાયદાકીય રીતે કડકહાથે કામ લેવાની આપેલ સચુના ના માર્ગદર્શન મજુબ શ્રી એમ. એચ.જાદવ પોલીસ સબ ઈન્સપેક્ટર, એસ.ઓ.જી. નાઓની સચુના થી એસ.ઓ.જી પોલીસ સ્ટાફના માણસો સંખેડા પોલીસ સ્ટેશન સવસ્તારમા પેટ્રોલીંગમા હતા તેદરમ્યાન ખાનગી રાહે બાતમી હકીકત આધાર પ્રાબિર મણીન્દ્રનાથ બિશ્વાસ ઉ.વ.૪૫ ધંધો. ડોકટરી પ્રેકટીસ હાલ રહે કલેડીયા, રેલ્વે ફાટક પાસે તા સંખેડા, જી. છોટાઉદેપૂર મળુ રહે ૨૫૭, ટીન, અંતલા, પૂરબન્સા, મચ્છલાદં પૂર, હબરા, નોર્થ ૨૪ પરગણા, પશ્ચિમ બંગાળ પીન નંબર ૭૪૩૨૮૯ વાળો છેલ્લા ઘણા સમયથી છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તાલકુાના કલેડીયા ગામે કોઇ પણ જાતની મેડીકલ ડીગ્રી વિના



મેડીકલ ના સાધનો, એલોપેથીક દવાઓ મળી કુલ રૂ. ૯,૭૩૮/-ના મુદ્દા માલ સાથે રેઈડ દરમ્યાન મળી આવતા સદરના વિરુદ્ધમાં ધોરણસર કાર્યવાહી કરી સખંડા પો.સ્ટે.ખાતે ગુન્હો દાખલ કરવામાં આવેલ છે.

પકડાયેલ આરોપીનુનામ:- પ્રાબિર મણીન્દ્રનાથ બિશ્વાસ ઉ.વ.૪૫. ધંધો ડોકટરી પ્રેકટીસ હાલ રહે કલેડીયા, રેલ્વેફાટક પાસે તા. સંખેડા, જી.છોટાઉદેપૂર મળુ રહે ૨૫૭, ટીન, અંતલા, પૂરબન્સા, મચ્છલાદં પૂર, હબરા, નોર્થ ૨૪ પરગણા, પશ્ચિમ બંગાળ પીન નંબર ૭૪૩૨૮૯ કામગીરી કરનાર અધિકારી/ કર્મચારી:- PSI SOG I/C શ્રી. એમ.એચ.જાદવ તથા દિલીપભાઈ ASI મિનેશભાઈ નારસીંગભાઇ,HC છત્રસસિંહ રૂપસિંહ નાઓ જોડાયેલ હતા.

# ગાંધીનગર ખાતે ગૃહ મંત્રી હર્ષ સંઘવીના હસ્તે... સંતરામપુર પાસે ગત વર્ષે લૂંટ વિથ મર્ડર કેસની રૂપિયા 1.17 કરોડની રકમ પરત કરી

જગદીશ ત્રિવેદી | લુણાવાડા

2023ના વર્ષમાં બાલાસિનોર ની આઈસીઆઈસીઆઇ બેન્કના મેનેજર વિશાલ પાટીલ ની હત્યા તેના કહેવાતા મિત્ર દ્વારા જ કરવામાં આવી હતી અને ૧.૧૭ કરોડ રૂપિયા ની લૂંટને અંજામ આપવામાં આવ્યો હતો.

બેંકમાં જ્યારે વિશાલ પાટીલ પોતાની કારમાં રૂપિયા ૧.૧૭ કરોડ લઈને દાહોદ ખાતે આવેલી icici ની શાખામાં જમા કરવા માટે જઈ રહ્યા હતા ત્યારે સંતરામપુર નજીક આવેલ ગોધર ગામની સીમમાં રાત્રિના સમયે તેમની કાર સળગેલી હાલતમાં મળી આવવા પામી હતી અને જે કારમાં જે પેટીમાં રૂપિયા લઈ જવામાં આવ્યા હતા તે પેટી પણ ખાલી મળી આવવા પામી હતી. આ બાબતે મહીસાગર પોલીસ હત્યાનો ગુનો નોંધીને પરિત કાર્યવાહી હાથ ધરી હતી ત્યારે પોલીસ અધિક્ષક જયદીપસિંહ જાડેજા ના માર્ગદર્શન અને સૂચના મુજબ ત્વરિત ધોરણે કાર્યવાહી હાથ ધરવામાં આવતા પોલીસે 12 કલાકમાં જ ગુનાનો ભેદ ઉકેલી નાખ્યો હતો અને પોલીસે લૂંટમાં ગયેલ રકમ ૧,૧૭,૦૦,૦૦૦/- રૂપિયા જપ્ત કર્યા હતા.

ત્યારે 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ અંતર્ગત ગુજરાતના ગૃહ મંત્રી હર્ષ સંઘવીએ ૧.૧૭ કરોડ ની માતબર રકમ ફરિયાદી ને પરત આપી હતી અને મહીસાગર પોલીસ ની કામગીરી ને બિરદાવી હતી.

## મહીસાગર જિલ્લા સંકલન અને ફરીયાદ સમિતિની બેઠક યોજાઇ

જગદીશ ત્રિવેદી | લુણાવાડા

મહિસાગર જિલ્લા સંકલન અને ફરીયાદ સમીતિની બેઠક કલેકટર સુશ્રી નેહાકુમારીની અધ્યક્ષતામાં કલેકટર કચેરી ખાતે યોજાઇ હતી. બેઠકના પ્રથમ તબક્કામાં બાલાસિનોરના ધારાસભ્યશ્રી માનસિંહ ચૌહાણ અને લુણાવાડા ધારાસભ્યશ્રી ગુલાબસિંહ ચૌહાણ દ્વારા શાળાના ઓરડાની કામગીરી, રસ્તાની કામગીરી અને મનરેગાના પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા. જેને સબંધિત અધિકારીઓ કામ



ત્વરીત પૂર્ણ કરવા કલેકટરશ્રીએ સૂચન કર્યુ હતું. બેઠકમાં જિલ્લા કલેક્ટરશ્રીએ જણાવ્યું હતું કે, સરકારશ્રીની યોજનાનો લાભ દરેક વ્યક્તિને મળી રહે તે માટે દરેક વિભાગ મિશન મોડમાં કામગીરી કરી સમયમર્યાદામાં વિવિધ લક્ષ્યાંકો પૂર્ણ કરવા જણાવ્યું હતું. સાથે પ્રજાહિતલક્ષી યોજનાને અગ્રતા આપી છેવાડાનો એક પણ વ્યક્તિ લાભથી વંચિત ન રહી જાય તે માટે અધિકારીશ્રીઓને સૂચન કર્યા હતા.

આ બેઠકમાં લુણાવાડા પોલીસ અધિક્ષકશ્રી જયદીપસિંહ જાડેજા, નિવાસી અધિક કલેકટરશ્રી સી વી લટા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક શ્રીમતી ચંદ્રિકાબેન ભાભોર, લુણાવાડા પ્રાંત અધિકારીશ્રી આનંદ પાટીલ સહિત અમલીકરણ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.



## જિલ્લા પંચાયત ગાંધીનગર બાંધ કામ સમિતીના ચેરમેન હસ્તે રૂપિયા 1.59 કરોડ ના ખર્ચ તૈયાર થવાનું રોડનું ખાતમુરત કરવામાં આવ્યું

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

ગાંધીનગર જિલ્લાના ટીટોડા ભોયણ રોડથી વિનનસ કોલેજ તથા વિનસ કોલેજથી શેરથા ગામને જોડતા રોડનુ ખાત મૂહરત કરવામાં આવ્યું. જેની લંબાઈ 3.90 કી.મી અને અંદાજિત રકમ 1.59 કરોડ છે. જિલ્લા પંચાયત ગાંધીનગર બાંધ કામ સમિતી ના ચેરમેન ભરતજી રાયસંગજી ઠાકોર (ભૂટ્ટા સરકાર) ના હાથે ખાત મૂહરત કરવામા આવ્યુ આ શૂભ પ્રસંગે ગામના આગેવાન કેશાકાકા,જુહાજી લાધાજી, બળદેવભાઈ માસ્તર, શૈલેન્દ્ર ભવાનજી તથા ગામના નાગરિકો હાજર રહ્યા હતા.

# ભોજનમાં વધુ મીઠું પડી ગયું છે ગભરાશો નહીં, આ ટ્રીક અપનાવો

**જો ભૂલથી કોઈ પણ શાકભાજીમાં વધારે મીઠું નાખવામાં આવે તો તે માત્ર ખોરાકનો સ્વાદ જ બગાડે છે, પણ તેને બનાવનાર વ્યક્તિનો મૂડ અને સમયનો પણ બગાડ થાય છે. એટલું જ નહીં, શાકભાજીમાં વધુ પડતા મીઠાને કારણે, ઘણા લોકો તેને કેવી રીતે સુધારવું તેની ચિંતા કરતા હોય છે.આવી સ્થિતિમાં, તેઓ શાકભાજીમાં પાણીનું પ્રમાણ વધારી દે છે. પરંતુ શાકમાં વધુ પાણી ઉમેરવાથી મીઠું ઓછું થાય છે પણ અન્ય મસાલાઓનો ગુણોત્તર પણ બગાડી દે છે. જો તમારી સાથે ક્યારેય આવું બન્યું હોય, તો શાકભાજીમાં પાણી ઉમેરવાને બદલે, આવી કેટલીક રસોઈ ટિપ્સનો ઉપયોગ કરી જોજો વધુ સારું રહેશે જેનાથી ન તો તમારા શાકભાજીનો સ્વાદ બગડશે અને ન તો તમે વધારાનું મીઠું સરળતાથી ઘટાડી શકશો. તો ચાલો જાણીએ 4 હેક્સ વિશે જે તમારા માટે ખૂબ ઉપયોગી થઈ શકે છે.**



## લીંબુનો રસ તમારું કામ સરળ બનાવશે

જો શાકમાં મીઠું વધારે પડી જાય તો તેમાં લીંબુનો રસ ઉમેરીને મિક્સ કરી શકો છો. આ તમારા શાકભાજીમાં મીઠાનું સંતુલન બનાવશે. ખરેખર, કોઈપણ શાકભાજીમાં લીંબુ જેવું ખાટું કંઈક ઉમેરવાથી મીઠું ઓછું થાય છે. એટલું જ નહીં, તે તમારી વાનગીનો સ્વાદ વધારે છે. પરંતુ તમે તે શાકભાજીમાં લીંબુ ઉમેરવા માંગતા હો તો.

## લોટની ગોળીઓનો ઉપયોગ કરો

તમારી ગ્રેવીની શાકભાજીમાં મીઠું ખૂબ વધી ગયું હોય તો મધ્યમ કદના લોટની ગોળીઓ બનાવો અને તેને શાકભાજીમાં નાખો. લોટનો ગોળો શાકભાજીમાં રહેલા વધારાના મીઠાને શોષી લેશે. જોકે, શાક પીરસતા પહેલા, લોટ કાઢી લો અને એકવાર તેનો સ્વાદ ચાખી લો. આ હેકનો ઉપયોગ સામાન્ય રીતે ઘરોમાં થતો હોય છે.

## કાચા બટાકા કામ સરળ બનાવે છે

શાકભાજીમાં મીઠું નાખવા માટે તમે કાચા બટાકાનો પણ ઉપયોગ કરી શકો છો. કાચા બટાકાના ટુકડા ખૂબ મીઠું ચડાવેલી ગ્રેવીમાં નાખો. તેમને ઓછામાં ઓછા 20 મિનિટ માટે ડીશમાં રહેવા દો. આનાથી બટાકા ગ્રેવીમાંથી વધારાનું મીઠું શોષી લેશે. જોકે, પીરસતા પહેલા ફરી એકવાર વાનગીનો સ્વાદ લેવાનું ભૂલશો નહીં.

## ફ્રેશ ક્રીમનો ઉપયોગ કરો

મીઠાનું પ્રમાણ વધુ હોય તેવા શાકભાજીમાં તાજી ક્રીમનો ઉપયોગ કરીને સુધારી શકાય છે. તાજી ક્રીમ ખૂબ મીઠું ચડાવેલા શાકભાજીને નિષ્પક્ષ બનાવે છે. ખરેખર, શાકભાજીમાં તાજી ક્રીમ ઉમેરવાથી ગ્રેવી ગાઢ થાય છે, જેનાથી મીઠું ઓછું થાય છે.



# શું HMPV કિડનીને પણ કરે છે નુકસાન?

ચીનમાં ફેલાયેલો HMPV વાયરસ વિશ્વભરમાં ફેલાઈ રહ્યો છે. ભારતદેશમાં પણ આ ચેપના ઘણા કેસ નોંધાયા છે. આરોગ્ય મંત્રાલય પણ આ વાયરસ પ્રત્યે ખૂબ જ ગંભીર છે. આરોગ્ય મંત્રાલયે તમામ રાજ્યોને આ વાયરસ અંગે સતર્ક રહેવા જણાવ્યું છે. HMPVએ શ્વાસોશ્વાસનો રોગ છે. તેના લક્ષણો કોવિડ-19 જેવા જ છે. કોવિડ-19 માં તાવ, માથાનો દુખાવો, ઉધરસ, શ્વાસ લેવામાં તકલીફ જેવા લક્ષણો દેખાતા હતા. આ વાયરસમાં પણ આ જ લક્ષણો જોવા મળી રહ્યાં છે. જોકે તે કોવિડ જેટલા ઘાતક નથી.

HMPV વાયરસ ખાસ કરીને બાળકો અને વૃદ્ધોને વધુ અસર કરી રહ્યો છે. આ ચેપની અસર 2 થી 5 વર્ષની વયના બાળકોમાં જોવા મળી રહ્યો છે. જેનામાં શારીરિક નબળાઈ વધુ હોય તે વ્યક્તિને જલ્દી ચેપ લગાવી શકે છે. આ વાયરસ આવતાની સાથે જ આરોગ્ય વિભાગમાં ચિંતા વધી ગઈ છે. સામાન્ય લોકોમાં પણ ચિંતામાં મુકાયા છે. કોવિડ વાયરસથી શરીરમાં ઘણી આડઅસરો થઈ. શું તે HMPV ને કારણે પણ થઈ શકે છે? કેટલાક નિષ્ણાતોના મતે, આ વાયરસ કિડની પર પણ નકારાત્મક અસર કરી શકે છે

## કિડની પર અસર કરે છે

નિષ્ણાતો કહે છે કે વાયરસની કિડની પર સીધી નકારાત્મક અસર થવાના કોઈ જ લક્ષણો નથી, પરંતુ તેની આડઅસરના કેટલાક પુરાવાઓ છે. જોકે, HMPV કિડની પર સીધી અસર કરતું નથી. કેટલાક કિસ્સાઓમાં, દર્દીને ડાયાલિસિસની જરૂર પડે છે, આ કિસ્સામાં કિડનીને અસર થઈ શકે છે. નિષ્ણાતોના મતે, HMPV કિડની પર ખરાબ અસર કરી શકે છે. આ વાયરસ કેટલાક દર્દીઓમાં કિડનીને મોટુ નુકસાન પહોંચાડી શકે છે. એક અભ્યાસમાં HMPV ચેપ અને કિડનીની સમસ્યાઓ વધારે છે તેમાં કેટલાક પુરાવાઓ મળ્યા છે.

## અભ્યાસમાં જાણવા મળ્યું છે

યુનાઈટેડ સ્ટેટ્સમાં હોસ્પિટલમાં દાખલ બાળકોના અભ્યાસમાં જાણવા મળ્યું છે કે HMPV ચેપને કારણે કિડનીની સમસ્યાઓ (AKI) વધી છે.આ અભ્યાસ HMPV ચેપ અને કિડનીના રોગો વચ્ચેના સંભવિત જોડાણને કંઈક અંશે સમર્થન આપે છે. આ વિશે વધુ માહિતી મેળવવા માટે અભ્યાસની જરૂર છે. હાયપોક્સિયા કિડનીને નુકસાન પહોંચાડી શકે છે

## જોખમ વધારી શકે છે

HMPV ચેપ ગંભીર શ્વાસોશ્વાસની બિમારીનું કારણ બને છે. શરીરમાં શ્વાસોશ્વાસ ચેપ પણ હાયપોક્સિયાનું જોખમ વધારી શકે છે. શરીરમાં ઓક્સિજનનું સ્તર ઘટવા લાગે છે અને કિડનીમાં લોહીનો પ્રવાહ અવરોધાય છે. તેથી કિડની યોગ્ય રીતે કાર્ય કરી શકતી નથી. ખૂબ તાવ અને ઉલટી થવાને કારણે કિડનીની સમસ્યાઓ વધી જાય છે.

# ઘરે જ બનાવી શકો છો ગુલાબજળ, બહારથી ખરીદવાની ઝંઝટ દૂર કરો

**સદીઓથી સુંદરતા વધારવા માટે ગુલાબજળનો ઉપયોગ કરાતો હોય છે. રોજિંદા જીવનમાં ગૃહિણીઓ ત્વચાની સંભાળ માટે ગુલાબજળનો સમાવેશ કરતી હોય છે. ગુલાબજળનો ઉપયોગ ફેસબેકમાં ખાસ કરીને કરાતો હોય છે. તે ત્વચાને ઠંડક આપે છે. તે કુદરતી કલ્નીઝર તરીકે પણ કામ કરે છે. પરંતુ ગુલાબજળનો ઉપયોગ ઘણા બધા પ્રકારે કરાતો હોય છે. ગુલાબજળથી ત્વચાને ફાયદાકારક કઈ રીતે કરી શકાય. જો ત્વચાને ચમકતી, ડાઘ વગરની બનાવવા માંગતા હો, તો ઘરે શુદ્ધ ગુલાબજળ બનાવવાનો પ્રયાસ કરી શકો છો, ઘરે બનાવેલું શુદ્ધ ગુલાબજળ તમારી ત્વચા માટે વરદાનથી ઓછું સાબિત થશે નહીં. ચાલો ઘરે ગુલાબજળ બનાવવાની ખૂબ જ સરળ રીત જાણીએ**

## ઘરે પણ જ બનાવી શકો છો



જો તમે તેને ઘરે પણ જ બનાવી શકો છો જાણો તેની સરળ રીત સોથી પહેલા ઘરે ગુલાબજળ બનાવવા માટે, તમારે તાજી ગુલાબની પાંખડીઓને સારી રીતે ધોઈને સાફ કરવી પડશે. હવે એક પેનમાં બે-ત્રણ કપ સ્વચ્છ પાણી અને તાજી ગુલાબની પાંખડીઓ નાખો માહિતી માટે, તમને જણાવી દઈએ કે તપેલીમાં પૂરતું પાણી ભરેલું હોવું જોઈએ જેમાં ગુલાબની પાંખડીઓ સંપૂર્ણપણે ડૂબી ગઈ હોય. પાણીની માત્રા ન તો વધારે હોવી જોઈએ અને ન તો ઓછી. હવે મધ્યમ આંચ પર તવાને મૂકો અને તેને ઉકાળી લો. તમારે આ પાણીને વધારે ઉકાળવાની જરૂર નથી. ધીમે ધીમે પાણીમાં ગુલાબની પાંખડીઓનો રંગ દેખાવા લાગશે. ગુલાબની પાંખડીઓનો રંગ પાણીમાં સારી રીતે ઓગળી જવા દો. હવે ગેસ બંધ કરી દો અને આ પાણીને એક બોટલમાં ગાળી લો. તમે આ ઘરે બનાવેલા ગુલાબજળને કોઈપણ સ્વચ્છ બોટલમાં સંગ્રહિત કરી શકો છો. ગુલાબજળ તમારી ત્વચાના સ્વાસ્થ્યને ઘણી હદ સુધી સુધારી શકે છે. બજારમાંથી ખરીદેલું ગુલાબજળ ભેળસેળવાળું હોઈ શકે છે, તેથી તમે ઘરે ગુલાબજળ બનાવવાનો પ્રયાસ કરી શકો છો.

# કંઈક અદ્ભુત લસણ-આમળાની ચટણી, બનાવી જોજો ઘરે

લસણ-આમળાની ચટણી જો ના તો જાણીએ કંઈક અલગ અને હટકે લસણ-આમળાની ચટણીની સરળ રેસીપી ખોરાકમાં ચટણી સાઈડ ડીશનો મહત્વનો ભાગ હોય છે. આ વાનગી નાસ્તા સાથે ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ખાસ કરીને ચટણી સ્વાદિષ્ટ ભોજનમાં એક અદ્ભુત સ્વાદ ઉમેરે છે. અમે તમને લસણ-આમળાની ચટણીની રેસીપી જણાવીશું જે રોગપ્રતિકારક શક્તિ વધારે છે. આ લસણ-ચટણીની પેટ સંબંધિત રોગોને મટાડવામાં અને દૃષ્ટિ સુધારવામાં પણ અસરકારક છે. તો ચાલો જાણીએ તે કેવી રીતે બનશે

**આમળાની ચટણી બનાવવા માટેની સામગ્રી »** 8થી10 આમળા, આદુનો ટુકડો, સમારેલુ કોથમીર, લસણની 4-5 કળી, 2-3 લીલા મરચાં, 1 ચમચી સરસવનું તેલ, સ્વાદ મુજબ મીઠું

**આમળાની ચટણી બનાવવાની સરળ રીત »** સો પ્રથમ ચટણી બનાવવાની બધી જ સામગ્રી આવી ગઈ છે કે નહીં તે ચકાસી લો. ત્યારબાદ ચટણી બનાવવાની શરુઆત કરો. આમળાની ચટણી બનાવવા માટે સૌથી પહેલા આમળાને સ્વચ્છ પાણીમાં ધોઈ લો. ત્યારબાદ આમળાને નાના ટુકડામાં કાપી લો અને બીજ ફેંકી દો. હવે કોથમીરના પાનની જાડી ડાળી કાપીને, તેને પાણીમાં ધોઈને બારીક સમારી લો. આ પછી, લીલા મરચાંના નાના ટુકડા કરી લો. હવે મિક્સર જારમાં આમળાના ટુકડા, લીલી કોથમીર અને મરચાં નાખો અને તેને બ્લેન્ડ કરો. ત્યારપછી મિક્સરનું ઢાંકણ ખોલો અને તેમાં થોડા આદુના ટુકડા ઉમેરો, લસણના ટુકડા અને સ્વાદ મુજબ મીઠું અને થોડું પાણી ઉમેરો પછી તેનુ ઢાંકણ બંધ કરી 1 થી 2 મિનિટ સુધી મિક્સરમાં મિક્ષ થવા દો. ચટણીને ખૂબ જ બારીક થાય ત્યાં સુધી પીસી લો. હવે, મિક્સર જારમાંથી આમળાની ચટણીને એક બાઉલમાં કાઢી દો. તમારી સ્વાદિષ્ટ વાનગી લસણ-આમળાની ચટણી તૈયાર છે. તેને ફ્રિજમાં રાખી શકાય છે અને એક અઠવાડિયા સુધી ખાવા માટે વાપરી શકાય છે





# સગાઈ

**- રુપાલી દવે**

શ્રીનાથજી કૃપામાં લગ્ન નો માહોલ મસ્ત જામ્યો હતો, ઠાકોરજી ના ભજનો અને લગ્નના ગીતોના સૂરમાં બધેય આનંદ આનંદ છવાયો છે.દેશી વિદેશી થી નીતિન ના લગ્ન માણવા પધારેલ સગા સબંધીઓથી બંગલા નો ખૂણે ખૂણો ભરચક છે.બા અને એની બન્ને વહુઓના સગાઓ ના ગણગણાટ સવાર થી ચાલુ થતો એમાં રાત ના બે ક્યારે વાગી જતા એજ ખબર નહતી પડતી. વૈષ્ણવ સંસ્કાર નો સમાજ એટલે "ઠાકોરજી" બધાના કેન્દ્ર બિરાજી ને રહેતા હતા. સવાર ની આરતી ભોગ થી લઈને સાંજ ની શયન આરતી માં બધા એકઠા થતા હતા.બધા પોતપોતાની ઈચ્છા અનુસાર ફૂલ સેવા,માળા સેવા, ભોગ સામગ્રી સેવા વગેરે કરતા હતા.જ્યાં ઠાકોરજી ની કૃપા હોય ત્યાં આનંદ ઉમંગ ઉત્સાહ ની કમી રહેવાની જ નહિ. બાળ ગોપાલ ની મુસ્કુરાટ માં ચારેય બાજુ એ સકારાત્મક વાતાવરણ માં હસી મજાક મસ્તી નો માહોલ નજરે પડે છે.આમ છતાંય પરિવાર ની અમુક ખાસ વ્યક્તિઓનો ઓરા જ એવો હોય છે કે એના પ્રવેશ્યા બાદ બધું બદલાઈ જાય છે.

લગ્ન ના ત્રણ ચાર દિવસ પહેલા બા ની બન્ને ચુસ્ત મરજાદી વૈષ્ણવ નણંદો સુધા ફઈ અને કલ્પના ફઈ ના પધારવાથી ફૂલ ઓન આનંદ મસ્તીના માહોલ માં નાનકડો બ્રેક લાગ્યો. વિદેશ થી આવેલા વિજ્યા બા ની પૌત્ર વહુ જુલી અને મેરી ની સ્પર્ધા કલ્પના ફઈ ની દીકરાની વહુઓ કંચન અને કામિની સાથે ખુદ કલ્પના ફઈ કરવા લાગ્યા.સૌરાષ્ટ્ર ના ગામડા મા યુવાન થઈને કંચન અને કામિનીના નજીક ના ગામડા મા લગ્ન થયા હતા એટલે આચાર વિચાર બધું ગામડાનું હતું.બાળપણ ના ચુસ્ત વૈષ્ણવી સંસ્કાર એટલે સાસુ ની આજ્ઞા નું પણ રોબોટ ની જેમ પાલન કર્યા કરતી હતી. કામે કાજે અને રસોઈ માં બધી રીતે બન્ને મતલબ સર્વ ગુણ સંપન્ન વહુઓ એટલે બૂઝૂર્ગો થી લઈને બધા કંચન અને કામિની ના વખાણ કરતા થાકતાં નહતા.

શ્રી નાથજી બંગલા માં કલ્પના ફઈ ની એન્ટ્રી થયા બાદ બા નું તેજ ઘટ્યું ને એની નણંદો મતલબ ફાઈબા ઓનું રાજ વધ્યું. બા સાથે એની બન્ને બહેનો એ પણ મેદાની સ્વરાજ્ય ગુમાવવું પડ્યું.ભાગ્યે જ હાસ્ય પ્રગટ કરતા કલ્પના ફઈ ને અડા અડી વાત વાતમાં અપરસ નું વધારે એટલે એની પાસે બેસનાર ને શુધ્ધ અશુધ્ધ નું વધારે ધ્યાન રાખવું પડતું હતું.ભૂલથી પણ કલ્પના ફઈની ખાસ ચેર પાસે અશુધ્ધ એટલે વૈષ્ણવ નિયમ મુજબ અમુક પ્રક્રિયા બાદ નાહવું ફરજિયાત,એ નિયમ નું પાલન નથી થયું એવી જાણ થતાં જ તાત્કાલિક એ ખુદના શુધ્ધિ કરણ માટે નાહવા જતાં રહેતા હતા. એની જૂની ચેર ની જગ્યા એ નવી ચેર ગાદી તકિયા સાથે મુકાઈ જતી હતી. વિજ્યા બા ની પૌત્ર મોર્ડન વહુઓ ના નાચ નખરા અને અણ આવડત નિહાળતા થતું હતું કે એની સંસ્કારી વહુઓ જુલી અને મેરી ની સંગત થી બગડી જશે. જુલી અને મેરી કલ્પના ફઈ ને 'જય શ્રી કૃષ્ણ' બોલે એ ભેગા એ આડું મોઢું કરીને ચાલવા લગતા હતા. કંચન અને કામિની ભૂલ થી મેરી અને જુલી ની સાથે વાત કરે કે એની બાજુ માં બેસે તો સમજો ફઈ ના ગુસ્સાનો શિકાર થઈ જતાં હતાં. કંચન અને કામિની એટલી હદે સુશીલ અને ગુણિયલ બન્ને વહુઓના માંથા પરથી સાડી નો પલ્લું ના સહેજ વાર પણ સરતો નહતો. બન્ને એટલું ધીમું બોલે કે સાંભળનાર કાન સરવા કરવા પડતાં હતા.મોટાભાગે સાસુ ના ખોફ થી બન્ને મોટી મોટી આંખો થી બધું જોયા કરતી હતી પરંતુ ખાસ વાતચીત કરતી નહતી.

કંચન અને કામિની ના આવ્યા બાદ મેરી અને જુલી પણ વધારે સમય કિચન મા વિતાવવા લાગ્યા.બધાયે કિચન માં રસોઈ કરતા કરતા નક્કી કર્યું કે ગમેતેમ કરીને બીજા દિવસે બોપોરે શોપિંગ કરવા જવું.શહેર ની અંગ્રેજી મિડીયમ સ્કૂલ માં ભણેલી કંચન અને કામિની ને અંગ્રેજી બોલતા આવડતું હતું.મરજાદી ચુસ્ત વૈષ્ણવ સાસુ ની હાજરી માં જુલી અને મેરી સાથે બન્ને વાત ચીત ઓછી કરતા હતા પરંતુ કિચન મા ચારેય ની ચોકડી સારી જામતી હતી. ચારેય ભાભીઓ ની મનની ઈચ્છા જાણી ને ભાઈઓ એ નક્કી કર્યું કે બીજે દિવસે બપોર ના સમય માં ચૂપચાપ શોપિંગ માટે નીકળી જવું. સમસ્યા વિજ્યા બા ની નહતી મૂળ સમસ્યા ની જડ કલ્પના ફઈ હતા. કેમ? ને કેવી રીતે? શ્રી નાથજી બંગલા નું પટાંગણ કલ્પના ફઈ ની ઈચ્છા વગર એની વહુઓ ને ઓળંગવું મુશ્કેલ હતું. એની આગળ પરમિશન લીધી તો એ ના જ પડવાના છે. દીપલ એન્ડ ગ્રુપ સમસ્યા ને સાંભળવા તૈયાર થઈ ગયું પરંતુ એ લોકો એ શોપિંગ માં સાથે લઈ જવાની શર્ત મૂકી. આ શર્ત થી તો બધા ખુશ હતા એટલે કુસુમ કાકી અને નાની કાકી એ ભરપુર સાથ સહકાર આપવાની 'હામી' ભરી દીધી. સવાર ની ભોગ આરતી બાદ પરિવાર નો સામૂહિક નાસ્તા, ચા,દૂધ,કોફી વગેરે કાર્ય માંથી પરવારી ને બધા બે કાર લઈને સુરત ની સફરે નીકળી પડ્યા.

કલ્પના ફઈ એ બેત્રણ વાર કામિની ના નામની બૂમ પાડી ત્યારે કામિની ની જગ્યા એ કુસુમ કાકી એ ફઈ ના નિત્ય દિનચર્યા મુજબ નું કામિની નું કાર્ય કરી દીધું.ત્યારે ફઈ એ પૂછ્યું કે કામિની ક્યાં ગઈ? દેખાતી કેમ નથી? ત્યારે કુસુમ કાકી એ કીધું કે ફઈ,દીપલ સાથે બન્ને વહુઓ લગ્ન નિમિતે અમુક વસ્તુઓ ની શોપિંગ બાકી હતી એ માટે ગયા છે. કુસુમ કાકી ના મુખે વહુઓ ના ગુણગાન સાંભળી ને કલ્પના ફઈ ખુશ થઈ ગયા.

આમ તો કલ્પના ફઈ ની માફક સુધા ફઈ પણ ચુસ્ત મરજાદી વૈષ્ણવ ધર્મ પાળતા હતા પરંતુ એના વિચારો થોડા સુધરલા હતા. સુધા ફઈ ના પાસે રૂપિયા અઢળક હતા પરંતુ રૂપિયા ને વાપરનાર એના નસીબમાં સંતાન નહતું એટલે કે બિચારા નિસંતાન હતા.બે વર્ષ પહેલા પતિનું મૃત્યુ થયા બાદ સુધા ફઈ તદ્દન એકલા પડી ગયા હતા. વૈષ્ણવ સમાજ માં એનું માનસન્માન ખૂબ હતું એના પતિ એ સમાજ ના નાના મોટા ધાર્મિક સામાજિક કાર્યોમા મોટાપાયે દાન આપ્યાં કરતા હતા. મોટી બહેન કલ્પના ફઈ ના બન્ને આજ્ઞાકારી અને સંસ્કારી દીકરાઓ રઘુ અને કાનો સુધાફઈ ના આંખ ના તારા હતા. રઘુ અને કાના ની માફક નીતિન પણ સુધા ફઈ નો વધારે લાડલો હતો. સુધા ફઈના સૂચવ્યા મુજબ જ મહેશ ભાઈ એ નીતિન માટે જીલ ને પસંદ કરીને બા સમક્ષ જીલ ની નીતિન સાથે સગાઈ થાય એ વાત કરી હતી.સુધા ફઈ અને જીલ ના નાનીજી બન્ને ખાસ બહેનપણીઓ એટલે સુધા ફઈ એ જીલ ને બાળપણ થી જ નજર સામે યુવાન થતાં નિહાળી હતી. સુધા ફઈ ને બાળપણ થી જ પરી જેવી અત્યંત સુંદર લાગતી જીલ એના નીતિન માટે વસી ગઈ હતી. જીલ ની નાનીજી અત્યંત ધાર્મિક ચુસ્ત વૈષ્ણવ એટલે જીલ ના સંસ્કાર માં નાનકડી સરખી પણ ખામી નહતી જીલના જન્મ બાદ એની મમ્મી સૂરીલી એ પતિ થી છુપાવવા માટે સુધા ફઈ ને ત્યાં જ આશ્રય લીધો હતો. સુધા ફઈ સૂરીલી વૈષ્ણવ સંસ્કાર અને મીઠા અવાજ પર ખુશ હતા. સૂરીલી ની પ્રત્યેક સમસ્યા માં સુધા ફઈ એ ખૂબ સાથ સહકાર આપ્યો હતો. જ્યારે વિષ્ણુ ભાઈ ને ભૂલ સમજાતા માફી માંગી ને સૂરીલી પુનઃ અપનાવી લીધી ત્યારે સૌથી વધારે સુધા ફઈ ખુશ થયા હતા.

લગ્ન પહેલા ના ચોથા દિવસે સાંજ ના ૫ થી ૭ ભજન શ્રી નાથજી કૃપા માં સંધ્યા હતી એટલે આખો સુરત નો વૈષ્ણવ સમાજ પધારવાનો હતો.બપોર ના ૪:૦૦ વાગવા આવ્યા છતાંય તોય કોઈનો અતોપતો નહતો. ટેન્શન.

# દારુ કરતાં પણ વધારે નુકસાન કરે છે ખોટી રીતે ખાધેલી બદામ, લિવર થઈ જાય છે ખરાબ



આપણે સૌ જાણીએ છીએ કે બદામ સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે.. આ સૂકો મેવો પોષકતત્વોથી ભરપૂર હોય છે. પરંતુ જો બદામને તમે ખોટી રીતે ખાવ છો તો તે સ્વાસ્થ્ય માટે દારૂ કરતા પણ વધારે ખતરનાક સાબિત થઈ શકે છે. આ વાત સાંભળીને આશ્ચર્ય થશે પરંતુ તેની પાછળ વૈજ્ઞાનિક તથ્ય પણ છે જે આજે તમને જણાવીએ. ઈશા ફાઉન્ડેશનના સંસ્થાપક અને પ્રમુખ સદગુરુ એ તેના એક વીડિયોમાં જણાવ્યું હતું કે જો બદામને ખોટી રીતે ખાવામાં આવે તો તે લીવર માટે દારૂ કરતાં પણ વધારે ભયંકર સાબિત થાય છે. સદગુરુ એ જણાવ્યું હતું કે બદામ ખાવાની સાચી રીત કઈ છે તે જાણવી જરૂરી છે.. બદામમાં પ્રોટીન અને હેલ્ધી ફેટ હોય છે. જે આપણા શરીરને ફાયદો કરે છે. પરંતુ આ ફાયદો ત્યારે થાય છે જ્યારે બદામને સાચી રીતે ખાવામાં આવે જો ખોટી રીતે બદામ ખાતી હોય તો તે નુકસાન પણ કરે છે. સદગુરુના જણાવ્યા અનુસાર બદામને ખાતા પહેલા આખી રાત પાણીમાં પલાળીને રાખવી જોઈએ. સવારે જાગીને પલાળેલી બદામની છાલ ઉતારીને પછી જ તેને ખાવી. આ રીતે બદામ ખાવાથી તે સરળતાથી પચે છે અને શરીરને સૌથી વધુ પોષણ મળે છે. બદામમાં પ્રોટીન, વિટામિન ઈ, મેગ્નેશિયમ, ફાઈબર અને એન્ટિઓક્સિડન્ટ ભરપૂર માત્રામાં હોય છે. તેને ખાવાથી ત્વચા અને વાળને લાભ થાય છે. સાથે જ તે હાર્ટની હેલ્થ પણ સારી રાખે છે. બદામનું સેવન નિયમિત કરવાથી બેડ કોલેસ્ટ્રોલ કંટ્રોલમાં રહે છે. તેનાથી વજન ઘટાડવામાં પણ મદદ મળે છે.

## બદામ દારૂ કરતા વધારે ખતરનાક કેવી રીતે ?

હવે પ્રશ્ન એ થાય કે બદામ ખોટી રીતે ખાવાથી દારૂ કરતા વધારે ખતરનાક કેવી રીતે સાબિત થાય ? જ્યારે તમે બદામને પલાળ્યા વિના ખાવ છો તો તેની અસર ધીરે ધીરે પાચનતંત્ર અને અન્ય અંગો પર પડે છે. જો તમે લાંબા સમય સુધી પલાળ્યા વિના બદામ ખાવ છો તો ઘણા ગંભીર રોગ પણ શરીરમાં શરૂ થઈ શકે છે. કાચી બદામ સૌથી વધુ લીવરને ડેમેજ કરે છે. ફરક એટલો છે કે દારૂનું સેવન કરવાથી શરીરને તુરંત જ નુકસાન થવા લાગે છે જ્યારે બદામ ધીરે ધીરે શરીરને નુકસાન કરે છે અને આ નુકસાન પણ સ્થાયી હોય છે.

# પિંક સિટીમાં અક્ષય કુમારનો સ્વેગ...

## વેનિટી વેન ઉપર બેઠાં-બેઠાં સનબાથની સાથે ચાની મજા માણી; 'ભૂત બંગલા' શૂટિંગના અનસીન દૃશ્યો...











(એજન્સી) મુંબઈ | તા.18

બોલિવૂડ એક્ટર અક્ષય કુમાર જયપુરમાં ફિલ્મ 'ભૂત બંગલા'નું શૂટિંગ કરી રહ્યો છે. આ દરમિયાન તેનો એક વીડિયો પણ સામે આવ્યો છે. જેમાં અક્ષય તેની વેનિટી વેનની છત પર સનબાથ લેતો જોવા મળ્યો. આ દરમિયાન એક્ટર ચા પીતો પણ નજરે પડ્યો હતો. હાલ ખિલાડી કુમાર પિંક સિટી અને તેની આસપાસના અલગ-અલગ લોકેશન પર એકતા કૂપરની ફિલ્મનું શૂટિંગ કરી રહ્યો છે. છેલ્લા એક મહિનામાં આ ફિલ્મના મોટા ભાગનું શૂટિંગ ચૌમૂ હાઉસ, ગલતાજી, સિસોદિયા રાની કા બાગમાં થયું છે. ગુરુવારે અક્ષય સિસોદિયા રાની બાગ પાસે શૂટિંગ લોકેશન પર હતો. શૂટિંગ પૂર્ણ કર્યા બાદ તે ગુરુવારે જ મુંબઈ પરત ફર્યો હતો. આ પહેલા અક્ષયે મકરસંક્રાંતિ પર પરેશ રાવલ સાથે પણ પતંગ ઉડાવી હતી. પ્રિયદર્શનના ડિરેક્શનમાં બની રહેલી આ હોરર-કોમેડી ફિલ્મમાં પરેશ રાવલ, રાજપાલ યાદવ અને તબ્બુ પણ છે. ગુરુવારે એક્ટ્રેસ તબ્બુના ડાન્સ સીન શૂટ કરવામાં આવ્યા હતા. આ આખું શૂટિંગ ગલતાજી મંદિરમાં કરવામાં આવ્યું છે. આ સિવાય આર્ટિફિશિયલ સેટ બનાવીને કેટલાક ખાસ સીન શૂટ કરવામાં આવ્યા હતા. પ્રોડક્શન હાઉસે છેલ્લી ક્ષણે શૂટિંગનું સ્થળ બદલી નાખ્યું હતું મળતી માહિતી મુજબ, પ્રોડક્શન હાઉસે ચૌમૂન પેલેસમાં એક મહિના માટે શૂટિંગ માટે બુકિંગ માંગ્યું હતું, પરંતુ આગામી દિવસોમાં લગ્નનું બુકિંગ હોવાથી શૂટિંગ સ્થળ બદલવું પડ્યું. આવી સ્થિતિમાં સૌથી પહેલા અક્ષય કુમારના સીન પૂરા થયા. અક્ષય કુમારે 17 વર્ષ પહેલા પ્રિયદર્શનની ફિલ્મ 'ભૂલ ભુલૈયા' માટે પણ અહીં શૂટિંગ કર્યું હતું.

# કંગના રનૌતે સદગુરુના ચરણ સ્પર્શ કર્યાં...

## 'ઇમરજન્સી'ની સફળતા માટે આશીર્વાદ લીધા, કહ્યું- અમે ભાગ્યશાળી છીએ કે ગુરુજી અમારી ફિલ્મના સ્ક્રીનિંગમાં આવ્યા



(એજન્સી) મુંબઈ | તા.18

કંગના રનૌતની ફિલ્મ 'ઈમરજન્સી' 17 જાન્યુઆરીએ રિલીઝ થઈ છે. એક્ટ્રેસનો એક વીડિયો સામે આવ્યો છે, જેમાં તે અનુપમ ખેર સાથે સદગુરુના દર્શન કરવા માટે ગઈ હતી. આ દરમિયાન તેણે સદગુરુના ચરણ સ્પર્શ કરી આર્શીવાદ લીધા હતા.

17 જાન્યુઆરીએ, PVR, જુહુમાં ફિલ્મ 'ઈમરજન્સી'નું એક સ્પેશિયલ સ્ક્રીનિંગ યોજવામાં આવ્યું હતું, જ્યાં સદગુરુએ પણ હાજરી આપી હતી. આ દરમિયાન કંગના રનૌત અને અનુપમ ખેરે તેમનું સ્વાગત કર્યું હતું. ફિલ્મની સફળતા માટે આશીર્વાદ પણ લીધા, જેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. કંગનાના આ વીડિયો પર યુઝર્સ પણ જોરદાર કોમેન્ટ કરી રહ્યા છે. એકે લખ્યું, 'હિન્દુ સિંહણ કંગના રનૌત.' બીજાએ લખ્યું, 'આ જ સંસ્કાર છે.' અન્ય યુઝરે લખ્યું, 'માત્ર તે જ આવું કરી શકે છે.'

કંગનાએ કહ્યું, આ અમારું સૌભાગ્ય છે કે સદગુરુજી અમારી ફિલ્મ જોવા આવ્યા. ફિલ્મમાં મારી સાથે ખૂબ જ સારો ક્રૂ અને અદ્ભુત કલાકારો હતા. રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા અભિનેતા સાથે કામ કરવું અમારા માટે ઘણું સારું હતું. જો હું આવા સારા લોકો સાથે ફિલ્મ બનાવી શકું તો કેટલી મોટી વાત છે.

સદગુરુએ કહ્યું, ભારતમાં 'ઈમરજન્સી' લાગુ થયાને 50 વર્ષ થઈ ગયા છે. આવી સ્થિતિમાં ઈતિહાસ જાણવા યુવાનોએ આવી ફિલ્મો જોવી જોઈએ. આનાથી આપણા મનમાં કેટલાક પ્રશ્નો આવે છે. આપણે કોઈ પણ બાબતનો નિર્ણય કરવાનું ટાળવું જોઈએ. પ્રશ્ન એ છે કે શું આપણે જે શીખ્યા તે ફરી થઈ રહ્યું છે. અનુપમ ખેરે કહ્યું, સદગુરુ અમારા સ્ક્રીનિંગમાં આવ્યા, જેનાથી અમને ખૂબ સારું લાગે છે. આ ફિલ્મમાં કંગનાએ અભિનયની સાથે સાથે ડિરેક્શન પણ કર્યું છે. તેણે આ ફિલ્મમાં ખૂબ જ સારું કામ કર્યું છે અને આ માટે અમે તેમનો આભાર માનીએ છીએ.

# ટીવી એક્ટર અમન જયસ્વાલને કચડીને ટ્રક ફરાર...



## ઓડિશન આપવા બાઈક પર જઈ રહ્યો હતો, ટીવી સીરિયલ "ધરતીપુત્ર નંદિની"માં મુખ્ય ભૂમિકા ભજવી હતી

મુંબઈ | ટીવી અભિનેતા અમન જયસ્વાલનું મુંબઈમાં એક માર્ગ અકસ્માતમાં મૃત્યુ થયું. અમન 23 વર્ષનો હતો. તેણીએ ટીવી સીરિયલ "ધરતીપુત્ર નંદિની" માં મુખ્ય ભૂમિકા ભજવી હતી. શુક્રવારે બપોરે, અમન મુંબઈના જોગેશ્વરી રોડ પર તેની બાઇક પર જઈ રહ્યો હતો. એક ટ્રકે તેની મોટરસાઈકલને ટક્કર મારી. અંબોલી પોલીસ સ્ટેશનના એક અધિકારીએ જણાવ્યું કે, જયસ્વાલને કામા હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેમનું મૃત્યુ થયું.

અમન જયસ્વાલ પોતાની બાઈકથી ઓડિશન આપવા જઈ રહ્યો હતો એ સમયે તેને અકસ્માત થયો હતો. જોગેશ્વરી હાઈવે પર એક ટ્રકે તેની બાઈકને ટક્કર મારી હતી. તે એક્ટિંગમાં કરિયર બનાવવા માટે મુંબઈ આવ્યો હતો. અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ અમનને હોસ્પિટલમાં લઈ જવાયો હતો. જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું.

સોશિયલ મીડિયા પર એક્ટિવ હતો અમન જયસ્વાલ અમન જયસ્વાલ સોશિયલ મીડિયા પર ખૂબ એક્ટિવ રહેતો હતો. તેની ઈન્સ્ટાગ્રામ પોસ્ટ જોઈને અંદાજ લગાવી શકાય છે કે તેને હરવાફરવાનો ખૂબ શોખ હતો. ઈન્સ્ટાગ્રામ પર તેના 66000થી વધુ ફોલોઅર્સ છે. પોપ્યુલર ઐતિહાસિક ડ્રામા 'પૂણ્યશ્લોક અહિલ્યાબાઈ'માં પણ મુક્તાબાઈના પતિ યશવંત રાવ ફણસેનો રોલ કર્યો હતો. આ ઉપરાંત 'ઉદારિયાં'માં મહત્વના રોલમાં તે ચમક્યો હતો. છેલ્લે અમન 'ધરતીપુત્ર નંદિની'માં આકાશ ભારદ્વાજની મુખ્ય ભૂમિકામાં જોવા મળ્યો હતો.

# 'હંમેશા નશામા રહે છે':અજય દેવગનની દીકરીનો લથડિયા ખાતો વીડિયો વાઈરલ



(એજન્સી) મુંબઈ | તા.18

અજય દેવગન અને કાજોલની દીકરી નિસા દેવગન અવારનવાર હેડલાઈન્સમાં રહે છે. આ દરમિયાન તેનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, જેમાં તે લથડિયું ખાતી દેખાઈ રહી છે. આ દરમિયાન ઓરી પણ તેની સાથે છે. વીડિયો જોયા બાદ ફેન્સ વિવિધ પ્રકારની કોમેન્ટ કરી રહ્યા છે. ઘણા લોકોએ ન્યાસાની સરખામણી રવીના ટંડનની પુત્રી રાશા સાથે પણ કરી હતી.

વાયરલ વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે નિસા દેવગન કોઈ ફંક્શનમાંથી બહાર આવી રહી છે, જ્યારે તેનો બેસ્ટ ફ્રેન્ડ ઓરી પણ તેને ફોલો કરી રહ્યો છે. આ દરમિયાન નિસા ઘણી વખત લથડિયું ખાતી જોવા મળી હતી. આટલું જ નહીં, એક વખત તેને વ્યવસ્થિત ઊભા રહેવા થાંભલાનો સહારો પણ લેવો પડ્યો હતો.

અજય દેવગનની દીકરી નિસા દેવગનને પાર્ટી કરવી ખૂબ ગમે છે. તે ઘણીવાર તેના મિત્રો સાથે પાર્ટીઓમાં જાય છે.નિસા દેવગણે પાર્ટીમાં આછા ગુલાબી રંગનો સૂટ પહેર્યો હતો. આ શરારા સૂટમાં નિસા ખૂબ જ સુંદર લાગી રહી હતી. તેણીએ લુકને પૂર્ણ કરવા માટે બોલ્ડ મેકઅપનો વિકલ્પ પસંદ કર્યો હતો. ગઈકાલે રાત્રે, નિસાને ઓરી સાથે એક ઈવેન્ટ છોડીને જતી જોવામાં આવી. ડ્રેસ જોઈને સ્પષ્ટ થઈ ગયું કે તે કોઈ મ્યુઝિકલ નાઈટ પાર્ટી હશે. નીસા બહાર આવતાની સાથે જ તેના ચહેરા પર થાક સ્પષ્ટ દેખાઈ રહ્યો હતો. તે ઊંઘતી દેખાતી હતી. નીસાના ચહેરા પર પ્રકાશ પડતાની સાથે જ તે ઊંઘમાં હોય તેવું લાગ્યું. તેની આંખો વારંવાર બંધ થઈ રહી હતી અને તે ખૂબ થાકેલી પણ દેખાતી હતી

નિસાના આ વાયરલ વીડિયો પર યુઝર્સ જોરદાર કોમેન્ટ કરી રહ્યા છે. તેઓ કહે છે કે, નિસાએ દારૂ પીધો છે તેથી તે લથડિયા ખાઈ રહી છે. એક યુઝરે લખ્યું, 'તે હંમેશા નશામાં રહે છે.', બીજાએ કહ્યું, 'રાશા તેના કરતા વધુ સારી અને સુંદર છે.', ત્રીજાએ લખ્યું, 'રાશા શ્રેષ્ઠ છે.' જ્યારે કેટલાકે લખ્યું કે, 'તે હંમેશા નશામાં રહે છે.'

જો કે, આ પહેલીવાર નથી કે જ્યારે કાજોલની પુત્રી નિસા દેવગનનો વીડિયો વાઈરલ થયો હોય. આ પહેલા પણ તેના આવા વીડિયો સામે આવ્યા છે. આ પહેલા પણ ગયા વર્ષે ફેબ્રુઆરીમાં નિસાનો આવો જ એક વીડિયો સામે આવ્યો હતો.

# મૂસેવાલાના નવા ગીતનું પોસ્ટર રિલીઝ

## 2022માં હત્યા, મૃત્યુ પછી આ નવમું ગીત, 23 જાન્યુઆરીએ રિલીઝ થશે




ચંડીગઢ | પંજાબી સિંગર સિદ્ધુ મૂસેવાલાના ગીત 'લોક'નું પોસ્ટર રિલીઝ થઈ ગયું છે. આ ગીત 23 જાન્યુઆરીએ રિલીઝ થશે. મુસેવાલાનુ વર્ષ 2025નું આ પહેલું ગીત હશે. આ પહેલા મૂસેવાલાના નિધન બાદ 9 ગીતો રિલીઝ થઈ ચૂક્યા છે.

આ ગીતની નિર્માતા ધ કિડ કંપની છે. જેણે સિદ્ધુ મૂસેવાલાના ઘણાં ગીતો તૈયાર કર્યા છે. વીડિયો નવકરણ બરાડે બનાવ્યો છે. બંનેના પેજ પર આ ગીતનું પોસ્ટર પણ રિલીઝ કરવામાં આવ્યું છે. પ્રોડ્યુસર ધ કિડે પોસ્ટર શેર કરતા લખ્યું - ચારેય તરફ જુઓ, આપણે લીડર છીએ. આપણે જે કંઈ પણ કરીશું, તે જોઈશું અને બીજા બધા પણ તે જ કરવાનો પ્રયત્ન કરશે. સિદ્ધુ મૂસેવાલાએ 29 મે, 2022ના રોજ દુનિયાને અલવિદા કહ્યું. બીજા જ મહિને, 23 જૂન, 2022ના રોજ, તેનું પહેલું ગીત 'SYL' રિલીઝ થયું. તેનું બીજું ગીત 'યુદ્ધ' 8 નવેમ્બર, 2022ના રોજ રિલીઝ થયું હતું. ત્રીજું ગીત 'મેરા ના' 7 એપ્રિલ, 2023ના રોજ રિલીઝ થયું હતું.

મૂસેવાલાના ચોથા ગીતનું નામ 'ચોર્ની' હતું, જે 7 જુલાઈ, 2023ના રોજ રિલીઝ થયું હતું. તેનું પાંચમું ગીત 'વૉચઆઉટ' હતું. તે 12 નવેમ્બર, 2023 ના રોજ રીલિઝ થયું હતું. સિદ્ધુનું 6મું ગીત 'ડ્રિપ્પી' 2 ફેબ્રુઆરી, 2024ના રોજ, 7મું ગીત '410' 11 એપ્રિલ, 2024ના રોજ અને 8મું ગીત 'એટેચ' 30 ઓગસ્ટે રિલીઝ થયું હતું. પંજાબી ગાયક સિદ્ધુ મૂસેવાલાની 29 મે, 2022ના રોજ હત્યા કરવામાં આવી હતી. લોરેન્સ ગેંગના કેટલાક હુમલાખોરોએ મૂસેવાલાને ગોળી મારી હતી. ત્યારથી તેના ચાહકો અને પરિવારના સભ્યો ન્યાયની માંગ કરી રહ્યા છે અને જ્યારે પણ તેનું કોઈ નવું ગીત બહાર આવે છે ત્યારે ચાહકોને લાગે છે કે 'સિદ્ધુ પાછો આવ્યો છે'.

# સન ઓફ સરદારનો બીજો ભાગ જુલાઈમાં રજૂ થશે

મુંબઈ : અજય દેવગણની 'સન ઓફ સરદાર ટૂ' આગામી જુલાઈ માસના અંતમાં રીલિઝ થશે. અજય દેવગણ લાંબા સમયથી બોક્સ ઓફિસ પર સફળતાનો વિશ્વાસ ગુમાવી બેઠો હોવાથી તેની ફિલ્મોની રીલિઝ ડેટ વારંવાર બદલાતી રહે છે. પાછલાં વર્ષમાં તેની 'સિંઘમ અગેઈન' અને 'દ્રશ્યમ' ફ્રેન્ચાઈઝી સિવાયની બધી ફિલ્મો ફ્લોપ ગઈ છે.

'સન ઓફ સરદાર' ૨૦૧૨મા રિલીઝ કરવામાં આવી હતી. હવે આ ફિલ્મના બીજા ભાગા બીજા ભાગનું શૂટિંગ શરૂ થઈ ચૂક્યું છે. હાલ આ ફિલ્મનું શૂટિંગ લંડનમાં ચાલી રહ્યું છે. મૂળ ફિલ્મમાં અજય દેવગણ અનો સોનાક્ષી સિંહાની જોડી જોવા મળી હતી. આ ફિલ્મે દુનિયભરમાંથી રૂપિયા ૧૬૧ કરોડ રૂપિયાથી વધુ કલેકશન કર્યું હતું. જોકે, ભાગ બેમાં અજય દેવગણ સાથે મૃણાલ ઠાકુરની જોડી છે.

આ વરસના જુલાઈ મહિનામાં ફિલ્મને રિલીઝ કરવાની યોજના છે. આ ફિલ્મમાં ચંકી પાડે, રવિ કિશન, વિંદુ દારા સિંહ,નીરુ બાજવા સહિત અન્ય કલાકારો જોવા મળવાના છે.

# યામી અને સની ચોર નીકલ કે ભાગાની સીકવલમાં દેખાશે

## શૂટિંગ આગામી મહિનાઓમાં શરુ થશે, ફિલ્મ સીધી ઓટીટી પર રીલિઝ કરાશે...



મુંબઈ : યામી ગૌતમ અને સની કૌશલ 'ચોર નીકલ કે ભાગા'ની સીકવલમાં દેખાશે. મૂળ ફિલ્મ ૨૦૨૩માં આવી હતી. તે જ ફિલ્મના લગભગ તમામ કલાકારો તથા અન્ય ક્રૂ પણ બીજા ભાગમાં રીપિટ થશે.

મૂળ ફિલ્મના અંતથી જ બીજા ભાગની શરૂઆત કરવામાં આવશે. શરદ કેલકર તથા ઈન્દ્રનીલ સેનગુપ્તા પણ પોતાની ભૂમિકામાં જ દેખાશે. અજય સિંહ જ ફરી ફિલ્મનું દિગ્દર્શન કરશે.

શૂટિંગ આગામી થોડા જ મહિનાઓમાં શરૂ થાય તેવી શક્યતા છે. યામી ગૌતમ ૧૯૮૫ની શાહ બનો કેસ પરઆધારિત ફિલ્મમાં કામ કરવાની છે. તેનું શૂટિંગ પુરુ કરીને યામી ગૌતમ 'ચોર નિકલ કે ભાગા'ની સીકવલનું શૂટિંગ શરૂ કરશે.

# કાર્તિક આર્યને કરણ સાથેની તસવીરો પર પ્રતિક્રિયા આપી



(એજન્સી) મુંબઈ | તા.18

કાર્તિક આર્યને તાજેતરમાં જ કરણ જોહર સાથેના તેના સંબંધો વિશે વાત કરી હતી. તેણે કહ્યું કે તેની અને કરણ વચ્ચેનો સંબંધ પ્રેમ અને નફરતનો છે.

ખરેખર, કાર્તિક આર્યન મુંબઈમાં આયોજિત સ્ક્રીન લાઈવ ઈવેન્ટમાં પહોંચ્યો હતો. આ દરમિયાન જ્યારે તેને કરણ જોહર સાથેની તેની તસવીર બતાવવામાં આવી ત્યારે તે હસી પડ્યો. આ પછી કાર્તિકે કહ્યું, 'મારે આના પર શું કહેવું? મને લાગે છે કે કરણ સાથે મારો લવ-હેટ સંબંધ છે. આ ફોટો એ જ કહે છે.'

**મારી અને તેની વચ્ચે લવ-હેટનો સંબંધ; 'દોસ્તાના 2' દરમિયાન અણબનાવના સમાચાર આવ્યા હતા**

કાર્તિકે યાદ કર્યું કે આ ફોટો તે સમયનો છે જ્યારે તેણે 'દોસ્તાના 2' પર કામ કરવાનું શરૂ કર્યું હતું. તેણે કહ્યું, 'આ તે ક્ષણ હતી જ્યારે અમે અમારી પહેલી ફિલ્મ સાઈન કરી હતી.' કાર્તિકની વાત માનીએ તો તે ફરીથી કરણ જોહર સાથે કામ કરી રહ્યો છે. તેમની ફિલ્મનું નામ 'તુ મેરી મેં તેરા મેં તેરા તુ મેરી' છે, જેનું નિર્માણ ધર્મા પ્રોડક્શન દ્વારા કરવામાં આવી રહ્યું છે અને સમીર વિધાન્સ તેનું નિર્દેશન કરી રહ્યા છે. આ ફિલ્મ 2026માં રિલીઝ થશે. નોંધનીય છે કે, વર્ષ 2021માં એવા સમાચાર આવ્યા હતા કે 'દોસ્તાના 2'ના નિર્માણ દરમિયાન કાર્તિક આર્યન અને કરણ જોહર વચ્ચે અણબનાવ થયો હતો. આ પછી સમાચાર આવ્યા કે કાર્તિકને ફિલ્મમાંથી હટાવી દેવામાં આવ્યો છે. આ પછી, ધર્મા પ્રોડક્શન્સે સોશિયલ મીડિયા પર એક નિવેદન બહાર પાડ્યું, જેમાં જણાવ્યું હતું કે ફિલ્મ સ્થગિત કરવામાં આવી છે અને નવી કાસ્ટ સાથે ફરીથી શૂટ કરવામાં આવશે. ફિલ્મ 'તુ મેરી મેં તેરા મેં તેરા તુ મેરી હૈ' એક રોમેન્ટિક કોમેડી ફિલ્મ છે. કાર્તિક આર્યન સાથે મુખ્ય અભિનેત્રી તરીકે કોણ જોવા મળશે તે અંગે હાલમાં કોઈ માહિતી સામે આવી નથી.

# 'કોઈ મેદાન મે ઘુમેગા તો'... કેપ્ટન રોહિત શર્માને ગુસ્સો આવ્યો, વાયરલ થયા વીડિયો



(એજન્સી) નવી દિલ્હી તા 18

રોહિત શર્માને મેદાન પર ગુસ્સો આવવો સામાન્ય બાબત છે, ખાસ કરીને જ્યારે તે રમત દરમિયાન ખોટા નિર્ણય અથવા તેના ખરાબ પ્રદર્શનથી હતાશ હોય છે. અનેકવાર રોહિત શર્મા મેદાન પર ગુસ્સો રમૂજી રીતે પણ રજૂ કરે છે, તો અનેકવાર તે મેદાનમાં ખેલાડીઓને ખૂબ જ કઠોર શબ્દમાં સાંભળવી પણ દે છે. રોહિત શર્મા સામાન્ય રીતે પોતાના ગુસ્સાને કાબૂમાં રાખવાનો પ્રયાસ કરે છે, પરંતુ ક્યારેક તે પોતાની નારાજગી વ્યક્ત કરે છે, ખાસ કરીને જ્યારે નિર્ણયો કે પરિસ્થિતિઓ તેના પક્ષમાં ન જાય. તેનો ગુસ્સો દર્શાવે છે કે તે તેની ટીમ અને રમત પ્રત્યે કેટલો ઉત્સાહી અને પ્રામાણિક છે.

રોહિત શર્માને જ્યારે પણ ગુસ્સો આવે છે ત્યારે તે બધાની સામે મેદાનમાં તેના ગુસ્સાને જાહેર કરવામાં બિલકુલ સંકોચ નથી અનુભવતો. રોહિત ટીમ ઈન્ડિયાનો કેપ્ટન છે, સાથે જ તે IPLમાં પણ વર્ષો સુધી કપ્તાન હતો, એવામાં ટીમને યોગ્ય માર્ગદર્શન આપવા માટે અનેકવાર તે ગુસ્સામાં ખેલાડીઓને સંભળાવી પણ દે છે.

2017માં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની ODI મેચ દરમિયાન રોહિત શર્મા અમ્પાયરના નિર્ણય પર ગુસ્સે થઈ ગયો હતો. તેણે LBW (લો બાઉન્સર) ના નિર્ણય પર અસંતોષ વ્યક્ત કર્યો અને અમ્પાયર સાથે દલીલ કરી હતી.રોહિત શર્માએ IPLમાં પણ ઘણી વખત ગુસ્સો વ્યક્ત કર્યો છે, ખાસ કરીને જ્યારે તેની ટીમ (મુંબઈ ઈન્ડિયન્સ)ના ખેલાડીઓ ફિલ્ડિંગમાં ચૂક કરતાં હોય છે ત્યારે તે ગુસ્સે થાય છે. ક્યારેક રોહિત અમ્પાયરના નિર્ણયો અથવા મેચની પરિસ્થિતિઓ પર ગુસ્સે થાય છે અને તે ખુલ્લેઆમ પોતાનો ગુસ્સો દર્શાવે બતાવે છે. રોહિત શર્મા સામાન્ય રીતે પોતાના ગુસ્સાને કાબૂમાં રાખવાનો પ્રયાસ કરે છે, પરંતુ ક્યારેક તે પોતાની નારાજગી વ્યક્ત કરે છે, ખાસ કરીને જ્યારે નિર્ણયો કે પરિસ્થિતિઓ તેના પક્ષમાં ન જાય. તેનો ગુસ્સો દર્શાવે છે કે તે તેની ટીમ અને રમત પ્રત્યે કેટલો ઉત્સાહી અને પ્રામાણિક છે.

# ભારત ખો-ખો વર્લ્ડ કપની સેમીફાઈનલમાં



(એજન્સી) નવી દિલ્હી તા 18

નવી દિલ્હીમાં રમાઈ રહેલા સૌ પ્રથમ ખો-ખો વર્લ્ડ કપમાં ભારતની પુરૂષ અને મહિલા બંને ટીમોએ જોરદાર પ્રદર્શન કર્યું છે. મહિલા ટીમે ક્વાર્ટર ફાઈનલમાં બાંગ્લાદેશને 93 પોઈન્ટના મોટા અંતરથી હરાવી સેમીફાઈનલમાં પ્રવેશ કર્યો છે. ભારતે 109-16ના સ્કોર સાથે જીત મેળવી હતી. ખો ખો વર્લ્ડ કપ 2025માં ભારતનું શાનદાર પ્રદર્શન ચાલુ છે અને ભારતીય ટીમે મહિલા વર્ગમાં શાનદાર જીત નોંધાવી છે. ટીમ ઈન્ડિયાએ શુક્રવારે 17 જાન્યુઆરીએ વર્લ્ડ કપની ક્વાર્ટર ફાઈનલમાં બાંગ્લાદેશને એકતરફી ફેશનમાં 93 પોઈન્ટના મોટા અંતરથી હરાવ્યું હતું. બાંગ્લાદેશી ખેલાડીઓ ક્વાર્ટર ફાઈનલમાં ભારતીય મહિલા ટીમ સામે બિલકુલ ટકી શકી ન હતી અને ભારતે 109-16ના સ્કોર સાથે જીત મેળવી હતી. આ સાથે ટીમે સેમીફાઈનલમાં જગ્યા બનાવી લીધી છે. ટૂર્નામેન્ટની શરૂઆતથી જ દરેક મેચ જીતતી ભારતીય ટીમ સામે બાંગ્લાદેશના ઉભા રહેવાની કોઈ આશા નહોતી અને આવું જ થયું. ટીમ ઈન્ડિયાએ ચારેય ટર્નમાં જોરદાર પ્રદર્શન કર્યું. ભારતીય ટીમે ટર્ન-1માં આક્રમણ સાથે શરૂઆત કરી હતી અને અહીં બાંગ્લાદેશને સંપૂર્ણ રીતે હરાવીને 50 પોઈન્ટ મેળવ્યા હતા, જ્યારે બાંગ્લાદેશનું ખાતું પણ ખોલ્યું ન હતું. બીજા ટર્નમાં, ડિફેન્ડિંગ ભારતીય ટીમે 6 પોઈન્ટ બનાવ્યા, જ્યારે આક્રમક બાંગ્લાદેશી ટીમ માત્ર 8 પોઈન્ટ જ બનાવી શકી.

# એક ફોન કોલ અને બદલાઈ ગયું જીવન, ભારતીય નિક્કી પ્રસાદની મજેદાર છે કહાની

(એજન્સી) નવી દિલ્હી તા 18

મલેશિયામાં 18 જાન્યુઆરીથી મહિલા અંડર-19 T-20 વર્લ્ડ કપ શરૂ થઈ રહ્યો છે. આ વર્લ્ડ કપમાં ભારતને ચેમ્પિયન બનાવવાની જવાબદારી નિક્કી પ્રસાદના ખભા પર છે. આવી સ્થિતિમાં અમે તમને નિક્કી સાથે જોડાયેલી કેટલીક ખાસ વાતોથી પરિચિત કરાવીએ. 18 જાન્યુઆરીથી મલેશિયામાં મહિલા અંડર-19 T-20 વર્લ્ડ કપ શરૂ થવા જઈ રહ્યો છે. આ ટૂર્નામેન્ટમાં 16 દિવસ સુધી 41 મેચો રમાશે. ટાઈટલ માટે 16 ટીમો એકબીજાની વચ્ચે સ્પર્ધા કરશે. ભારતીય ટીમની કમાન 19 વર્ષીય નિક્કી પ્રસાદના હાથમાં છે. તેની સાથે કરોડો દેશવાસીઓની આશાઓ જોડાયેલી છે. તે વિશ્વકપ જીતવાનો વિશ્વાસ ધરાવે છે. હાલમાં જ Cricket.com સાથેની વાતચીતમાં નિકીએ પોતાની જર્ની વિશે ઘણી વાતો કરી. તેણે જણાવ્યું કે કેવી રીતે એક ફોન કોલે તેનું જીવન બદલી નાખ્યું હતું. નિક્કીના કહેવા પ્રમાણે, બે વર્ષ પહેલા તેને ફોન પર કહેવામાં આવ્યું હતું કે તેને અંડર-19 વર્લ્ડ કપ માટે ભારતીય ટીમમાં પસંદ કરવામાં આવી નથી. આ ઘટનાથી તેને મોટો આંચકો લાગ્યો પરંતુ તેણે પોતાની જાત પર કાબૂ રાખ્યો અને એટલી મહેનત કરી કે હવે બે વર્ષ બાદ તે ટીમની કેપ્ટન છે. નિક્કીએ કહ્યું કે 'પાવર હિટિંગ'ના અભાવે તેને ટીમમાં જગ્યા મળી ન હતી.નિક્કીએ કહ્યું, 'મેં મારો ડાયેટ અને ટ્રેનિંગ સેશન બદલ્યું છે. મેં ક્રિકેટ અને મારા અંગત જીવનમાં બધું જ બદલી નાખ્યું. તે એક પ્રવાસ છે, અને મારે ઘણા ફેરફારો કરવા પડ્યા છે, અને હજુ ઘણું કામ કરવાનું બાકી છે. પરંતુ હું હવે સાચા માર્ગ પર છું. નિક્કીએ જીમમાં પરસેવો પાડવાનું શરૂ કર્યું અને તેની શારીરિક શક્તિ પર કામ કરવાનું શરૂ કર્યું, જેથી તે મોટી અને લાંબી હિટ ફટકારી શકે. તેણે આગળ કહ્યું, 'મને લાગે છે કે મેં મારા બેટની સ્પીડ અને પાવર હિટિંગ પર ઘણું કામ કર્યું છે, જેની અત્યારે વસ્તુની સાથે ઘણી શક્તિની પણ જરૂર છે. તેથી, મેં મારી ફિટનેસ ટ્રેનિંગ બદલી અને મારી તાકાત પર ઘણું કામ કર્યું.'



# ક્રિકેટર રિંકુ સિંહની મહિલા સંસદસભ્ય સાથે થઈ સગાઈ !





(એજન્સી) નવી દિલ્હી તા 18

ટીમ ઈન્ડિયાના બેટ્સમેન રિંકુ સિંહે સગાઈ કરી લીધી હોવાના સમાચાર સોશિયલ મીડિયા પર વાયરલ થયા છે. સોશિયલ મીડિયા પર દાવો કરવામાં આવી રહ્યો છે કે રિંકુ સિંહે સમાજવાદી પાર્ટીના સાંસદ સાથે સગાઈ કરી લીધી છે. ટૂંક સમયમાં રિંકુ સિંહ લગ્ન કરવા જઈ રહ્યો છે એવા પણ સમાચાર સામે આવ્યા છે. ટીમ ઈન્ડિયાના બેટ્સમેન રિંકુ સિંહે યુપી સાંસદ પ્રિયા સરોજ સાથે સગાઈ કરી લીધી હોવાના સમાચાર સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહ્યા છે. પ્રિયા સરોજ સમાજવાદી પાર્ટીના સાંસદ છે.પ્રિયા સરોદની વાત કરીએ તો તે માત્ર 25 વર્ષની ઉંમરે સાંસદ બની હતી. તેઓ મછલીશહરથી લોકસભા ચૂંટણી જીત્યા હતા. પ્રિયા સરોજ સુપ્રીમ કોર્ટમાં વકીલ રહી ચૂકી છે. તેણે દિલ્હી યુનિવર્સિટીમાંથી અભ્યાસ કર્યો છે. ટીમ ઈન્ડિયાના બેટ્સમેન રિંકુ સિંહે યુપી સાંસદ પ્રિયા સરોજ સાથે સગાઈ કરી લીધી હોવાના સમાચાર સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહ્યા છે.

# અમાદ ડાયલોની 12 મિનિટમાં હેટ્રિક, માન્ચેસ્ટર યુનાઈટેડનો 3-1થી વિજય



(એજન્સી) લંડન તા 18

અમાદ ડાયલોની તીવ્ર હેટ્રિક જીત મેચની અંતિમ પળોમાં અમાદ ડાયેલોએ છેલ્લી 12 મિનિટમાં ગોલની હેટ્રિક નોંધાવતા માન્ચેસ્ટર યુનાઈટેડે ઈંગ્લિશ પ્રીમિયર લીગ ફૂટબોલમાં સાઉથમ્પ્ટન સામે સંઘર્ષ કર્યા બાદ 3-1થી વિજય મેળવ્યો હતો. મેન્યુઅલ ઉગાર્ટેએ 43મી મિનિટે આત્મઘાતી ગોલ કર્યો હતો જેના કારણે સાઉથમ્પ્ટન 1-0થી આગળ થયું હતું. યુનાઈટેડે સ્કોર સરભર કરવા માટેના તમામ પ્રયાસ કર્યા હતા અને એક સમયે તે મુકાલબો હારી જશે તેમ લાગતું હતું પરંતુ અમાદ ડાયેલોએ 82મી મિનિટે પોતાનો પ્રથમ ગોલ કરવાની સાથે ટીમ માટે સ્કોર 1-1થી સરભર કર્યો હતો. ત્યારબાદ તેણે 90મી મિનિટે અને એક્સ્ટ્રા ટાઈમની ચોથી મિનિટે (કુલ 94મી મિનિટ) ગોલ કરીને ટીમને વિજય અપાવી દીધો હતો. આ મેચ પહેલાં યુનાઈટેડે સતત ત્રણ મેચમાં પરાજયનો સામનો કર્યો હતો. પોઈન્ટ ટેબલમાં હવે તે 12મા ક્રમે પહોંચી ગયું છે.

# જોકોવિચ 17મી વખત અંતિમ-16માં



(એજન્સી) નવી દિલ્હી તા 18

અલ્કારાઝ અને જોકોવિચનો વિજય સાતમા ક્રમાંકિત નોવાક જોકોવિચ તથા ત્રીજા ક્રમાંકિત કાર્લોસ અલ્કારાઝે પોતપોતાના મુકાબલા જીતીને ઓસ્ટ્રેલિયન ઓપન ગ્રાન્ડસ્લેમ ટેનિસ ટૂર્નામેન્ટની મેન્સ સિંગલ્સના અંતિમ-16માં પ્રવેશ કરી લીધો હતો. કારકિર્દીમાં 17મી વખત મેલબોર્ન પાર્ક ખાતેના ગ્રાન્ડસ્લેમના અંતિમ-16માં પ્રવેશ કરનાર જોકોવિચે બે કલાક 22 મિનિટ સુધી રમાયેલી મેચમાં મચાઓને 6-1, 6-4, 6-4થી હરાવ્યો હતો.

અલ્કારાઝે ટાઈબ્રેકરમાં પહોંચેલા ત્રીજા સેટને ગુમાવ્યો હોવા છતાં નુનો બોર્ગેસને 6-2, 6-4, 6-7 (3-7), 6-2થી હરાવ્યો હતો. જેક ડ્રેપરે લગભગ ચાર કલાક સુધી રમાયેલા મેરાથોન મુકાબલામાં એલેકસાન્દ્ર વુકિચને 6-4, 2-6, 5-7, 7-6 (7-5), 7-6 (10-8)ના સ્કોરથી હરાવીને પોતાનું અભિયાન આગળ વધાર્યું હતું. એલેકઝાન્ડર ઝેવરેવેનો જેકોબ ફર્નલે સામે 6-3, 6-4, 6-4થી વિજય થયો હતો.

એલેઝાન્ડ્રો ડેવિડોવિચ ફોકિનાએ ત્રણ કલાક 30 મિનિટ સુધી રમાયેલી મેચમાં જાકુબ મેનસિકને 3-6, 4-6, 7-6 (9-7), 6-4, 6-2થી હરાવીને ગ્રાન્ડસ્લેમમાં આગેકૂચ જારી રાખી હતી. અન્ય મેચમાં જિરી લેહકાએ બેન્જામિન બોન્ઝીને કોઇ પણ મુશ્કેલી વિના 6-2, 6-3, 6-3થી હરાવ્યો હતો.

# રણજી ટ્રોફી મેચ પહેલા વિરાટ કોહલી થયો અચાનક ઈજાગ્રસ્ત



(એજન્સી) નવી દિલ્હી તા 18

વિરાટ કોહલી 23 જાન્યુઆરીથી સૌરાષ્ટ્ર સામે રમાનાર રણજી ટ્રોફી મેચમાં રમશે કે નહીં તે હજુ સ્પષ્ટ નથી કારણ કે આ અનુભવી ખેલાડીને અચાનક ઈજા થઈ ગયો છે. એવા અહેવાલ હતા કે વિરાટ કોહલી 12 વર્ષ બાદ દિલ્હી માટે રણજી ટ્રોફી મેચ રમતો જોવા મળી શકે છે. જો કે હવે ઈજાના કારણે તેના રમવા પર પ્રશ્નાર્થ ઊભો થયો છે. રણજી ટ્રોફી મેચમાં રમી રહેલા વિરાટ કોહલીને લઈને સસ્પેન્સ વધુ ઘેરાયેલું છે કારણ કે આ વિરાટ અચાનક ઈજાગ્રસ્ત થઈ ગયો છે. રિપોર્ટ્સ અનુસાર, વિરાટ કોહલીની ગરદનમાં અચાનક મચકોડ આવી ગઈ છે. વિરાટ કોહલીની ગરદન એટલી હદે દુખે છે કે તેણે ઈન્જેક્શન પણ લેવું પડ્યું. હવે અહીં મોટો સવાલ એ છે કે શું વિરાટ કોહલી 23 જાન્યુઆરીએ યોજાનારી રણજી મેચમાં રમી શકશે? વિરાટ કોહલી 12 વર્ષથી રણજી મેચ રમ્યો નથી અને એવું માનવામાં આવતું હતું કે તે સૌરાષ્ટ્ર સામે વાપસી કરશે. DDCAના એક સૂત્રએ આ માહિતી આપી હતી કે હાલમાં વિરાટ કોહલીના દિલ્હી ટીમ સાથે જોડાવા અંગે હજુ સુધી કોઈ અપડેટ નથી. શક્ય છે કે તે રાજકોટમાં સૌરાષ્ટ્ર સામેની મેચમાં ટીમ સાથે જોડાય. જો તે મેચ નહીં રમે તો પણ તે ટીમ સાથે રહેશે.વિરાટ કોહલી દિલ્હીની આગામી રણજી મેચમાં રમશે કે નહીં તે સ્પષ્ટ નથી, પરંતુ આ મેચમાં રિષભ પંત રમવાનો છે તે વાતની પુષ્ટિ થઈ છે. સમાચાર છે કે આ મેચમાં રિષભ પંત પણ દિલ્હીની કેપ્ટનશીપ કરશે. રિષભ મેચ 2018માં રમી હતી. વિરાટ કોહલી દિલ્હીની આગામી રણજી મેચમાં રમશે કે નહીં તે સ્પષ્ટ નથી, પરંતુ આ મેચમાં રિષભ પંત રમવાનો છે તે વાતની પુષ્ટિ થઈ છે. સમાચાર છે કે આ મેચમાં રિષભ પંત પણ દિલ્હીની કેપ્ટનશીપ કરશે. રિષભ પંતે તેની છેલ્લી રણજી મેચ 2018માં રમી હતી.

# 17મા વિજય સાથે સબાલેન્કો ચોથા રાઉન્ડમાં, ગોફની આગેકૂચ

(એજન્સી) પેરિસ તા 18

સબાલેન્કોની ઐતિહાસિક વિજય યાત્રા બેલારુસની તથા મેલબોર્ન પાર્કમાં બે વખત ચેમ્પિયન બની ચૂકેલી આર્યના સબાલેન્કો ઓસ્ટ્રેલિયન ઓપન ગ્રાન્ડસ્લેમ ટેનિસ ટૂર્નામેન્ટમાં પોતાના અભિયાનને આગળ વધાર્યું હતું. તેણે ક્લારા ટાઉસનને હરાવીને ચોથા રાઉન્ડમાં પ્રવેશ કર્યો હતો. જાપાનની નાઓમી ઓસાકાને પેટની સમસ્યાના કારણે કોર્ટને છોડવાની ફરજ પડી હતી.

સબાલેન્કોએ પોતાનો મુકાબલો 7-6, 6-4થી જીત્યો હતો. આ સાથે તેણે સતત આઠમો તથા મેલબોર્ન પાર્ક ખાતે સતત 17મો વિજય હાંસલ કર્યો છે. દસ દિવસ પહેલાં તે બ્રિસબેન ઓપનમાં ચેમ્પિયન બની હતી. બેલિન્ડા બેનકિચ સામેના મુકાબલામાં 7-6 (7-3)ના સ્કોરે ઓસાકાને પેટમાં દુખાવો થતાં તેણે મુકાબલો પડતો મૂક્યો હતો. વિમેન્સ સિંગલ્સમાં એનેસ્તેશિયા પાવલ્યૂચેન્કોએ લૌરા સિગમુન્ડેને 6-1, 6-2થી, 11મી ક્રમાંકિત પાઉલા બડોસાએ માર્તો કોસ્તિયૂકને 6-4, 4-6, 6-3થી હરાવીને ચોથા રાઉન્ડમાં પ્રવેશ કર્યો હતો. 18મી ક્રમાંકિત ડોના વેકિચે 12મી ક્રમાંકિત ડાયેના સ્નાઈડરને 7-6, 6-3, 7-5થી તથા 14મી ક્રમાંકિત મીરા આન્દ્રિવાએ મગ્દાલેના ફ્રેચને 6-2, 1-6,6-2થી પરાજય આપ્યો હતો.

# નવી સીઝન પહેલા રાજસ્થાને ઝટકો, સ્ટાર બોલર ઈજાગ્રસ્ત

(એજન્સી) નવી દિલ્હી તા 18

IPL 2025 21 માર્ચથી શરૂ થવા જઈ રહી છે. જેના માટે હવે કેટલીક ટીમોએ તૈયારીઓ શરૂ કરી દીધી છે, બાકીની ટીમો વિજય હજારે ટ્રોફી બાદ પ્રેક્ટિસ કરતી જોવા મળશે. આ વખતે ઘણી ટીમો નવા કેપ્ટન સાથે મેદાનમાં ઉતરવા જઈ રહી છે. નવી સિઝન પહેલા રાજસ્થાન રોયલ્સ ટીમને મોટો ઝટકો લાગે છે. આ વખતે મેગા ઓક્શનમાં રાજસ્થાને એક ઝડપી બોલરને 6.50 કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો, તે ઈજાગ્રસ્ત થયો છે. તુષાર દેશપાંડેની ઈજાને કારણે ટેન્શન વધ્યું તુષાર દેશપાંડે છેલ્લી કેટલીક સીઝનથી ચેન્નાઈ સુપર કિંગ્સ માટે રમી રહ્યો હતો, પરંતુ આ વખતે CSKએ આ બોલરને બહાર કરી દીધો હતો. જે બાદ મેગા ઓક્શનમાં રાજસ્થાન રોયલ્સે તુષાર પર વિશ્વાસ વ્યક્ત કર્યો અને તેને 6.50 કરોડ રૂપિયામાં ખરીદ્યો. વાસ્તવમાં, ગયા વર્ષે તુષાર દેશપાંડેએ પગની ઘૂંટીની સર્જરી કરાવી હતી, પરંતુ તેની ઈજા ફરી સામે આવી છે. જે બાદ હવે તેને લગભગ 2 થી 3 મહિના ક્રિકેટ મેદાનથી દૂર રહેવું પડી શકે છે. તુષાર દેશપાંડેએ ટીમ ઈન્ડિયા તરફથી T20 ક્રિકેટમાં ડેબ્યૂ કર્યું છે. તુષાર દેશપાંડેએ ટીમ ઈન્ડિયા તરફથી T20 ક્રિકેટમાં ડેબ્યૂ કર્યું છે. ગયા વર્ષે જુલાઈમાં ઝિમ્બાબ્વે સામે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પદાર્પણ કર્યું હતું. તુષારે આ શ્રેણીમાં 2 મેચ રમી હતી, જેમાં તેણે બોલિંગ દરમિયાન 2 વિકેટ પણ લીધી હતી.

# એક્સ્ટ્રા ટાઈમમાં ત્રણ ગોલ કરી રિયલ મેડ્રિડે સેલ્ટા વિગોને 5-2થી હરાવી



(એજન્સી) લંડન તા 18

ટાઈટલ માટેની ફેવરિટ ટીમોમાં સામેલ રિયલ મેડ્રિડે સેલ્ટા વિગોને એક્સ્ટ્રા ટાઈમમાં ત્રણ ગોલ કરીને હોમ ગ્રાઉન્ડ ઉપર 5-2થી હરાવીને કોપા ડેલ રે કપ ફૂટબોલની ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. કિલિયન મબાપેએ 37મી મિનિટે ગોલ કરીને ટીમ માટે ખાતું ખોલ્યું હતું. જોકે તેના આ ગોલ વખતે વિવાદ સર્જાયો હતો. રેફરીએ વીએઆર સિસ્ટમનો ઉપયોગ કરવાનો ઈનકાર કરી દીધો હતો. પ્રથમ હાફ પૂરો થાય તે પહેલાં 48મી મિનિટે વિનિસિયસ જુનિયરે ગોલ કરીને મેડ્રિડને 2-0થી આગળ કર્યું હતું. મેચના અંત ભાગમાં જોનાથાનાન બામ્બાએ 83મી તથા માર્કોસ એલોન્સોએ 91મી મિનિટે મળેલી પેનલ્ટીને ગોલમાં ફેરવીને સ્કોર 2-2થી સરભર કરવા ઉપરાંત રિયલ મેડ્રિડને બેકફૂટ ઉપર ધકેલી દીધી હતી. એક્સ્ટ્રા ટાઈમમાં એન્ડ્રિકે 108 અને 119મી મિનિટે તથા ફેડરિકો વાલ્વેર્ડેએ 112મી મિનિટે ગોલ કરીને ટીમને વિજય અપાવ્યો હતો. અન્ય મેચમાં રિયલ સોસિદાદે રાયો વાલ્કેનોને 3-1થી તથા ઓસાસુનાએ એથ્લેટિક ક્લબને 3-2થી પરાજય આપ્યો હતો.

# લો બોલો! માત્ર 9 બોલમાં જ મેચ ખતમ, 10 રનમાં 6 વિકેટ પડી

નેપાળ તા 18

નેપાળમાં રમાઈ રહેલ એક ક્રિકેટ મેચમાં અજીબ રેકોર્ડ બન્યો હતો. જેમાં બીજી ઈનિંગ માત્ર 1.3 ઓવરમાં જ પૂરી થઈ ગઈ હતી. ક્રિકેટ એક એવી રમત છે જેમાં ગમે ત્યારે ગેમ ચેન્જ થઈ શકે છે. જેમાં વખતો વખત રેકોર્ડ પણ બનતા હોય છે. અત્યારે એક મેચ ચર્ચામાં આવી છે. જે મેચની ઈનિંગ ખુબ જલ્દી પૂરી થઈ ગઈ હતી. જેમાં ફર્સ્ટ ઈનિંગમાં એક ટીમે પાંચ ઓવરમાં 21 રનનો ટાર્ગેટ આપ્યો હતો. જેને બીજી ટીમે માત્ર 9 બોલમા જ પૂરો કરી નાખ્યો હતો.આવું ક્યાં અને કઈ મેચમાં થયું તે જાણીએ.નેપાળમાં પ્રધાનમંત્રી કપ મહિલા નેશનલ ક્રિકેટ ટુર્નામેન્ટ, T20 ફોર્મેટમાં રમાઈ રહી છે. જેમાં સુદુર વેસ્ટર્ન પ્રોવિન્સ મહિલા અને કર્ણાલી પ્રોવિન્સ વચ્ચે એક મેચ ફક્ત પાંચ ઓવરની રમાઈ હતી. ખરાબ હવામાનના કારણે ઓછી ઓવરની મેચ રમાઈ હતી. આ મેચ નેપાળના ફાપલા ઈન્ટરનેશનલ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે રમાઈ હતી. જેમાં કર્ણાલી મહિલા ટીમની શરમજનક હાર થઈ હતી. સુદૂર મહિલા ટીમે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. જેમાં તેને સામેવાળી ટીમને ફક્ત 20 રન જ થવા દીધા હતા.

# જે. પી. નડ્ડાએ IIMA ખાતે હેલ્થકેર સમિટને સંબોધિત કરી



## છેલ્લા દાયકામાં ભારતનો નોંધપાત્ર આરોગ્યસંભાળ વિકાસ નોંધપાત્ર સિદ્ધિઓ દ્વારા ચિહ્નિત થયેલ છે, મેડટેક ક્ષેત્ર ઝડપથી વિકસી રહ્યું છે અને 2030 સુધીમાં તે USD 30 બિલિયન સુધી પહોંચવાની અપેક્ષા છે: જે.પી. નડ્ડા

(એજન્સી) નવી દિલ્હી । તા. 18

સેન્ટર ફોર મેનેજમેન્ટ ઑફ હેલ્થ સર્વિસીસ (સીએમએચએસ) અને ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ અમદાવાદ (આઈઆઈએમએ) ખાતે એલ્યુમ્નાઈ અને એક્સટર્નલ રિલેશન્સ ઓફિસે આઈઆઈએમએ હેલ્થકેર એલ્યુમની સ્પેશ્યલ ઇન્ટરેસ્ટ ગ્રૂપ (એએસઆઈજી)ના સહયોગથી આજે 'એડવાન્સિંગ હેલ્થકેર ફોર ઇન્ડિયા @ 2047'ની થીમ પર આઈઆઈએમએ હેલ્થકેર સમિટની બીજી આવૃત્તિનું આયોજન કર્યું હતું. આ પ્રસંગે કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા રસાયણ અને ખાતર મંત્રી શ્રી જે. પી. નડ્ડા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે હેલ્થકેર ક્ષેત્રમાં ભારતની સ્થિતિ અને ભવિષ્યની દિશા વિશે સંપૂર્ણ દ્રષ્ટિકોણ પ્રદાન કરીને એક સમજદાર ચાવીરૂપ વક્તવ્ય આપ્યું હતું.

**કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને રસાયણો અને ખાતર મંત્રી નડ્ડાએ ઉદ્યોગ અને શિક્ષણવિદોને દેશ માટે વધુ સારી હેલ્થકેર બનાવવા માટે રોડમેપ સૂચવવા વિનંતી કરી**

દેશની હેલ્થકેર ઈકોસિસ્ટમના અગ્રણીઓ, સંશોધકો અને સંશોધકો સહિત આઈઆઈએમએ હેલ્થકેર સમિટ 2025માં શ્રોતાઓને સંબોધન કરતાં શ્રી જે પી નડ્ડાએ જણાવ્યું હતું કે, 'છેલ્લાં એક દાયકામાં ભારતમાં નોંધપાત્ર હેલ્થકેર ઈવોલ્યુશન એ એઈમ્સ અને મેડિકલ કોલેજોની સંખ્યામાં નોંધપાત્ર વૃદ્ધિ સહિત મેડિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિસ્તરણ જેવી નોંધપાત્ર સિદ્ધિઓ મેળવી છે. આયુષ્માન ભારત અને મિશન ઈન્દ્રધનુષ જેવી પહેલો સાથે સરકારી આરોગ્ય સેવાને મજબૂત કરવી, જે લાખો લોકો માટે સ્વાસ્થ્ય પરિણામોમાં સુધારો કરી રહી છે; મજબૂત રોગ નિયંત્રણ પગલાંનો અમલ કે જે મેલેરિયાના કેસોમાં નોંધપાત્ર ઘટાડો અને કોવિડ -19 રોગચાળાની પ્રતિક્રિયા, વગેરે દ્વારા ઉદાહરણ પૂરું પાડે છે. સુલભ હેલ્થકેર પ્રત્યેની અમારી કટિબદ્ધતા પરિવર્તનશીલ પરિવર્તન તરફ દોરી ગઈ છે.

હેલ્થકેર ડિલિવરીમાં ટેકનોલોજીના સંકલનના મહત્ત્વ પર ભાર મૂકીને અને આ દિશામાં સરકાર દ્વારા કરવામાં આવેલા પ્રયાસો પર ભાર મૂકીને શ્રી નડ્ડાએ ઉમેર્યું હતું કે, 'મેડટેક ક્ષેત્ર ઝડપથી વિકસી રહ્યું છે અને વર્ષ 2030 સુધીમાં તે 30 અબજ ડોલર સુધી પહોંચવાની અપેક્ષા છે. આયુષ્માન ભારત હેલ્થ એકાઉન્ટ આઈડી, ટેલિમેડિસિન અને એઆઈ ઈન્ટિગ્રેશન જેવા ડિજિટલ હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિસ્તરણ સાથે અમે હેલ્થકેર સુલભતામાં વધારો કર્યો છે, કરુણાપૂર્ણ અને ગુણવત્તાયુક્ત કાર્યબળને પ્રોત્સાહન આપ્યું છે તથા તમામ માટે તબીબી સમાધાનોમાં સ્વનિર્ભરતા અને વાજબીપણું તરફ હરણફાળ ભરી રહ્યા છીએ. આપણે વિકસિત ભારત 2047 માટે લક્ષ્યાંક ધરાવીએ છીએ, તો ચાલો આપણે મેનેજમેન્ટ, મેડિસિન, એન્જિનીયરિંગ અથવા સામાજિક વિજ્ઞાન જેવા તમામ ક્ષેત્રોમાં નવીનતા અને જોડાણને પ્રોત્સાહન આપીએ, જે દરેક નાગરિકને ગુણવત્તાયુક્ત હેલ્થકેર પ્રદાન કરવામાં જન-કેન્દ્રિત અભિગમને સુનિશ્ચિત કરે છે.'

---

**મૃતકના પરિવારને શાંત કરવા કલમ 306નો ઉપયોગ ના કરી શકાય : સુપ્રીમ**

## આત્મહત્યા માટે ઉશ્કેરવાના કેસમાં નક્કર પુરાવા જરૂરી : સુપ્રીમની ટકોર

(એજન્સી) નવી દિલ્હી । તા. 18

સુપ્રીમ કોર્ટે આત્મહત્યા માટે ઉશ્કેરવાના મામલાઓને લઈને મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે મૃતકનો પરિવાર ભાવનાત્મક રીતે ટુટી ગયો છે માત્ર એવા કારણોસર આઈપીસીની કલમ ૩૦૬ને ફરિયાદમાં દાખલ ના કરી શકાય. આત્મહત્યા માટે ઉશ્કેરવાના અપરાધને રોકતી આ કલમનો ઉપયોગ કરતી વખતે પોલીસે વધુ સતર્ક રહેવાની જરૂર છે. આત્મહત્યા માટે ઉશ્કેરવાના મધ્યપ્રદેશના એક મામલામાં આરોપી સામેની ફરિયાદ રદ કરતા આદેશ વખતે સુપ્રીમ કોર્ટે આ ટકોર કરી હતી. સુપ્રીમે કહ્યું હતું કે જો પોલીસ સતર્ક રહીને કામ કરશે તો કોઇ નિર્દોષ વ્યક્તિ સામે કેસ ચલાવવો પડે તેવી સ્થિતિ પેદા નહીં થાય. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ અભય એસ. ઓકા અને ન્યાયાધીશ કે. વી. વિશ્વનાથનની બેંચે કહ્યું હતું કે તપાસ એજન્સીઓએ કોઇ નિર્દોષ વ્યક્તિ પરેશાન ના થાય તેની તકેદારી રાખવી જોઇએ. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે મૃતકના પરિવારની ભાવનાઓને શાંત કરવા માટે આઈપીસીની કલમ ૩૦૬ જેને હવે બીએનએસની કલમ ૧૦૮ તરીકે ઓળખવામાં આવે છે તેને લાગુ ના કરી શકાય. આ કલમ લાગુ કરતા પહેલા યોગ્ય અને પુરતી તપાસ થવી જોઈએ. આત્મહત્યા માટે ઉશ્કેરવા માટેના મામલાઓને સાબિત કરવા માટે કડક માપદંડ છે. જેમાં અનેક પ્રકારના પુરાવાઓની જરૂર પડતી હોય છે. સુપ્રીમ કોર્ટે તપાસ એજન્સીઓને આ કલમ લાગુ કરતા પહેલા પુરતી તપાસ કરવાના આદેશ પણ આપ્યા હતા.

---

**ભાજપનું બેવડું વલણ: 10 દિવસોમાં 190 પ્રાઇમરી સ્કૂલ અને 260 સેકન્ડરી સ્કૂલ બંધ કરી દેવામાં આવી**

## રાજસ્થાન સરકારે 450 સરકારી સ્કૂલો બંધ કરી, તમામ હિન્દી મીડિયમની

(એજન્સી) બિકાનેર। તા. 18

રાજસ્થાનમાં પ્રાઈમરી સ્કૂલ બાદ હવે 160 સેકન્ડરી સ્કૂલ બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ભજનલાલ સરકારે ગત 10 દિવસોમાં 190 પ્રાઈમરી સ્કૂલ અને 260 સેકન્ડરી સ્કૂલ સહિત 450 સરકારી શાળાને બંધ કરી દેવામાં આવી છે. માધ્યમિક શિક્ષણ નિયામક આશિષ મોદીએ રાજ્યભરમાં 260 સરકારી શાળા બંધ કરવાનો આદેશ કર્યો છે. જોકે, અંગ્રેજી માધ્યમની મહાત્મા ગાંધી સ્કૂલ બંધ કરવામાં નથી આવી. મળતી માહિતી મુજબ, બંધ થનારી તમામ શાળા હિન્દી માધ્યમની છે.




### કન્યા શાળા પણ બંધ કરાઈ

આ શાળાઓમાંથી બિકાનેરમાં ભાજપ ધારાસભ્ય અંશુમન સિંહ ભાટીના ઘર પાસે સ્થિત એક કન્યા શાળાને પણ બંધ કરી દેવામાં આવ્યા છે. આ શાળા એક જ પરિસરમાં બે શાળાનું સંચાલન કરી રહી હતી, જેને બંધ કરીને કુમાર શાળામાં મર્જ કરી દેવામાં આવી છે. આ નિર્ણયના વિરોધમાં સ્થાનિક લોકોએ અવાજ ઉઠાવ્યો છે. કારણ કે, આ શાળામાં આશરે 300 વિદ્યાર્થિનીઓ અભ્યાસ કરી રહી હતી.

### 260 શાળા બંધ કરાઈ

બંધ કરવામાં આવેલી 260 શાળામાંથી 14 શાળાની સીનિયર સેકન્ડરી સ્કૂલ પણ છે. આ શાળામાં બાળકોનું નામાંકન પણ એકદમ ઓછું હતું, જેથી આ શાળાઓને બંધ કરી નજીકની બીજી શાળામાં મર્જ કરી દેવામાં આવી છે. જેમાં જયપુર, અજમેર, પાલી, બ્યાવર, બીકાનેર, હનુમાનગઢ, ઉદયપુર અને જોધપુરની શાળાનો સમાવેશ થાય છે. આ પ્રકારે પ્રાઈમરી શિક્ષાના 9 શાળાઓને તેની નજીકની હાયર સેકન્ડરી સ્કૂલમાં મર્જ કરી દેવામાં આવી છે.

### શિક્ષા મંત્રીએ શાળા બંધ કરવાનું કારણ જણાવ્યું

રાજસ્થાનના શિક્ષણ મંત્રી મદન દિલાવરનું કહેવું છે કે, કોંગ્રેસ સરકારે સમજ્યા વિચાર્યા વિના ચૂંટણી જીતવા માટે શાળાઓ ખોલી દીધી છે, જ્યાં ન તો બાળકો છે અને ન તો શિક્ષકો છે. આવી શાળામાં બાળકોનું ભવિષ્ય ખરાબ થઈ રહ્યું છે. બાળકોના સારા ભણતર માટે સ્કૂલ બંધ કરવામાં આવી છે અને અમુક શાળાઓની બીજી શાળાઓમાં મર્જ કરી દેવામાં આવી છે. એક જ પરિસરમાં ત્રણ-ત્રણ શાળા સંચાલિત થઈ રહી હતી, એવામાં ત્રણ શાળાને મર્જ કરીને એક બનાવી દેવામાં આવી છે. જેથી, બાળકો સારી રીતે અભ્યાસ કરી શકે અને ત્યાં શિક્ષક પણ હાજર હોય. સરકારી શાળાઓને મર્જ કરવાના મુદ્દે નેતા પ્રતિપક્ષ ટીકારામ જૂલીએ સરકાર પર જોરદાર નિશાન સાધ્યા છે. નેતા પ્રતિપક્ષ ટીકારામ જૂલીએ કહ્યું કે, સરકારની શિક્ષણ નીતિ ગરીબ અને કમજોર વર્ગના બાળકોને શિક્ષાથી વંચિત કરવાની છે. શાળાને બંધ કરવાનો નિર્ણય નિંદનીય છે. સરકાર શાળાને સ્કૂલ બંધ કરવાની જગ્યાએ તેમાં સુધારો અને વિસ્તાર પર ધ્યાન આપે.

---

# દિલ્હીમાં ચૂંટણી જીતવા રાજકીય પક્ષોએ મહિલાઓ સામે ખોળો પાથર્યો

**એકથી ચઢિયાતી એક યોજનાઓ**

**આપ, ભાજપ અને કોંગ્રેસે તેમની બધી જ તાકત લગાવી દીધી છે**

(એજન્સી) નવી દિલ્હી । તા. 18

દિલ્હી વિધાનસભા ચૂંટણી જીતવા માટે બધા જ રાજકીય પક્ષોએ મહિલાઓ પર ફોકસ વધાર્યું છે. દિલ્હીની મહિલાઓને રિઝવવા માટે આપ, ભાજપ અને કોંગ્રેસે તેમની બધી જ તાકત લગાવી દીધી છે. ત્રણેય મોટા પક્ષોએ મહિલાઓ માટે એકથી ચઢિયાતી એક યોજનાઓ રજૂ કરી છે.ભાજપે શુક્રવારે ચૂંટણી ઢંઢેરો જાહેર કરતા મહિલાઓ માટે માસિક રૂ. 2500ની સન્માન રકમ આપવાની જાહેરાત કરી છે. આ સાથે ભાજપે વિધાનસભા ચૂંટણી જીતે તો એલપીજી સિલિન્ડરમાં રૂ. 500ની માફી, વિધવા, નિરાધાર મહિલાઓને પેન્શનની રકમ રૂ. 2500થી વધારીને રૂ. 3000 કરવાનું વચન આપ્યું છે. આ સિવાય 60 વર્ષથી વધુ વયના બધા જ વૃદ્ધોને સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં મફત સારવાર અપાશે. માતૃ સુરક્ષા વંદનાને વધુ શક્તિશાળી બનાવવા માટે 6 પોષણ કીટ અપાશે અને પ્રત્યેક ગર્ભવતી મહિલાને રૂ. 21000 આપવાની જાહેરાત કરી છે. ભાજપ પ્રમુખ જગત પ્રકાશ નડ્ડાએ સંકલ્પ પત્ર જાહેર કરતા કહ્યું કે, રાજ્ય કેબિનેટની પહેલી જ બેઠકમાં મહિલા સમૃદ્ધિ યોજના પાસ કરાશે. આ સાથે તેમણે એવી પણ સ્પષ્ટતા કરી છે કે કેજરીવાલ સરકારની વર્તમાન સ્કીમો પણ બંધ નહીં કરવામાં આવે. નડ્ડાએ કહ્યું ગરીબ પરિવારોને એલપીજી સિલિન્ડરમાં રૂ. 500ની સબસિડી સાથે હોળી અને દિવાળી સમયે વર્ષમાં બે મફત સિલિન્ડર પણ અપાશે. આ સિવાય ભાજપની સરકાર બનતા કેન્દ્રની આયુષ્યમાન યોજના પણ લાગુ કરાશે. તેમણે ઉમેર્યું કે, ઝુંપડપટ્ટીમાં રૂ. 5માં ભરપેટ ભોજન આપવા માટે અટલ કેન્ટિન યોજના લોન્ચ કરાશે.દિલ્હીમાં મહિલાઓને આકર્ષવા માટે શાસક પક્ષ આમ આદમી પાર્ટી પણ પાછળ નથી. આપે મહિલા સન્માન યોજના હેઠળ અપાતી રકમ રૂ. 1000થી વધારીને રૂ. 2100 કરવાની જાહેરાત કરી છે. આ સિવાય આપે અત્યાર સુધીમાં મફત વીજળી, પાણી, મફત બસ પ્રવાસ જેવી યોજનાઓ ચાલુ રાખવાનું પણ જણાવ્યું છે. આ સાથે 60 વર્ષથી વધુ વયના વૃદ્ધો માટે સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં મફત સારવાર કરાવવાની યોજના પણ રજૂ કરી છે. આપે ચૂંટણી જીતતા વિદ્યાર્થીઓને મફત બસ પ્રવાસની સુવિધાની જાહેરાત કરી છે.કોંગ્રેસે પણ દિલ્હીવાસીઓને વચન આપ્યું છે કે તે સત્તામાં આવશે તો એલપીજી સિલિન્ડરમાં રૂ. 500ની સબસિડી, મફત રાશન કિટ અને 300 યુનિટ મફત વીજળી અપાશે.

---

## મા. આબુમાં તાપમાન 0.8 ડિગ્રી, ઉ.ભારત પણ કાતિલ ઠંડીના સકંજામાં

(એજન્સી) નવી દિલ્હી । તા. 18

ઉત્તર ભારત ફરી એક વખત હાડગાળતી ઠંડી અને ધુમ્મસની ઝપેટમાં આવ્યું છે, જેને પગલે અનેક વિસ્તારોમાં તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. કાશ્મીરમાં હિમવર્ષા પછી મોટાભાગના વિસ્તારોમાં રાતના સમયે લઘુત્તમ તાપમાન ઘટ્યું છે. દક્ષિણ કાશ્મીરમાં પહેલગામમાં તાપમાન એક જ રાતમાં સાત ડિગ્રી જેટલું ઘટીને માઈનસ 11.8 ડિગ્રી થયું હતું જ્યારે યાત્રાધામ વૈષ્ણોદેવીમાં સિઝનની પહેલી હિમવર્ષા થઈ હતી. રાજસ્થાનના માઉન્ટ આબુમાં તાપમાન 0.8 ડિગ્રી નોંધાયું હતું. હવામાન વિભાગે આગામી સમયમાં ઉત્તર પશ્ચિમ ભારતમાં 11 રાજ્યોમાં ઠંડી સાથે વરસાદની એલર્ટ આપી છે જ્યારે હિમાચલ પ્રદેશ અને રાજસ્થાનમાં કોલ્ડ-ડેની સ્થિતિ જોવા મળી શકે છે. હવામાન વિભાગે જણાવ્યું કે, આગામી દિવસોમાં ઉત્તર ભારત અને પર્વતીય રાજ્યોમાં નવા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે હવામાન પલટાશે. મેદાની વિસ્તારોમાં હળવા વરસાદની સંભાવના છે.

---

## 'ગાંધીને મહાત્માની ઉપાધિ આપવી ખોટી, ઈસ્લામ ધર્મ નફરત શીખવે છે...' IIT બાબા

(એજન્સી) પ્રયાગરાજ। તા. 18

પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભની વચ્ચે અભય સિંહ ઉર્ફે આઈઆઈટીયન બાબા સોશિયલ મીડિયા પર છવાયેલા છે. તે સતત



મીડિયા સાથે વાત કરી રહ્યા છે અને દરેક મુદ્દા પર ખુલીને પોતાના મંતવ્યો વ્યક્ત કરી રહ્યા છે. તેમણે સનાતન અને ઈસ્લામ બંનેની ચર્ચા કરી છે. તેમજ તેમણે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને આપવામાં આવેલી ગાંધી પદવી પર સવાલ ઉઠાવ્યા છે. જ્યારે તેમને ઈસ્લામ વિશે પૂછવામાં આવ્યું તો તેણે તેને નફરત શીખવતો ધર્મ ગણાવ્યો. તેમણે એમ પણ કહ્યું કે આવનારા સમયમાં માત્ર સનાતનનો જ વિજય થશે અને ઈસ્લામ અદૃશ્ય થઈ જશે.

### ઈસ્લામ ધર્મ નફરત શીખવે છે: બાબા અભય સિંહ

IIT બાબા અભય સિંહે એક ટીવી ઈન્ટરવ્યૂ દરમિયાન ઈસ્લામ વિશે વાત કરતા કહ્યું, 'મને મુસ્લિમો સાથે કોઈ વાંધો નથી પરંતુ ઈસ્લામ એક ખરાબ ધર્મ છે. ઈસ્લામ એક ખોટી વિચારધારા છે. તે નફરત શીખવે છે. તે શાંતિથી જીવવાનું કહે છે પણ તમે પણ શાંતિથી રહો. જ્યારે તેમને સનાતન ધર્મ વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું કે આવનારા સમયમાં માત્ર સનાતન જ રહેશે. હર હર મહાદેવ.'

### ગાંધીજીની ઉપાધિ પર ઉઠ્યા પ્રશ્નો

IIT બાબા અભય સિંહે ગાંધીજીને આપવામાં આવેલ મહાત્માની ઉપાધી પર પણ પ્રશ્ન ઉઠાવ્યો હતો. IIT બાબા અભય સિંહે કહ્યું, 'લોકો આધ્યાત્મિકતાને સમજી શક્યા નથી, તેથી જ તેમણે ગાંધીને મહાત્માનું બિરુદ આપ્યું હતું. તે કેવી રીતે મહાન આત્મા બની ગયા? તેમણે એવું શું કર્યું છે? તેણે શું તપ કર્યું? તેની પાસે કઈ સિદ્ધિ હતી?'

### આઈઆઈટીયન બાબા વીડિયો થયો હતો વાયરલ

ચાર દિવસ પહેલા આઈઆઈટીયન બાબાની વાતચીતનો વીડિયો સામે આવ્યો હતો. તેમાં બાબાએ જણાવ્યું હતું કે, 'મેં IIT મુંબઈમાંથી એરોસ્પેસ એન્જિનિયરિંગનો અભ્યાસ કર્યો છે અને 36 લાખ રૂપિયાના પેકેજ સાથે કેનેડામાં નોકરી છોડીને મેં વૈરાગ્ય લઈ લીધું છે. ઈન્ટરવ્યુમાં તેઓ અંગ્રેજી બોલી રહ્યા હતા. થોડી જ વારમાં તેનો આ વીડિયો વાયરલ થઈ ગયો હતો.

**પશ્ચિમ રેલવે**
**સામગ્રી વ્યવસ્થાપન વિભાગ**
**વિવિધ સામગ્રી પુરવઠો**
**ઇ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટિસ નંબર :- /04/2025 તારીખ :- 15-01-2025**

| ક્રમ નંબર | વસ્તુઓનું ટૂંકું વર્ણન | જથ્થો | ટી. ઓ. ડી. |
|---|---|---|---|
| 26 | રેખીય સાથે કાસ્ટ સ્ટીલ બોલ્સ્ટર. | 63 નંગ | 10 ફેબ્રુઆરી 2025 |
| 27 | કેટેનરી વાયર 65 ચોરસ મીમી | 371000 મીટર | 13 ફેબ્રુઆરી 2025 |
| 28 | પરિશિષ્ટ-a, knorr bremse ભાગ નંબર Ii74619 મુજબ FIVA ની કીટ બદલવી આવશ્યક | 475 સેટ | 13 ફેબ્રુઆરી 2025 |
| 29 | સંપર્ક વાયર 107 ચોરસ મીમી. | 323000 મીટર | 14 ફેબ્રુઆરી 2025 |
| 30 | IGBT આધારિત 3-તબક્કા ડ્રાઈવ પ્રોપલ્શન સાધનો. | 8 નંગ | 17 ફેબ્રુઆરી 2025 |
| 31 | 6400 mm ઓવર રાઈડિંગ 1 માં 8.5, BG, 52 kg (UIC) રેલ PSC સ્લીપર પર સ્વિચ | 41 સેટ | 17 ફેબ્રુઆરી 2025 |
| 32 | કેડિયમ કોપર કંડક્ટર (130 ચોરસ મીમી). | 5000 મીટર | 18 ફેબ્રુઆરી 2025 |
| 33 | WAG-7 લોકો માટે બ્રેક ગિયરની સંપૂર્ણ વ્યવસ્થા | 100 સેટ | 24 ફેબ્રુઆરી 2025 |

**સુધારો**
કૃપા કરીને ટેન્ડર નોટિસ નંબર S-70-225 માટે નિયત તારીખ ''04-02-2025'' વાંચો, તારીખ:- 30-12-2024 સીરીયલ નંબર:- 754 પર.
વિગતવાર સૂચના, EMD, ખરીદી પ્રતિબંધો અને વિગતવાર ટેન્ડર શરતો કૃપા કરીને વેબસાઈટ www.ireps.gov.in અને wr.indianrailways.gov.in ની મુલાકાત લો
0971
અમને લાઈક કરો facebook.com/WesternRly • અમને ફોલો કરો x.com/WesternRly

**પશ્ચિમ રેલવે - અમદાવાદ**
**(સર્વે એન્ડ કન્સ્ટ્રક્શન)**
**અર્થવર્કનું સંતુલન કાર્ય**
**ઇ-ટેન્ડર નોટિસ નં. Dy.CE/C/II/ADI/KJV-AE/02 (TWO PACKET).** ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેમના વતી, ડેપ્યુટી ચીફ એન્જિનિયર (કન્સ્ટ્રક્શન) – II, પશ્ચિમ રેલવે, અમદાવાદ નીચેના કામો માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે:- **(1) કામનું નામ સ્થળ સાથે:** ખીજડીયા-અમરેલી GC પ્રોજેક્ટના સંબંધ માં ખીજડીયા થી અમરેલી પરા વચ્ચે નિર્માણ માં અર્થવર્કનું બેલેન્સ કાર્ય, બ્લેન્કેટીંગ, RUB/LHS, મુખ્ય બ્રિજો, સબ વે, પેસેન્જર પ્લેટફોર્મનો વિસ્તાર, રિટેઈનીંગ/ટો વોલ વગેરે કામ. (બે પેકેટ). **(2) કામનો અંદાજિત ખર્ચ:** ₹ 48,70,33,880.11/- **(3) જમા કરાવવાની અર્નેસ્ટ મની:** ₹ 25,85,200.00/- **(4) ટેન્ડર ફોર્મ ફી:** NIL. **(5) કામ પૂર્ણ કરવાનો સમયગાળો:** ચોમાસા સહિત 09 (નવ) મહિના. **(6) બિડ જમા કરવાની તારીખ અને સમય:** 08.02.2025 ના 10:30 કલાકે; **(7) વેબસાઈટ વિગતો નોટિસ બોર્ડનું સ્થળ જ્યાં ટેન્ડરની સંપૂર્ણ વિગતો જોઇ શકાય છે અને ઓફિસનું સરનામું: વેબસાઈટ:** www.ireps.gov.in ડેપ્યુટી ચીફ એન્જિનિયર (કન્સ્ટ્રક્શન) II ની ઓફિસ, પશ્ચિમ રેલવે, 2જો માળ, 'C' વિંગ, નિર્માણ ભવન, ડીઆરએમ ઓફિસ પાસે, અસારવા, અમદાવાદ - 382 345.
114
અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે-અમદાવાદ ડિવિઝન**
**બીન ભાડા આવક કોન્ટ્રાક્ટ્સ માટે ઈ-હરાજી**
અમદાવાદ ડિવિઝન ના નીચે મુજબના **IREPS વેબસાઈટ પર પહેલે થી પ્રકાશિત કરવામાં આવેલ, કેટલોગ્સ માટે** બીન ભાડા આવક કોન્ટ્રાક્ટ્સની ઈ-હરાજી માટે બીડ્સ આમંત્રિત કરવામાં આવે છે. વિગતો નીચે મુજબ આપવામાં આવેલ છે.

| કેટલોગ નં | કોન્ટ્રેક્ટનો પ્રકાર | કેટેગરી | ઈ-ઓક્શનની તારીખ અને સમય |
|---|---|---|---|
| NFR-ADI-50-24 | જાહેરાત | • ટ્રેનનો અંદરનો ભાગ<br>• ટ્રેનનો બહારનો ભાગ (ફુલ ફેસ)<br>• આઉટ ઓફ હોમ<br>• સ્ટેશન પરિસર પર (ડિઝિટલ)<br>• સ્ટેશન પરિસર પર (નોન ડિઝિટલ) | લોટ્સ માટે ઈ-હરાજી તા.30-01-2025 ના 12:00 કલાકે શરૂ થશે. |
| | પરચુરણ - સ્ટેટ - સેવાઓ | • SIOB, BMSB અને CHIB ખાતે BOXN વેગન સફાઈ | |

**નોંધ: (1)** પ્રસ્તાવિત બિડર્સને IREPS વેબસાઈટ (www.ireps.gov.in) પર ઈ-હરાજી લિઝીંગ મોડ્યુલની મુલાકાત લેવાની અને હરાજીમાં ભાગ લેતાં પહેલાં તેમને પોતાને રજીસ્ટર્ડ કરાવવાની વિનંતી કરવામાં આવે છે. **(2)** ઉપરોક્ત દર્શાવેલા કેટલોગ નં. હેઠળ લોટ પ્રમાણેની વિગતો આવનાર ઈ-હરાજી, ઝોન : પશ્ચિમ રેલવે, યુનિટ: અમદાવાદ ડિવિઝન-કોમર્શિયલના શિર્ષક હેઠળ ઉપલબ્ધ છે. **(3)** પ્રારંભિક કુલિંગ ઓફ સમયગાળો 30 મિનિટ છે. સફળ લોટ બંધ થવાનો મધ્યાંતર 10 મિનિટ છે. લોટ-પ્રમાણે બંધ થવાનો સમય IREPS ના ઈ-હરાજી મોડ્યુલ પર જોઈ શકાશે. **(4)** નિર્ધારીત હરાજી થી સંબંધિત કોઈપણ પૂછપરછ માટે, કૃપા કરી srdcm@adi.railnet.gov.in ખાતે અથવા +91-9724093968 ઉપર અમારો સંપર્ક કરો.
299
અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

**પશ્ચિમ રેલવે-અમદાવાદ**
**(સર્વે એન્ડ કન્સ્ટ્રક્શન)**
**ઈ-ટેન્ડર સૂચના**
**ઈ-ટેન્ડર નં. DyCE-C-V-ADI-GIM-AI-02, RFP No. DyCE-C-SIOB-GIM-PSSA-1 તારીખ: 10.01.2025;** ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે ડે.ચીફ એન્જિનીયર (C) V, અમદાવાદ નીચેના કામ માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે:- **ક્ર.સં.1: ઇ-ટેન્ડર નં. T.No. DyCE-C-V-ADI-GIM-AI-02. કામનું નામ:** પશ્ચિમ રેલવેના અમદાવાદ પર Y કનેક્શન સહિત ગાંધીધામ-આદિપુર ને ચારગણી લાઈન કરવાના સંબંધમાં અને સામાખિયાળી-ગાંધીધામ સેક્શન અને ગાંધીધામ-આદિપુર વચ્ચે ચારગણી લાઈન કરવાના સંબંધમાં સામાખિયાળી થી ગાંધીધામ સુધી રાહદારી સબવેનું બાંધકામ, સર્વિસ બિલ્ડીંગ માળખાં, પેસેન્જર સુવિધાઓ, નિર્માણમાં અર્થવર્ક અને બ્લેન્કેટીંગ અને સફળતાપૂર્વક પૂર્ણ કરવા માટે જરૂરી અન્ય વિવિધ કાર્યો. **કામનો અંદાજીત ખર્ચ:** ₹ 68,70,68,665.78/- **બિડ સુરક્ષા:** ₹ 35,85,400/- **ટેન્ડરનો પ્રકાર:** ઓપન ટેન્ડર (બે પેકેટ સિસ્ટમ). **પૂર્ણ કરવાનો સમયગાળો:** ચોમાસાના સમયગાળા સહિત 08 મહિના. **બંધ થવાનો સમય અને તારીખ:** 31/01/2025 15:00 કલાકે. **પ્રી-બિડ કોન્ફરન્સ વિગતો:** શૂન્ય. **ક્ર.સં.2: ઇ-ટેન્ડર નં. RFP No. DyCE-C-SIOB-GIM-PSSA-1. કામનું નામ:** પશ્ચિમ રેલવેના અપશ્ચિમ રેલવે માં ચીફ પ્રોજેક્ટ મેનેજર (બાંધકામ) - II - અમદાવાદ ના અધિકાર ક્ષેત્ર હેઠળ સાબરમતી-સરખેજ સેક્શનનું ડબલીંગ અને અમદાવાદ- હિંમતનગર સેક્શન પર સોનાસણ યાર્ડ, પાટણ-ભીલડી સેક્શન માં મહત્વનો બ્રિજ નં.100, સામાખિયાળી -ગાંધીધામ સેક્શન (52.00 કિ.મી.) પર વિવિધ નિર્માણ સાઈટો ના કામ માટે પ્રોજેક્ટ સુપરવિઝન સર્વિસીસ (PSS) પૂરી પાડવા માટે દરખાસ્ત માટે વિનંતી (RFP). **કામનો અંદાજીત ખર્ચ:** ₹ 20,22,76,944.00/- **બિડ સુરક્ષા:** ₹ 11,61,400/- **ટેન્ડરનો પ્રકાર:** ઓપન ટેન્ડર (બે પેકેટ સિસ્ટમ). **પૂર્ણ કરવાનો સમયગાળો:** ચોમાસાના સમયગાળા સહિત 24 મહિના. **બંધ થવાનો સમય અને તારીખ:** 12/02/2025 15:00 કલાકે. **પ્રી-બિડ કોન્ફરન્સ વિગતો:** તારીખ: 17/01/2025 (વિડીયો કોન્ફરન્સ દ્વારા) સમય: 12:00 કલાક (IST). વેબસાઈટની વિગતો નોટિસ બોર્ડનું સ્થાન જ્યાં ટેન્ડરની સંપૂર્ણ વિગતો જોઈ શકાય છે અને ઓફિસનું સરનામું: www.ireps.gov.in ડે. ચીફ એન્જિનીયર (C)V, પશ્ચિમ રેલવે, અમદાવાદ.
અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly 113

**Punjab & Sind Bank**
(A Govt. of India Undertaking)
*Where service is a way of life*
**રીડ રોડ શાખા: રીડ રોડ, રેલ્વેપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૨**
**ફોન નં. : ૦૭૯-૨૨૧૪૫૮૭૮, ઈ-મેઈલ : a0476@psb.co.in**
**એપેન્ડીક્ષ-૪ (નિયમ-૮(૧) મુજબ) કબજા નોટિસ**
**(જંગમ મિલકત માટે)**

આથી, નીચે સહી કરનાર **પંજાબ એન્ડ સિંધ બેંક** ના અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરસ્ટ એક્ટ, ૨૦૦૨ (૨૦૦૨નો ૫૪મો) અને સિક્યુરીટી ઈન્ટરસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ ૨૦૦૨ના કલમ ૧૩ (૧૨) સાથે નિયમ ૩ ને વંચાણે મળેલ સત્તાની રૂએ **તા. ૦૮.૧૧.૨૦૨૪**ના રોજ ડિમાન્ડ નોટીસ પાઠવી, જેના **ઉધારકર્તાઓ (૧) મે. કુબેર પોલીમર્સ, પ્રોપ. : શ્રીમતી બારોટ સુરભીબેન વિશાલ - શ્રી બારોટ વિશાલના પત્ની (ઉધારકર્તા),** સરનામું : પ્લોટ નં. ૧૬, તીર્થ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક, પાલડી - કાંકજ ગામ, તાલુકા : દસકોઈ, ધોળકા હાઈવે, અમદાવાદ - ૩૮૨ ૪૨૫, **(૨) શ્રીમતી બારોટ સુરભીબેન વિશાલ - શ્રી બારોટ વિશાલના પત્ની (પ્રોપરાઈટર),** સરનામું : એ ૬૦૩, કર્ણાવતી રીવેરા, ન્યુ મણીનગર, કર્ણાવતી એન્કલેવ પાસે, વોટર તડુન સ્કુલ રોડ, દસક્રોઈ, અમદાવાદ - ૩૮૨ ૪૪૯, **(૩) શ્રી રવિ ધર્મેન્દ્ર ઈનામદાર - શ્રી ધર્મેન્દ્ર કુમાર ના પુત્ર (જામીનદાર),** સરનામું : ૫, વંદન પાર્ક સોસાયટી, રેલ્વે ક્રોસીંગ પાસે, મણીનગર પૂર્વ, અમદાવાદ - ૩૮૦ ૦૦૮ ને નોટિસમાં દર્શાવેલ મુજબની લેણી રકમ **રૂા. ૫૫,૯૫,૬૦૦.૯૧ (રૂપિયા પંચાવન લાખ પંચાણું હજાર છસ્સો અને એકાણુ પૈસા પુરા),** આ માંગણા નોટિસ મળ્યાના ૬૦ દિવસમાં ચૂકવી આપવાનું જણાવેલ હતું.

ઉધારકર્તા સદરહું કુલ રકમ પરત ચૂકવવામાં નિષ્ફળ જતાં, ઉધારકર્તાઓ/ મિલકતના માલિકો અને જાહેર જનતાને નોટિસ આપી જણાવવામાં આવે છે કે, સિક્યુરીટી ઈન્ટરસ્ટ એક્ટ રૂલ ૨૦૦૨ના નિયમ ૮ સાથે વંચાણે લઈને કલમ ૧૩ (૪) હેઠળ મળેલી સત્તાની રૂએ તેણે અધોહસ્તાક્ષરીએ **તારીખ ૧૮ જાન્યુઆરી, ૨૦૨૫**ના રોજ મિલકતનો **સાંકેતિક કબજો** લઈ લીધેલ છે.

મિલકતના માલિકને વિશેષરૂપથી તથા જાહેર જનતાને આ મિલકત સાથે કોઈપણ જાતનો વ્યવહાર ન કરવાની ચેતવણી આપવામાં આવે છે અને જો વ્યવહાર કરશે તો તે **પંજાબ એન્ડ સિંધ બેંક**ની તા. ૩૧.૧૦.૨૦૨૪ના રોજની વ્યાજ સિવાયની બાકી લેણી રકમ **રૂા. ૫૫,૯૫,૬૦૦.૯૧ (રૂપિયા પંચાવન લાખ પંચાણું હજાર છસ્સો અને એકાણુ પૈસા પુરા)** તથા તેના પર ૧૧.૬૫ % ના દરે ચડત વ્યાજ સહીતના બોજાને આધિન રહેશે.

ઉધારકર્તાઓનું ધ્યાન દોરવામાં આવે છે કે, સદર કાયદાની કલમ ૧૩ ની પેટા કલમ ૮ મુજબ સુરક્ષિત મિલકતને ઉપલબ્ધ સમયમાં મુક્ત કરી શકે છે.

**જંગમ મિલકતનું વર્ણન**
પ્રાયમરી સિક્યુરીટીના હાઈપોથીકેશનની માહીતી :
**બેંકના ધિરાણમાંથી ખરીદ કરેલ મશીનરીનું હાઈપોથીકેશન અને તે હાઈપોથીકેશન કરેલા મશીનરીઝની વિગતો નીચે મુજબ છે :**

| ક્રમ નં. | મશીનરીઝનું વર્ણન | રકમ (રૂા. માં) |
|---|---|---|
| ૧. | ટેપ પ્લાન્ટ ૧૫૦ કીલો/પ્રતીક (મોડેલ - સ્કી - ૮૦) સાથે ચીઝ વાઈન્ડર ઈર્ન્વટર - ૧૬૮ નંગ | રૂા. ૧,૩૫,૭૬,૬૦૮/- |

| કેટીડ ફેસેલીટીઝનો પ્રકાર | મિલકતનું વર્ણન |
|---|---|
| ટર્મ લોન ફેસેલીટીઝ - રૂા. ૯૯,૦૦,૦૦૦/- | રેકોર્ડમાં દર્શાવેલ ટેક્ષ બીલો મુજબ બેંકના ધિરાણમાંથી ખરીદ કરાયેલા બધા પ્લાન્ટ અને મશીનરીઝ |

**તારીખ : ૧૮.૦૧.૨૦૨૫, સ્થળ : અમદાવાદ** **અધિકૃત અધિકારી, પંજાબ એન્ડ સિંધ બેંક**
**(આ નોટિસનું અંગ્રેજીમાંથી અન્ય પ્રાદેશિક ભાષામાં અનુવાદ કરતી વખતે કોઈ ક્ષતિ થયેલ જણાશે તો અસલ અંગ્રેજી લખાણ જ માન્ય ગણાશે)**

**Punjab & Sind Bank**
(A Govt. of India Undertaking)
*Where service is a way of life*
**રીડ રોડ શાખા: રીડ રોડ, રેલ્વેપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૨**
**ફોન નં. : ૦૭૯-૨૨૧૪૫૮૭૮, ઈ-મેઈલ : a0476@psb.co.in**
**સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ ૨૦૦૨ ના નિયમ ૬(૨)/ ૮(૬) સાથે ઉધારકર્તાને વેચાણ માટેની (૩૦ દિવસીય) નોટિસ**

**તારીખ : ૦૪.૦૧.૨૦૨૫**

**પ્રતિ,**
**ઉધારકર્તાઓ :**
**મે. વીર ફેબ્રીકેટર્સ પ્રા.લી. અને તેના ડાયરેકટરો**
રજી. સરનામું : પ્લોટ નં. ૧૧૬૨, સર્વે નં. ૧૦૩૮, ગામ : માથાસુર, ગ્રીન વેર હાઉસ સામે, સુરજ- નંદાસણ રોડ, કડી, મહેસાણા-૩૮૨ ૭૦૫
**ડાયરેકટર (૧) (એ) શ્રી અમરીશ રમણભાઈ પંચાલ - રમણ લાલ ના પુત્ર**
રહેણાંક : મકાન નં. ૫૯, સુપથ કો-ઓપરેટીવ સોસાયટી, ચાંદખેડા, ગાંધીનગર - ૩૮૨ ૪૨૪
**ડાયરેકટર (૨) (બી) શ્રી મીત ભરતભાઈ પટેલ - ભરત કુમાર ના પુત્ર**
રહેણાંક : ડી/૨૦૪, સર્વોપરી એલીગન્સ, સત્ય રેસીડેન્સી સામે, ન્યુ રાણીપ, અમદાવાદ, ગુજરાત-૩૮૨ ૪૭૦
**જામીનદાર :**
**શ્રી હર્ષ અશોકભાઈ પંચાલ - અશોકભાઈ રામચંદાસ પંચાલ ના પુત્ર**
રહેણાંક : ઓ-૩૦૧, અભિષેક એપાર્ટમેન્ટ, ગણેશ વિદ્યાલય સામે, નવા વાડજ, નારણપુરા વિસ્તાર, અમદાવાદ, ગુજરાત-૩૮૦ ૦૧૩
**માનનીય સાહેબ/ મેડમ,**
**બાબત : મે. વીર ફેબ્રીકેટર્સ પ્રા. લી. ના નામની મશીન્સનું બેંકના બાકી લેણાની વસુલાત અંગે સિકયોરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ સંપતિનું વેચાણ**

આથી, નીચે સહી કરનાર **પંજાબ એન્ડ સિંધ બેંક, રીડ રોડ, રેલ્વેપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૨** ના અધિકૃત અધિકારીએ સિકયોર્ડ લેણદાર તરીકે **તારીખ ૨૭.૧૦.૨૦૨૩** ના રોજ સિકયોરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ની કલમ ૧૩ (૨) હેઠળ ડિમાન્ડ નોટિસ પાઠવી, તમોને નિર્ધારીત સમયની અંદર નોટિસમાં દર્શાવેલ મુજબની બાકી લેણી રકમ ચૂકવવા માટે તમોને દર્શાવેલ છે. તમો નિર્ધારિત સમયગાળામાં ઉક્ત નોટિસનું પાલન કરવામાં નિષ્ફળ ગયા હોવાથી, અધિકૃત અધિકારીએ સિકયોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ, ૨૦૦૨ના નિયમ ૮ સાથે વંચાણે લઈને કલમ ૧૩ (૪) હેઠળ મળેલ સત્તાની રૂએ તેણે અધોહસ્તાક્ષરીએ **તા. ૨૨.૧૨.૨૦૨૪**ના રોજ **કબજો** લીધેલ છે. કબજો લીધા પછી પણ તમોએ બેંકને લેણી રકમ ચૂકવી નથી જેથી **પંજાબ એન્ડ સિંધ બેંક**ના અધિકૃત અધિકારી દ્વારા બેંકના કબજા હેઠળની મિલ્કતોને બાકી લેણાની વસુલાત અંગે ઈ-ઓકશન દ્વારા વેચાણ કરવાનું જરૂરી બન્યું છે.

સિકયોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ ૨૦૦૨ ના નિયમ ૬(૨)/ ૮(૬) સાથે ઉધારકર્તાને વેચાણ માટેની નોટિસ (૩૦ દિવસીય નોટીસ) તમોને આપવામાં આવી છે. જે પ્રકાશિત થયા પછી ઈ-ઓકશનની તારીખ અને સમય, મિલ્કતની અનામત કિંમત, મિલ્કતનું વર્ણનની વિગતો સેવા પ્રદાતા દ્વારા ઈ-ઓકશન હાથ ધરવામાં આવશે.

જો કે, જો તમે વેચાણની નોટિસના પ્રકાશનની તારીખ પહેલા બેંકને બાકી રકમ, ત્યારબાદ ના વ્યાજ, ખર્ચ અને બેંક દ્વારા કરવામાં આવેલ ખર્ચાઓ ચૂકવી દો છો, તો ગીરવે મુકેલી સિકયોરિટીના વેચાણ માટે આગળ કોઈ કાર્યવાહી કરવામાં આવશે નહીં અને તમે સદરહુ કાયદાની કલમ ૧૩ (૮) માં મુજબ સુરક્ષિત મિલ્કતને ઉપલબ્ધ સમયમાં તમારી મિલ્કત મુક્ત કરાવી શકો છો.

**મિલકતોનું શેડ્યૂલ**

| ક્રમ નં. | મશીનરીઝનું વર્ણન | નંગ |
|---|---|---|
| ૧ | હાઈડ્રોલીક પ્રેસ (હકીકતમાં પાવર પ્રેસ) સાથે અંદાજીત ૫ હો.પા. ઈલેક્ટ્રીક મોટર | ૧ |
| ૨ | પાવર પ્રેસ સાથે અંદાજીત ૩ હો.પા. મોટર | ૧ |
| ૩ | પાઈપ બેન્ડીંગ મશીન, એમડી બનાવટ | ૧ |
| ૪ | એરગન વેલ્ડીંગ મશીન, ગાયત્રી બનાવટ | ૧ |
| ૫ | પાઈપ મીલ વીથ કોઈલર અને વિવિધ માપ અને વિવિધ સાઈઝની વિવિધ ડાય ૫ હો.પા. થી બનેલુ | ૧ |
| ૬ | નિકલ ક્રોમ પ્લાન્ટ, અધુરા પ્લાન્ટ રેકટીફાયર અને ઈલેક્ટ્રીકલ પાર્ટ વગરનો. એમએસ ટેન્ક વિસ્તાર અંદાજીત ૧૫' *૩' *૫' | ૧ |
| ૭ | ડ્રો બેચ મશીન ગીયર બોક્ષ સાથે, ગીયર્સ, પીનીયન અને કપલીંગ ઈલેક્ટ્રીક મોટર વગેરે | ૧ |
| ૮ | સ્ટ્રેઈટનીંગ અને કટીંગ મશીન | ૧ |

**તારીખ : ૦૪.૦૧.૨૦૨૫,** **સહી/- અધિકૃત અધિકારી,**
**સ્થળ : અમદાવાદ** **પંજાબ એન્ડ સિંધ બેંક**
**(આ નોટિસનું અંગ્રેજીમાંથી અન્ય પ્રાદેશિક ભાષામાં અનુવાદ કરતી વખતે કોઈ ક્ષતિ થયેલ જણાશે તો અસલ અંગ્રેજી લખાણ જ માન્ય ગણાશે)**

સિટી એક્સપ્રેસ

SUNDAY 19 JANUARY-2025

AHMEDABAD


## ભાજપ અધ્યક્ષ જે.પી. નડ્ડા બે દિવસ માટે ગુજરાતના પ્રવાસે

ભાજપના સંગઠન પર્વની પ્રક્રિયા હાલ વિલંબમાં પડી છે, ત્યારે પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ અને કેન્દ્રીય આરોગ્ય મંત્રી જગત પ્રકાશ નડ્ડા શનિવારથી બે દિવસ માટે ગુજરાતમાં વિવિધ કાર્યક્રમમાં હાજરી આપશે. તેઓ શુક્રવારે મોડી રાત્રે અમદાવાદ આવી પહોંચ્યા હતા. આ મુલાકાત દરમિયાન નડ્ડા ગુજરાતમાં ભાજપના સંગઠનના હોદ્દેદારોને મળશે. સૌ પ્રથમ નડ્ડા અમદાવાદમાં શનિવારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સાથે કેન્દ્ર સરકારની સ્વામિત્વ યોજનાના આરંભ પ્રસંગે સોલા વિસ્તારમાં યોજાનારા કાર્યક્રમમાં હાજરી આપશે.

## કોબાના મૃતક યુવકના બનાવટી પ્રમાણપત્ર માટે ખોટું સર્ટિ બનાવ્યું

ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારમાં આવેલા કોબા ગામના મૃતકનુ મરણનુ પ્રમાણપત્ર લેવા માટે અમદાવાદનો એજન્ટ આવ્યો હતો. બનાવટી પ્રમાણપત્રના આધારે બીજુ પ્રમાણપત્ર લેવા આવતા અગાઉનુ પ્રમાણપત્ર ખોટુ હોવાનુ સામે આવ્યુ હતુ. જેથી મહાપાલિકાના સબ રજીસ્ટ્રારને આ બાબતે શંકા જતા ઉપરી અધિકારીઓનુ ધ્યાન દોરવામાં આવ્યા બાદ બનાવટી પ્રમાણપત્ર બનાવનાર સામે ગુનો નોંધાવવામાં આવ્યો હતો.મળતી માહિતી મુજબ મહાનગર પાલિકાના સબ રજીસ્ટ્રાર યશપાલસિંહ રાજપૂતે ફરિયાદ નોંધાવી હતી.



# GPSCની તૈયારી કરતા ઉમેદવારોને રાહત

## હવે તમામ પ્રિલીમ પરીક્ષાનો અભ્યાસક્રમ રહેશે સરખો

**GPSC ભરતીની તૈયારી કરતા એસ્પીરન્ટ માટે ખુશીના સમાચાર**

(એજન્સી) ગાંધીનગર । તા. 18

ગુજરાત જાહેર સેવા આયોગ ભરતીની તૈયારી કરતા એસ્પીરન્ટ માટે ખુશીના સમાચાર સામે આવ્યા છે. GPSCના ચેરમેન હસમુખ પટેલે જણાવ્યું છે કે, આયોગ દ્વારા લેવામાં આવતી વિવિધ ભરતીઓની પ્રાથમિક પરીક્ષાનો અભ્યાસક્રમ એક કરાયો છે. જેમાં હવેથી GPSCની તમામ ભરતીઓ માટે એક જ 'સામાન્ય અભ્યાસ' વિષયનો નવો અભ્યાસક્રમ કરતાં ઉમેદવારોને




પરીક્ષાની તૈયારી કરવામાં રાહત થશે. GPSCની 'સામાન્ય અભ્યાસ' ની જાહેરાત બાદ હવે ઉમેદવારો પરીક્ષામાં ઉત્સાહ ભેર ફોર્મ ભરી શકશે. સામાન્ય અભ્યાસ હવે સરખો રહેવાને કારણે ઉમેદવારોને વધારે મહેનત કરવી નહી પડે. જેથી ઉમેદવારો GPSC સહિત અન્ય બોર્ડ કે કોર્પોરેશનની પરીક્ષાની પણ તૈયારી સાથો સાથ કરી શકશે.

**GPSCની તમામ ભરતીની પ્રાથમિક પરીક્ષાઓનો અભ્યાસક્રમ એક જ રહેશે**

રાજ્યમાં GPSC દ્વારા જાહેર કરવામાં આવતી ક્લાસ 1-2 અને 3ની વિવિધ ભરતીની પ્રાથમિક પરીક્ષાનો અભ્યાસક્રમ અલગ-અલગ હતો. જેને ધ્યાનમાં રાખીને આયોગ દ્વારા ઉમેદવારોને પરીક્ષામાં વધુ સરળતા રહે તે માટે GPSCની તમામ ભરતીની પ્રાથમિક પરીક્ષાઓ એક જ 'સામાન્ય અભ્યાસ'નો અભ્યાસક્રમ તૈયાર કરાયો છે. 'સામાન્ય અભ્યાસ' વિષયનો નવો અભ્યાસક્રમ GPSCની સત્તાવાર વેબસાઈટ ojas.gujarat.gov.in પરથી મળી રહેશે.

## રાણીપમાં દબાણ દૂર કરવા ગયેલી ટીમ પર હુમલો, બે મહિલા સહિત પાંચ સામે ફરિયાદ

(એજન્સી) અમદાવાદ । તા. 18

રાજ્યભરમાં ગેરકાયદેસર દબાણ દૂર કરવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. અમદાવાદમાં જુહાપુરા, જમાલપુર બાદ શનિવારે એ.એમ.સીની ટીમ અને ગુજરાત પોલીસ રાણીપ વિસ્તારમાં દબાણ દૂર કરવા પહોંચી હતી. જોકે, ત્યાં દબાણ દૂર કરવા ગયેલી પોલીસ અને મનપાની ટીમ પર સ્થાનિકો દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. એ.એમ.સીના અધિકારીએ હુમલો કરનારા પાંચ લોકો સામે ફરિયાદ નોંધાવી છે.અમદાવાદના રાણીપમાં રવિવારે રામજીભાઈ ખાડિયાની ચાલીમાં એ.એમ.સી અને પોલીસની ટીમ દબાણ દૂર કરવા પહોંચી હતી. જ્યાં દબાણ દૂર કરવા ગયેલી પોલીસ અને મનપાની ટીમ પર સ્થાનિક લોકો દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. દબાણ દૂર ન કરવા દેવાના પ્રયાસ રૂપે સ્થાનિકો દ્વારા પથ્થરમારો પણ કરવામાં આવ્યો હતો. આ સિવાય પી.એસ.આઈનો કોલર પકડી મારી નાંખવાની ધમકી આપી હતી. તો કેટલાક પરિવારજનોએ આત્મહત્યાની પણ ધમકી આપી હતી.

### પોલીસે ગુનો દાખલ કરી હાથ ધરી તપાસ

એ.એમ.સીના ટીડીઓ ઈન્સ્પેક્ટર કેતન પ્રજાપતિ દ્વારા આ મામલે ફરિયાદ દાખલ કરાવવામાં આવી છે. પોલીસ ફરિયાદમાં એ.એમ.સી ટીમની કાર્યવાહીમાં અડચણ ઊભી કરવી તેમજ હુમલો કરવાના મામલે બે મહિલા સહિત કિરણ ઠાકોર, આશિષ ઠાકોર, કાંતિજી ઠાકોર એમ કુલ પાંચ લોકો સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. સમગ્ર મામલો થાળે પડી ગયા બાદ તંત્ર દ્વારા ફરી દબાણ દૂર કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી.

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો પર્યાવરણ પ્રિય અભિગમ**

## રાજ્યના નગરોમાં ગ્રીન-ક્લીન એનર્જી ઉત્પાદન માટે નગરપાલિકાઓને સોલાર-પ્લાન્ટ સ્થાપવાની મંજૂરી

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે ગુજરાતની અગ્રેસરતાને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ સુધી વિસ્તારવાનો પર્યાવરણ-પ્રિય નવતર અભિગમ અપનાવ્યો છે. મુખ્યમંત્રીશ્રીએ રાજ્યની નગરપાલિકાઓમાં ગ્રીન-ક્લીન એનર્જી ઉત્પાદન અને ઉપયોગથી વીજબિલમાં ઘટાડો કરવા સાથે તેમને આત્મનિર્ભર બનાવવાના હેતુથી નગરપાલિકાઓને સોલાર પ્લાન્ટ સ્થાપવા માટે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ફંડ ફાળવવાનું સુનિશ્ચિત કર્યું છે.મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે આ હેતુસર રાજ્યની નગરપાલિકાઓ પોતાના વિસ્તારોના સ્યુએજ ટ્રિટમેન્ટ પ્લાન્ટ, વોટર ટ્રિટમેન્ટ પ્લાન્ટ, પંપિગ સ્ટેશન્સ અને વોટર વર્ક્સ તેમ જ નગરપાલિકાઓના બાંધકામોમાં સોલાર પ્લાન્ટ સ્થાપવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.તદઅનુસાર, મુખ્યમંત્રીશ્રીએ અત્યાર સુધીમાં રાજ્યની ૬૩ નગરપાલિકાઓને ૧૩૬ સ્થળોએ સોલાર પ્લાન્ટ સ્થાપિત કરવા રૂ. ૧૧૪.૩૪ કરોડ મંજૂર કર્યા છે. એટલું જ નહિ રાજ્યની ૫૫ નગરપાલિકાઓએ ૯૭ સ્થળો પર આવી કામગીરી પૂર્ણ કરી લીધી છે.



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વધુને વધુ નગરપાલિકાઓ આવા સોલાર પ્લાન્ટ સ્થાપિત કરીને પોતે સોલાર એનર્જી જનરેશન અને તેના ઉપયોગથી વીજબિલ ખર્ચ ઘટાડી શકે અને આત્મનિર્ભર બને તેવા અભિગમને વ્યાપક બનાવવાની નેમ રાખી છે. તેમણે આ માટે રાજ્યની વધુ ૩૨ નગરપાલિકાઓને ૬૦ સ્થળો પર કુલ ૬.૭ મેગાવોટના સોલાર પ્લાન્ટ સ્થાપવા રૂ. ૪૫.૩૭ કરોડ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાંથી ફાળવવાની સૈદ્ધાંતિક અનુમતિ આપી છે. રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં બિનપરંપરાગત ઊર્જાનો ઉપયોગ થવાથી ભવિષ્યમાં તેમના વીજબિલોમાં અંદાજે ૫૦ ટકા સુધીની બચત થઈ શકશે એવો અંદાજ છે.

# ગુજરાતમાં ડિજિટલ કૃષિ ક્રાંતિ

**e-NAM પ્લેટફૉર્મ થકી ગુજરાતમાં ₹10 હજાર કરોડથી વધુ મૂલ્યની કૃષિપેદાશોનું વેચાણ**




ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ । ભારતના ખેડૂતો તેમના કૃષિ ઉત્પાદનોનું ઓનલાઈન વેચાણ કરી શકે, તેમના ઉત્પાદનો માટે તેમને સ્પર્ધાત્મક ભાવ મળે અને તેમની આવકમાં વધારો થાય, તેવા ઉદ્દેશથી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ 2016માં નેશનલ એગ્રિકલ્ચર માર્કેટ (e-NAM) પોર્ટલ શરૂ કરવામાં આવ્યું હતું. ઈ-નામ પોર્ટલ ખેડૂતોને તેમની નજીકની ઈ-નામ મંડીઓ દ્વારા તેમની પેદાશોનો વેપાર કરવા અને વેપારીઓને કોઈપણ સ્થળેથી ઓનલાઈન હરાજી કરવા માટે સક્ષમ બનાવે છે. આજે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાતમાં ઈ-નામ પોર્ટલ પર 8 લાખથી વધુ ખેડૂતોને જોડવામાં આવ્યા છે. ઈ-નામ પોર્ટલ પર ગુજરાતની 144 મંડીઓને સંકલિત કરવામાં આવી છે. અત્યારસુધીમાં ઈ-નામ પ્લેટફોર્મ મારફતે ગુજરાતમાં 2.64 કરોડ ક્વિન્ટલથી વધુ કૃષિપેદાશોનું વેચાણ કરવામાં આવ્યું છે, જેનું કુલ મૂલ્ય 10,535.91 કરોડ છે. આમ, ઈ-નામ પોર્ટલ થકી ગુજરાતમાં 10 હજાર કરોડથી પણ વધુ કૃષિપેદાશોનું વેચાણ કરવામાં આવ્યું છે. ઈ-નામ પોર્ટલ પર રાજ્યના લાખો ખેડૂતોને ટેક્નોલોજી સાથે જોડીને ગુજરાત ભારતની ડિજિટલ કૃષિ ક્રાંતિને સતત આગળ ધપાવી રહ્યું છે. સ્થાનિક બજારની સાપેક્ષે અમને 200થી 500 રૂપિયા વધુ ભાવ મળે છે.

### 'બજારભાવ કરતા વધુ સારો ભાવ મળે છે, પૈસા સીધા ખાતામાં જમા થાય છે'

ઉના બજાર સમિતિના શ્રી પરબતભાઈ ગોવિંદભાઈ પટાટ છેલ્લા એક વર્ષથી ઈ-નામ પોર્ટલ પર જોડાયા છે અને મગફળીનું ઓનલાઈન વેચાણ કરી રહ્યા છે. તેઓ જણાવે છે કે સ્થાનિક બજારમાં વેચાણની સરખામણીએ ઓનલાઈન વેચાણથી ઘણો ફરક પડે છે. વેચાણની પ્રક્રિયા વધુ ઝડપી બની છે. અમને ખૂબ જ સારો ભાવ મળી રહ્યો છે. સ્થાનિક બજારની સાપેક્ષે અમને 200થી 500 રૂપિયા વધુ ભાવ મળે છે. જેનાથી અમારી આવકમાં ઘણો વધારો થયો છે.

# પાંજરાપોળ જંક્શન પર ફ્લાયઓવર બ્રિજનો માર્ગ મોકળો

## 1.50 લાખ લોકોને મળશે ટ્રાફિકમાંથી મુક્તિ, હાઇકોર્ટે જાહેરહિતની અરજીનો નિકાલ કર્યો

(એજન્સી) અમદાવાદ । તા. 18

અમદાવાદના પાંજરપોળ જંકશન પર બની રહેલા ઓવર બ્રિજની વિરુદ્ધમાં હાઈકોર્ટમાં થયેલી જાહેરહિતની અરજીનો કોર્ટ દ્વારા આજે નિકાલ કરાતાં બ્રિજનો માર્ગ મોકળો થયો છે. આમ 1.50 લાખ લોકોને ટ્રાફિકમાંથી મુક્તિ મળશે. પાંજરાપોળ જંકશન પર ઓવરબ્રિજ બનાવવા મુદ્દે હાઈકોર્ટમાં થયેલી જાહેરહિતની અરજી પર અગાઉ હાઈકોર્ટે સુનાવણી પૂર્ણ કરતાં ચુકાદો અનામત રાખ્યો હતો. એની પર કોર્ટે આજે ચુકાદો આપતાં જાહેરહિતની અરજી નકારી દીધી છે, એટલે કે હવે પાંજરાપોળ જંકશન પર ઓવર બ્રિજ બનાવવા માટે AMC અને રણજિત કન્સ્ટ્રક્શનને હાઈકોર્ટ તરફથી કોઈ નકારાત્મક હુકમ મળ્યો નથી, જેથી એનું કામ આગળ વધશે. તો બીજી તરફ આ જાહેરહિતની અરજી સાથે હાઈકોર્ટે હેલ્મેટ, રોડની ગુણવત્તા, ટ્રાફિક-પોલીસ ભરતી, ટ્રાફિક જંકશન જેવા મુદ્દે સુઓમોટો અરજી લીધી હતી. એની પર સુનાવણી ચાલુ રહેશે. ચીફ જસ્ટિસ સુનિતા અગરવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની બેંચે ચુકાદામાં ઠરાવ્યું છે કે, કોર્ટને એવી છૂટ નથી અને એ શક્ય પણ નથી કે તે લક્ષ્મણ રેખા ઓળંગીને તંત્રના નીતિ વિષયક નિર્ણય પર પોતાનો દ્રષ્ટિકોણ કે નિર્ણય થોપી શકે. પ્રસ્તુત કેસમાં ફ્લાયઓવરના નિર્માણનો નિર્ણય અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ટેકનિકલ નિષ્ણાતોના રિપોર્ટના આધારે લીધો છે. તેવા કિસ્સામાં ટેકનિકલ અભિપ્રાયને નજરઅંદાજ કરીને કોર્ટ તેને ગેરકાયદે જાહેર કરી શકે નહીં. આ મહત્ત્વપૂર્ણ તારણ સાથે હાઈકોર્ટે ફ્લાયઓવરના નિર્માણના પગલે વૃક્ષો કપાતા ગ્રિન કવર ઘટશે, બ્રિજ બનાવનારી કંપનીનો રેકોર્ડ ખરાબ છે અને આ વિસ્તારમાં ટ્રાફિક ઘટ્યો સહિતની અરજદારની દલીલો ફગાવી કાઢી હતી. હાઈકોર્ટે નોંધ્યું છે કે AMC પ્રજાના બહોળા હિત માટે ફ્લાયઓવર બનાવી રહી છે. ત્યારે બ્રિજના નિર્માણથી વૃક્ષો કપાશે અને ગ્રિન કવર ઘટશે એવી દલીલ અપ્રસ્તુત જણાય છે. AMC નવા 30 લાખ વૃક્ષો લગાવવાની છે. પાછલા વર્ષોમાં પાંજરાપોળ અને IIM વચ્ચેના રોડ પર ટ્રાફિકમાં ઘટાડો થયો છે.

**રેલવેટ્રેક આસપાસ સિંહની અવરજવર પર AIથી નજર**

# રેલવેલાઇનમાં પ્રાયોગિક ધોરણે ઇન્ટ્રુશન ડિટેક્શન ડિવાઇસ લગાવાશે



**ગુજરાતમાં રેલવેટ્રેક પર સર્જાતા સિંહના અકસ્માતને ઘટાડવા માટે રેલવે વિભાગે હવે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)ની મદદ લેવાનો નિર્ણય કર્યો છે. ગુજરાત હાઈકોર્ટમાં ચાલી રહેલી સુઓમોટો પિટિશનની સુનાવણી દરમિયાન રેલવે વિભાગ દ્વારા આ માહિતી આપવામાં આવી હતી. રેલવે વિભાગ દ્વારા હાલ પ્રાયોગિક ધોરણે 50 કિમીના વિસ્તારમાં AI બેઝ્ડ ઈન્ટ્રુશન ડિટેક્શન ડિવાઇસ લગાવવાનો નિર્ણય કર્યો છે. આ ડિવાઇસના કારણે રેલવેટ્રેકની 50 મીટરમાં સિંહ આવતાં જ ટ્રેનના પાઇલટ અને વન વિભાગના અધિકારીને જાણ થઈ જશે, જેથી સંભવિત અકસ્માતને નિવારી શકાશે.**

### સુઓમોટો પિટિશનની સુનાવણી દરમિયાન રેલવે વિભાગે માહિતી આપી

ગુજરાત હાઈકોર્ટ દ્વારા વર્ષ 2018માં ગુજરાતમાં એશિયાટિક સિંહોના અપમૃત્યુને લઈને સમાચાર સંસ્થાઓના અહેવાલને આધારે સુઓમોટો પિટિશન હાથ ધરવામાં આવી હતી. એ મુદ્દે આજે(શુક્રવારે) ચીફ જસ્ટિસ સુનિતા અગરવાલ અને જજ પ્રણવ ત્રિવેદીની બેન્ચ સમક્ષ વધુ સુનાવણી હાથ ધરાઈ હતી, જેમાં રેલવે તરફથી જણાવાયું હતું કે રેલવેટ્રેકની 50 મીટરની આસપાસ સિંહોની અવરજવરનો અંદાજ લગાવવા ઈન્ટ્રુશન ડિટેક્શન ડિવાઈસ નામનું વિશેષ મશીન લગાવવામાં આવશે, જેમાં ફાઈબર કેબલ જંગલમાંથી પસાર થતી રેલવેલાઈનને સમાંતર નાખવામાં આવશે, જેથી સિંહોની અવરજવરની અગાઉથી રેલવે પાયલોટ અને વન વિભાગના અધિકારીઓને ખબર પડતાં અકસ્માત અટકાવી શકાશે. રેલ વિભાગે આ માટે ટેન્ડર જાહેર કર્યું છે. પહેલા 50 કિલોમીટર રેલલાઈનમાં પ્રાયોગિક ધોરણે એનો અમલ કરવામાં આવશે. પછી યોગ્ય પરિણામો મળતાં આગળ બીજાં ટેન્ડર બહાર પાડવામાં આવશે.

# વેજલપુરમાં પિતાની પ્રેમિકાનો માસૂમો પર અત્યાચાર, પોલીસે કરાવ્યો છુટકારો

(એજન્સી) અમદાવાદ । તા. 18

અમદાવાદની વેજલપુર પોલીસની માણસાઈએ બાળકોને જીવતદાન આપ્યું.શહેરની વેજલપુર પોલીસે પ્રેમસંબંધમાં રઝળેલા બાળકોનો છુટકારો કરાવ્યો. આ બાળકોને તેમની સાવકી માતા દ્વારા અસહ્ય ત્રાસ આપવામાં આવતો હતો. પોલીસને આ મામલાની જાણ થતાં જરૂરી કામગીરી કરી સાવકીમાતાથી બાળકોને મુક્ત કરાવ્યા. પ્રાપ્ત વિગત મુજબ વેજલપુર વિસ્તારમાં રહેતી એક મહિલા દ્વારા બાળકોને ઢોર મારવામાં આવતો હતો. બાળકોએ કહ્યું કે આ મહિલા તેમની સગી માતા નથી પરંતુ સાવકી માતા છે. તેમના પિતા અત્યારે જેલમાં છે. પિતાની ગેરહાજરીનો લાભ લઈ સાવકી માતા બાળકો સાથે ક્રૂર વર્તન દાખવતી હોવાનું તેમના પડોશીઓએ પણ પોલીસને જણાવ્યું. એક સેવાભાવી પડોશીએ સમગ્ર હકીકત પોલીસને જણાવી અને બાળકોને મદદ કરવા અપીલ કરી. વેજલપુર પોલીસે સમગ્ર મામલાની તપાસ કરી. દરમ્યાન તેમને જાણવા મળ્યું કે બાળકોના પિતા NDPSના કેસમાં છેલ્લા એક વર્ષથી જેલમાં છે. બાળકોના પિતાએ દારુના નશામાં પત્નીને તલાક આપ્યા હતા. જેના બાદ બાળકોની માતાને પિયર ધકેલી દીધી અને પ્રેમિકાને ઘરે લઈ આવ્યો.જો કે NDPS ના કેસમાં છેલ્લા એક વર્ષથી જેલ ભેગા સજા ભોગવનાર બાળકોના પિતાની પ્રેમિકા માસૂમ પર અસહ્ય ત્રાસ ગુજારતી હતી. પિતાની પ્રેમિકા નાની બાબતોમાં બાળકો પર ગુસ્સે થતી અને ઢોર માર મારતી. આ મહિલા બાળકોને ખાવાનું પણ આપતી નહોતી અને રૂમમાં ગોંધી રાખતી હોવાની માહિતી મળ્યા બાદ વેજલપુર પોલીસ પી.આઇ આર.એમ. ચૌહાણના સર્વેલન્સ સ્કોડ સાથે સી ટીમ મોકલવામાં આવી.પોલીસે બાળકોને રૂમમાંથી બહાર કાઢ્યા. બાળકોના શરીર પરના ઈજાના નિશાન બતાવે છે કે આ મહિલા તેમની સાથે કેટલું ક્રૂર વતર્ન કરતી હતી. મહિલા કયાં છે તેને લઈને તપાસ કરી તો જાણવા મળ્યું કે હાલમાં આ મહિલા પાલનપુર જેલખાતે પ્રેમીને મળવા ગઈ હતી.

**કમલેશ શાહ પર IT દરોડાનો મામલો**

## ઝડપાયેલી રોકડ રકમ અંગે ક્લેઇમ કરતા તપાસ કરા અન્ય રાજ્યો સુધી લંબાઈ

(એજન્સી) અમદાવાદ । તા. 18

સામાન્ય રીતે ઈન્કમટેકસ ડિપાર્ટમેન્ટ સર્ચ કરે અને ત્યાંથી મળેલી રોકડ રકમ માટે કોઈ દાવો કરતું નથી પરંતુ અમદાવાદ શહેરના સાયન્સ સીટી રોડ પર રહેતા કમલેશ રંજનીકાંત શાહ દરેક દરોડા વખતે પહોંચી જઈને પકડાયેલી રોકડ તેમની હોવાનો કલેઈમ કરતા હતા. કમલેશ શાહની આ મોડસ ઓપરેન્ડી અમદાવાદમાં જ નહીં સમગ્ર ગુજરાત, દિલ્હી, ચેન્નાઇ, રાચી, મુંબઇ જેવી અનેક જગ્યાએ તેમણે રોકડા તેમના હોવાનો કલેઈમ કર્યો હતો. આ હકીકતને ધ્યાનમાં લઈને જ ઈન્કમટેકસ વિભાગે તેમને ત્યાં તેમ જ તેમની સાથે સંકળાયેલા લોકોને ત્યાં દરોડાની કાર્યવાહી હાથ ધરી રોકડ, દર દાગીના સહિતની વસ્તુઓ કબજે કરીને તપાસ આગળ ચલાવી હતી. આ તપાસ દેશના અન્ય રાજ્યો સુધી લંબાતા સીબીડીટીની દેખરેખ હેઠળ તપાસ ચાલી રહી છે. જો કે આ અંગે ભારે ગુપ્તતા જાળવવામાં આવી હોવાથી વિગતો ઉપલબ્ધ થઈ શકી નથી. અમદાવાદ ઈન્કમટેકસ ડિપાર્ટમેન્ટે તાજેતરમાં પહેલી વખત નવીન પ્રકારની મોડસ ઓપરેન્ડી આચરતા એકમો અને તેમના સંચાલકો પર દરોડા પાડ્યા છે. શુક્રવાર સવારે શહેરમાં 15 જગ્યાઓ પર ડિપાર્ટમેન્ટના 60થી 70 અધિકારીઓ આ દરોડામાં જોડાયા છે.



મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીને જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી

# માવાના કારણે સોનાની જેમ સોપારીનું સ્મગલિંગ

## વિદેશમાં 250 રૂપિયે કિલો મળે છે સોપારી, ગુજરાતી વેપારીએ જણાવ્યો દાણચોરીનો રૂટ

અમદાવાદ | તા.18

સોનાના સ્મગલિંગના કિસ્સા તો તમે છાશવારે વાંચતા જ હશો પરંતુ હવે તો ભારતમાં સોપારીનું પણ સ્મગલિંગ થઈ રહ્યું છે. દેશમાં સોપારીની જરૂરિયાતની સામે ઉત્પાદન ઓછું થાય છે. જેના કારણે સોપારીની માંગને પહોંચી વળવા સાઉથ એશિયાના દેશોમાંથી સોપારી ભારતમાં ઘૂસાડાઈ રહી છે. હજુ ગુરુવારે જ કચ્છના મુંદ્રા બંદરેથી દિલ્હી જતાં 3 કન્ટેનરમાંથી અઢી કરોડની કિંમતની 35 ટન ગેરકાયદેસર સોપારી જપ્ત કરાઈ છે. આ કન્ટેનર્સ દુબઈથી મુંદ્રા બંદરે આવ્યા હતા. પ્રોસેસ ઓઈલની આડમાં આ સોપારીનો જથ્થો ગુજરાતમાં ઘૂસાડાયો હતો. આ પહેલાં પણ ગુજરાતના દરિયા કાંઠેથી સોપારીની દાણચોરીના ઘણા કિસ્સા સામે આવ્યા છે. ભારતમાં સોપારીનો મોટાભાગનો હિસ્સો પાન મસાલા અને ગુટખા પાછળ વપરાય છે. ગુજરાતમાં પણ પાન મસાલા ખાવાનું પ્રમાણ વધ્યું છે. જેના કારણે સોપારીની ડિમાન્ડ વધુ રહે છે.પહેલા દુબઈમાંથી ભારતમાં ગેરકાયદે સોપારી ઘુસાડાતી હતી, પરંતુ હવે તો સાઉથ એશિયાના દેશો, જેવા કે મ્યાનમાર, ઈન્ડોનેશિયા, થાઈલેન્ડમાંથી પણ સોપારીને ગેરકાયેદ રીતે ભારતમાં ઘુસાડાય છે. આ માટે ભારતની નોર્થ-ઈસ્ટ સરહદનો ઉપયોગ થાય છે.



### દેશમાં સોપારીની વાર્ષિક ખપત કેટલી છે?

દુનિયામાં સોપારીના સૌથી મોટા વપરાશકર્તા દેશમાંનો એક દેશ ભારત છે. આપણા દેશમાં દર વર્ષે અંદાજે 8 થી 9 લાખ મેટ્રિક ટન સોપારીની માંગ છે. જેમાંથી 50 ટકા સોપારી પાન મસાલા અને ગુટખા ઉદ્યોગમાં વપરાય છે. જ્યારે 30 ટકા સોપારી પરંપરાગત મીઠાઈઓ અને ખાદ્ય પદાર્થોમાં વપરાય છે. જેના કારણે ભારતમાં સોપારીની ખૂબ માંગ રહે છે. દેશમાં સોપારીનું જેટલું ઉત્પાદન થાય છે તે આ માંગ સામે અપૂરતું છે. જેથી અન્ય દેશોમાંથી ભારતમાં સોપારીનું સ્મગલિંગ થઈ રહ્યું છે.